ભારતીય મીડિયાએ ડોનલ્ડ ટ્રમ્પની જીતને આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મિત્રની જીત ગણાવી છે. ટીવી ચેનલો મોદીની ખુશામતખોરી અને પબ્લિસિટી કરવાની કોઈ તક છોડતી નથી તેથી અત્યારે પણ તેમણે તક ઝડપી લીધી છે પણ ડોનલ્ડ ટ્રમ્પની અમેરિકાના પ્રમુખપદે વાપસી ભારત માટે બહુ સારા સમાચાર નથી. તેનું કારણ એ કે, ડોનલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીના મિત્ર હોઈ શકે છે પણ ભારતના મિત્ર નથી.

ભારતમાં મીડિયાનો એક વર્ગ ટ્રમ્પનું આગમન ભારત માટે ફાયદાકારક સાબિત થશે એવું કહી રહ્યો છે. તેમની દલીલ છે કે, ડોનલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ટ્રમ્પ સાથે સારા સંબંધો રહ્યા છે. વડા પ્રધાન મોદી ને ટ્રમ્પ જેટલી પણ વખત મળ્યા છે એટલી વખત ખૂબ ઉત્સાહથી મળ્યા છે અને ટ્રમ્પ અનેક વખત વડા પ્રધાન મોદીના વખાણ પણ કરી ચૂક્યા છે. ટ્રમ્પ મોદીને પોતાના મિત્ર ગણાવતા રહ્યા છે તેથી ટ્રમ્પ ફરી પ્રમુખ બનતાં જ ભારતની આઈટી કંપનીઓ માટે રસ્તા ખૂલવાની સંભાવના છે.

જે લોકો આવી વાતો કરી રહ્યા છે એ લોકો કદાચ ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં શું કરેલું તેની વાતો જાણીજોઈને ગૂપચાવી રહ્યા છે અથવા તો એટલા અજ્ઞાની છે કે તેમને ટ્રમ્પે શું કરેલું એ જ ખબર નથી. ડોનલ્ડ ટ્રમ્પે ૨૦૧૬થી ૨૦૨૦ દરમિયાન પ્રમુખ તરીકેની પહેલી ટર્મમાં ભારતને કનડવામાં કોઈ કસર છોડી નહોતી. ટ્રમ્પે એચવન-બી વિઝા પર કાપ મૂકીને ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે અમેરિકામાં પ્રવેશની તકો ઓછી કરી નાખેલી. આ ઉપરાંત આઈટી પ્રોફેશનલ્સને અપાતા મિનિમમ વેજ એટલે કે લઘુતમ પગારની મર્યાદામાં વધારો કરીને પણ ભારતીય કંપનીઓને ફટકો માર્યો હતો.

ટ્રમ્પે ભારતને સૌથી મોટો ફટકો ભારતને જનરલાઈઝ્ડ પ્રેફરેન્શિયલ સિસ્ટમ (જીપીએસ)માંથી બહાર મૂકીને માર્યો હતો. ભારત જીપીએસમાં હતું ત્યાં સુધી તેના માલ પર અમેરિકામાં કસ્ટમ્સ ડ્યૂટી નહોતી લાગતી પણ જીપીએસમાંથી બહાર કરાયું તેના કારણે ભારતીય ઉત્પાદનો પર કસ્ટમ્સ ડ્યૂટી લાગવા માંડી. ભારતનો માલ મોંઘો થઈ જતાં નિકાસ બંધ થઈ ગયેલી. ટ્રમ્પના પગલાને કારણે ભારતને વરસે ૫૦ અબજ ડૉલરનો ફટકો પડી ગયેલો. ટ્રમ્પે આ બધું કર્યું ત્યારે પણ એ ભારતના મિત્ર હતા જ ને મોદીનાં વખાણ કરતા જ હતા છતાં ટ્રમ્પે ભારત વિરોધી પગલાં ભરેલાં.

ટ્રમ્પ ફરી એ જ રીતે વર્તશે ને ભારતનાં હિતોને ફટકો મારશે જ કેમ કે ટ્રમ્પ નગુણા માણસ છે. નરેન્દ્ર મોદીએ ૨૦૨૦માં ટ્રમ્પ ફરી અમેરિકાના પ્રમુખ બને એ માટે પૂરી તાકાત લગાવી દીધી હતી. મોદીએ ૨૦૨૦ની અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ડોનલ્ડ ટ્રમ્પને ફરી જીતાડવા ખુલ્લેઆમ પ્રચાર કરેલો. ૨૦૧૯માં મોદી અમેરિકા ગયા ત્યારે અમેરિકામાં ચૂંટણી પ્રચાર ચાલતો હતો. એ વખતે હ્યુસ્ટનમાં ભારતીય અમેરિકનોએ મોદીના અભિવાદન માટે યોજેલા ‘હાઉડી મોદી’ કાર્યક્રમમાં ડોનલ્ડ ટ્રમ્પ હાજર રહ્યા હતા. ડોનલ્ડ ટ્રમ્પની ચૂંટણી સભા જેવા કાર્યક્રમમાં ટ્રમ્પે મોદીને માંડ દસેક મિનિટ બોલવા દીધા હતા અને પોતાનો ચૂંટણી પ્રચાર કરતા હોય એ રીતે ભાષણબાજી કરીને ભરપૂર પ્રચાર કર્યો હતો. મોદીએ પણ ટ્રમ્પને મત આપવા અપીલ કરી હતી. એનઆરજી સ્ટેડિયમમાં ૫૦ હજાર ઈન્ડિયન-અમેરિકનની હાજરીમાં ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ થયેલા કાર્યક્રમમાં ડોનલ્ડ ટ્રમ્પે મોદીને પોતાના મિત્ર ગણાવ્યા હતા. મોદીએ ટ્રમ્પને જીતાડવાની અપીલ કરતાં ‘અબ કી બાર, ટ્રમ્પ સરકાર’ના નારા લગાવ્યા હતા.

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને એક વર્ષની વાર હતી પણ ટ્રમ્પે ચૂંટણી પ્રચારના શ્રીગણેશ આ રેલીથી કર્યા હતા. આ કાર્યક્રમના ચાર મહિના પછી ૨૪ ફેબ્રુઆરીના રોજ અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં ‘નમસ્તે ટ્રમ્પ’ કાર્યક્રમ કરીને ફરી ટ્રમ્પનો પ્રચાર કર્યો હતો. મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમમાં લગભગ સવા લાખ લોકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં પણ મોદીએ ‘અબ કી બાર, ટ્રમ્પ સરકાર’ના નારા લગાવીને ખુલ્લેઆમ ટ્રમ્પનો પ્રચાર કર્યો હતો.

અમેરિકાની ચૂંટણીમાં ૫૦ લાખ ભારતીયો ટ્રમ્પને મત આપે એ માટે આ બંને કાર્યક્રમો યોજાયેલા. મોદીએ ટીકાઓનો સામનો કરીને ટ્રમ્પને જીતાડવા મહેનત કરેલી પણ સાવ નગુણા ટ્રમ્પે ૨૦૨૪માં ફરી ભારત વિરોધી વલણ અપનાવ્યું હતું. ભારતની નિકાસને મોટો ફટકો મારનારા ટ્રમ્પે પ્રમુખપદની ચૂંટણીના પ્રચાર દરમિયાન પણ ભારત સામે ઝેર ઓકવામાં કોઈ કસર નહોતી છોડી. પોતે ફરી સત્તામાં આવશે તો ભારતને સીધું કરી નાખશે એવી ધમકી આપીને ટ્રમ્પે સાબિત કરેલું કે, તેમના માટે દોસ્તી કે બીજું બધું મહત્ત્વનું નથી પણ રાજકીય સ્વાર્થ જ મહત્ત્વનો છે.

ટ્રમ્પ અમેરિકા ફસ્ટની નીતિમાં માને છે તેથી અમેરિકાની નોકરીઓ પર અને સંશાધનો પર અમેરિકનોનો પહેલો અધિકાર છે એવું માને છે. ટ્રમ્પ અમેરિકાને ફરી દુનિયામાં સૌથી મોટી તાકાત બનાવવાનાં સપનાં જુએ છે. અમેરિકાના મનમાની કરવાના દિવસો પાછા આવે એવી ટ્રમ્પની મહત્ત્વાકાંક્ષા છે. ભારત આ મહત્ત્વાકાંક્ષા આડે મોટો અવરોધ છે કેમ કે ભારત હવે પોતે મહાસત્તા બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ સંજોગોમાં ભારત અને અમેરિકાનાં હિતોનો ટકરાવ થશે એ નક્કી છે ને ટ્રમ્પની માનસિકતા પોતાને માફક ના આવે એવું કશું સહન કરવાની નથી. ટ્રમ્પની માનસિકતા જોતાં ભારતે ટ્રમ્પ પાસેથી બહુ આશા રાખવા જેવી નથી. ટ્રમ્પ ભારતને ફાયદો કરાવે એવું કશું ન કરે પણ ભારતને નુકસાન થાય એવું કંઈ ના કરે તો પણ બહુ છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(સૌર હેમંતતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૭-૧૧-૨૦૨૪

- ભારતીય દિનાંક ૧૬, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૧૧-૪૬ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં સાંજે ક. ૧૭-૫૩ સુધી, પછી મકરમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૪૨ અમદાવાદ ક. ૦૬ મિ. ૪૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.,
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૪-૫૨, મધ્યરાત્રિ પછી. ક. ૦૩-૫૭ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૫, રાત્રે ક. ૨૦-૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, કાર્તિક શુક્લ - ષષ્ઠી. સૂર્ય છઠ્ઠ, છઠ્ઠ પૂજા, જૈન અઠ્ઠાઈ પ્રારંભ
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન.ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુલેવડદેવડ, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ફણસનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશ ગમનનું પસ્તાનું ચંદ્રબળ જોઈને. મુંડન કરાવવું નહીં, અન્નપ્રાશન, નામકરણ દેવદર્શન, મિત્રતા કરવી, નવાં વસ્રો, આભૂષણ, દસ્તાવેજ, દુકાન, નોકરી, વેપાર, બી વાવવું, ધાન્ય ભરવું, ચંદ્રબળ જોઈને સીમંત સંસ્કાર, પ્રાણી પાળવા. નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ કર્મઠ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ સતત પ્રવૃતિમય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# નમાઝઃ દુન્યવી ફાયદાઓનો એકરાર કરતા તબીબો

**દુનિયાની** કસરતોમાં દરેક ઉંમરના માટે અલગ-અલગ કસરતોની વ્યવસ્થા છે. મોટાઓ માટે અલગ, નાનાઓ માટે અલગ તે ત્યાં સુધી કે સ્ત્રીઓ અને પુરુષો માટે કસરતના પ્રકારો જુદા-જુદા છે.

-પરંતુ ઈબાદત (ઈશ્વરની સ્તુતિ-પ્રાર્થના)ના રૂપમાં ‘નમાઝ’ એક એવી ‘કસરત’ છે, જે દરેક ઉંમરના મર્દ અને ઔરત માટે એક જ તરીકા-પદ્ધતિથી સમાન છે.

નમાઝના દીની-રૂહાની ફાયદાઓ ઉપરાંત દુન્યવી લાભો સ્પષ્ટ કરતા જનાબ એ.આર. કમર પોતાના યુરોપના સફરનામામાં લખે છે કે, હું નમાઝ પઢી રહ્યો હતો અને એક અંગ્રેજ મને ઊભો રહીને થોડીવાર જોઈ રહ્યો, જ્યારે હું નમાઝથી ફારિગ થયો તો મને કહેવા લાગ્યો કે,

* ‘આ કસરતનો તરીકો (પદ્ધતિ-રીત) મારા પુસ્તકમાંથી શીખ્યા છો? કેમ કે મેં પણ આજ તરીકાથી કસરત કરવાની રીત બતાવી છે,

* ‘જે વ્યક્તિ આ પ્રમાણે કસરત કરશે તે મોટી પેચીદા-અટપટી અને ભયંકર બીમારીઓથી બચી જશે.’

- પછી તે જાણકારે ખુલાસો કર્યો કે,

* ‘અગર ઊભેલો માણસ તરત જ સજદા (નમન)ની કસરતમાં ચાલ્યો જાય તો તેનાથી દિલ (હૃદય) પર અને નસો પર બૂરી-ખરાબ અસર થાય છે, એટલા માટે તે વાત ખાસ તૌર-તરીકા-પદ્ધતિથી પર જણાવાઈ છે કે પહેલા ઊભા થઈને કસરત કરવામાં આવે, યાને કયામ (ટટ્ટાર-સીધા), પછી ઝુકીને-નમીને હાથ અને કમરની કસરત કરવામાં આવે (યાને રૂકુઅ) અને પછી સર (માથા)ને જમીન પર લગાવીને કસરત કરવામાં આવે (યાને સજદો-નમન). આ કસરત ફક્ત જાણકાર જ કરાવી શકે.’

- જ્યારે તેણે આ વાત કહી ત્યારે મેં તે અંગ્રેજને કહ્યું કે, હું એક મુસલમાન છું અને ઈસ્લામ ધર્મે મને આ પ્રમાણે પ્રેયર (ઈબાદત) કરવાનું એજ્યુકેશન-તાલીમ આપી છે. મેં આપની બુક (કિતાબ) વાંચી નથી. આ પ્રમાણે દિવસમાં કમસેકમ-ઓછામાં ઓછું પાંચ વાર હું કરું છું અને દુનિયામાં રહેતા મુસલમાનો-જેને આપ ‘કસરત’ કહો છો તે ઈબાદતના રૂપમાં કરે છે...!’

- મારી આ હકીકત-વાસ્તવિકતા સાંભળતાં જ તે અંગ્રેજ જાણકાર દંગ-આશ્ચર્યચકિત રહી ગયા અને દીને ઈસ્લામ વિષેની વધુ જાણકારી મેળવવા ઉત્સુક બની ગયા.

**સનાતન સત્યઃ**

એક ડૉક્ટર યુરોપમાં ફિઝિયોથેરાપી (અંગ કસરત નિષ્ણાત)માં ઉચ્ચ ડિગ્રી મેળવવા ગયા. ત્યાં તેમને બિલકુલ નમાઝ જેવી જ કસરત શીખવવામાં આવી તો તેઓ આ કસરતને જોઈને દંગ રહી ગયા!

* ‘મેં તો આજ સુધી નમાઝને દીની અરકાન (ધાર્મિક ફરજ રૂપ ઈબાદત) સમજીને પઢી હતી-અદા કરી હતી, પરંતુ અહીં તો ખૂબ જ આશ્ચર્યજનક વાત જાહેર થઈ કે આ પ્રમાણેની કસરતને કારણે તો મોટી-મોટી બીમારીઓ દૂર થઈ જાય છે. શરીર અને મન તાઝગી અનુભવે છે.

શિક્ષક ડૉક્ટર સાહેબે તે ફિઝિયોથેરાપીમાં ડિગ્રી મેળવવા આવેલા એ ડૉક્ટરને તેનું એક લિસ્ટ આપ્યું જે બીમારીઓ આ અંગ-કસરતથી સારી થઈ શકે છેઃ

૧- માનસિક બીમારીઓ,
૨- જ્ઞાનતંતુઓની બીમારી,
૩- મગજના રોગો,
૪- બેચેની-ગભરામણના રોગો,
૫- હૃદયના રોગો,
૬- સાંધાની બીમારી,
૭- મૂત્રપિંડના રોગો,
૮- અલ્સર તથા પેટના રોગો,
૯- ડાયાબિટીસ,
૧૦- આંખ, કાન, ગળાના રોગ.

નમાઝના જરૂરી ક્રમ પણ છે અને જો નમાઝમાં આ નિયમો-ક્રમોને છોડી દેવામાં આવે-તેને યોગ્ય રીતે-પદ્ધતિસર બજાવવામાં ન આવે તો, શારીરિક-માનસિક તંદુરસ્તીના ફાયદાઓથી વંચિત રહેવાય છે. નિરાશા થાય છે.

* નમાઝમાં કસરતના અંદાજ ખાસ પ્રકારના છે, જેની પાબંદી જરૂરી છે, અગર પહેલે કયામ-(સીધું ઊભું રહેવું) ન કરવામાં આવે, અને સજદો (નમન-ઝૂકવું) કરવામાં આવે તો, તો જે મકસદ (હેતુ) માણસની તંદુરસ્તી માટે જરૂરી છે, તે મકસદ બિલ્કુલ પ્રાપ્ત નહીં થાય, બલ્કે એવી હાલત-સ્થિતિમાં વધારે રોગો થવાનો ખતરો-ભય-ગુંજાઈશ રહેવા પામે છે.

* હાથને કાન સુધી ઉઠાવવા નમાઝની સુન્નત (કાર્ય પ્રણાલિ-પદ્ધતિ અનુસાર) અને જરૂરિયાતમાં શામિલ છે, જ્યારે હાથને કાન સુધી ઉઠાવે છે તો ગરદનની માંસપેશીઓ અને સાથળની માંસપેશીઓની કસરત થાય છે. દિલ (હાર્ટ)ના દર્દીઓ માટે આવી કસરત બહુ જ ફાયદામંદ-લાભકર્તા છે. જો કે નમાઝ અદા કરતી વખતે-પઢતી વખતે આ ક્રિયા આપમેળે જ થઈ જાય છે, આ કસરત લકવા-પેરેલીસીસના જોખમથી સલામત રાખે છે.

* મઝહબે ઈસ્લામે દરેક સારાં અમલ (કામો)ને કરવામાં જમણા હાથનો ઉપયોગ કરવાની તાકીદ કરી છે, અને જમણા હાથમાં બરકત (સૌભાગ્ય) છે, જો કે ઈન્સાનનાં અંગોના જમણા-ડાબાની કેફિયતો (પરિસ્થિતિઓ) અલગ-અલગ છે. ખાસ કરીને જમણા હાથથી જે નરી આંખે પણ જોઈ ન શકાય તેવાં કિરણો નીકળે છે તે નેગેટિવ (નકારાત્મક) હોય છે. નેગેટિવ-પોઝેટિવ (હકારાત્મક) બંનેથી પાવર-શક્તિ સંપૂર્ણ બને છે.

* જમણા હાથના જમા થયેલાં કિરણો ડાબા હાથમાં બદલાયા અને તાકત, કુવ્વત-કૌશલ્ય અને ચૂસ્તી-સ્ફૂર્તિનું કારણ બને છે, જેનાં કારણોથી ઈન્સાન જિંદગીનાં કામોમાં બરાબર રહે છે અને પરેશાન થતો નથી, અને એકંદરે કામિયાબ નિવડે છે.

**નોંધઃ**

* નમાઝ પઢવાથી થતાં દુન્યવી ફાયદાઓ (લાભ)નો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

* જો કે નમાઝ પઢવાથી આ ઉપરાંત બીજા દુન્યવી ફાયદાઓ પણ મળતા હશે, જેની માહિતી આપણી પાસે નથી.

* દુન્યવી ફાયદાઓ તો વધારાના છે, મૂળ તો દીનરૂહાની અર્થાત્ ધાર્મિક-આત્માની શુદ્ધિના લાભો મેળવવા માટે નમાઝ વાજિબ (ફરજરૂપ) કરવામાં આવી છે.

* ઈસ્લામ ધર્મની તાલીમ-ફરમાન અનુસાર

* નમાઝ ઈન્સાનને ખોટા કામ કરવાથી સાવધ કરે છે અને ગુનાહોથી બચાવે છે, અલ્લાહથી નજદીક કરે છે વગેર વગેરે અગણિત ફાયદાઓ મળે છે. પણ

* નમાઝીએ તો આ બધા ફાયદાઓ મેળવવા માટે કે નિય્યતથી નમાઝ પઢવાની હોતી નથી,

* નમાઝીએ નમાઝ પઢતી વખતે માત્ર અલ્લાહની કુરબત (નીકટતા; સમીપતા)ની નિય્યત એટલે કે ‘કુરબતના એલલ્લાહ’ નમાઝ પઢવાની છે. આ સિવાય બીજા કોઈ લાભ કે સ્વાર્થને નજર સામે રાખીને નમાઝ અદા કરવામાં આવશે-પઢવામાં આવશે તો તે નમાઝ નહીં લેખાય, માત્ર સ્વાર્થ લેખાશે.

* ન જન્નત (સ્વર્ગ)ની લાલચમાં કે ન જહન્નમ (દોઝખ)ના ડરથી નમાઝ પઢવી જોઈએ.

* નમાઝ કે ઈબાદત તો માત્ર અલ્લાહની ખુશ્નુદી માટે જ કરવાની છે. ડર કે લાલચમાં નથી કરવાની.

પ્રસ્તુત લેખમાં જે પુસ્તક અને તેના લેખકનો ઉલ્લેખ કર્યો છે તથા ફિઝિયોથેરાપી નિષ્ણાત ડૉક્ટરનો પ્રસંગ ટાંક્યો છે તે પુરવાર કરે છે, કે નમાઝથી દીની-રૂહાની લાભો ઉપરાંત દુન્યવી ફાયદાઓ પણ મળે છે.

* * *

**સાપ્તાહિત સંદેશઃ**

* અય માનવ! તું તારી રોજી માટે ફીકર ચિંતા કરતો નહીં કારણ કે તારી રોજી અલ્લાહ તરફની સર્જાયેલી છે અને તારા નસીબ-ભાગ્યની રોજીરોટી પર તારું નામ છે એ તને શોધી તારી પાસે આવનાર છે; તું તારું કર્તવ્ય નિભાવ.

* ખરેખર અલ્લાહ સર્વે રમતો રમનાર છે.

* અય ઈન્સાન! અલ્લાહની રમતોનો પાર કોઈ પણ આજ દિન સુધી કલ્પી શક્યો નથી; ખુદ ફરિસ્તાઓ પણ અલ્લાહની રમતો પામી શક્યા નથી.

* સાચ્ચે જ અલ્લાહનો ભેદ અલ્લાહ જ જાણનાર છે.

* નિઃસંદેહ અલ્લાહ પાક-પવિત્ર દિલને ચાહનાર છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પ ફરી

સંબોધતાં કહ્યું હતું કે મેં અભૂતપૂર્વ અને શક્તિશાળી જનાદેશ મેળવ્યો છે.

ટ્રમ્પ બિઝનેસમેન, રીયલ એસ્ટેટના માંધાતા અને રિયાલિટી ટીવી સ્ટારમાંથી પ્રમુખ બન્યા છે. ૭૮ વર્ષના ટ્રમ્પના ૨૦૨૪ના પ્રચાર દરમિયાન તેમની હત્યા કરવાના બે પ્રયાસો થયા હતા. અમેરિકન મતદાતાઓએ તેમને બીજી વાર પ્રમુખ તીરકે સત્તા આપી છે. આને લીધે વાઈટ હાઉસમાં પ્રથમ મહિલા પ્રમુખ બનાવાનું કમાલ હેરિસનું સ્વપ્ન ચકનાચુર થયું હતું. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બનનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા છે. ૨૦૨૦માં પ્રમુખપદની રેસ હારી ગયાથી રિપબ્લિકનના પ્રમુખપદના ઉમેદવાર બન્યા એ સમય દરમિયાન અમરિકાની ન્યુસ સાઈકલ અને દેશના માનસ પર તેમણે પ્રભુત્વ જમાવ્યું હતું.

ટ્રમ્પ સામે અનેક ફોજદારી કેસ હતા અને તેમને દોષી પણ ઠરાવવામાં આવ્યા હતા. ગ્રાન્ડ જ્યુરીએ ખોટા બિઝનેસ રેકોર્ડના ૩૪ ગુના માટે તેમને દોષી ઠરાવ્યા હતા. બાઈડેન અને હેરિસે એવો પ્રચાર કર્યો હતો કે કોઈ પણ કાયદાથી ઉપર નથી, જ્યારે ટ્રમ્પે આ ચુકાદાને ‘ઘાલમેલવાળી રાજકીય પદ્ધતિ’ ગણાવી હતી. ■

### રસ્તો પહોળો કરવા

મિશ્રાની ખંડપીઠે યુપીના મુખ્ય સચિવને મહારાજગંજ જિલ્લામાં ગેરકાયદેસર મકાન તોડી પાડવાના કેસની તપાસ કરવા જણાવ્યું હતું. રોડ પહોળો કરવાના પ્રોજેક્ટ માટે ૨૦૧૯માં મકાન તોડી પાડવા સંબંધિત કેસની સુનાવણી કરતી ખંડપીઠે ટિપ્પણી કરી હતી કે તમે બુલડોઝર લઇને રાતોરાત મકાન તોડી ન શકો. ■

### ટ્રમ્પ વિજયના

ખર્ચમાં વધારો થવાની અપેક્ષા વચ્ચે ઇક્વિટી માર્કેટમાં તેજી જોવા મળી હતી. અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પને વિજય મળવાની સંભાવના વધવા સાથે સ્થાનિક શેરબજારમાં લેવાલી પણ વધતી ગઇ અને એક તબક્કે સેન્સેક્સમાં ૧૧૦૦ પોઇન્ટ સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો અને ત્યારે રોકાણકારોની સંપત્તિમાં આઠેક લાખ કરોડનો વધારો થયો હતો. આ ટમ્પ વિજયનો ઉન્માદ કેટલો ટકશે એ તો સમય જ જણાવશે પરંતુ, પાછલા સોમવારે ઇન્ટ્રા-ડે લગભગ ૧૫૦૦ પોઇન્ટના કડાકાને કારણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો હતો, ત્યારબાદ હાલ બજારમાં તેજીનો આશાવાદ ફરી જાગ્યો છે.

અમેરિકામાં ટ્રમ્પના સત્તાધીશ થવાને કારણે ભારતીય શેરબજાર પર થનારી અસરો આમ તો વિરોધાભાસી છે, જેમ કે ઓઇલ રિફાઇનરી કંપનીઓને લાભ તો ફાર્મા અને આઇટી કંપનીઓને માટે પડકારો ઊભા થવાની ધારણા છે. કદાચ આ જ કારણસર ભારતીય ટેક જાયન્ટ કંપનીઓના શેરના ભાવમાં વધઘટ થતી જોવા મળી હતી. તેજીનું માનસ હોવા છતાં બજારમાં અનિશ્ચિતતા અને મૂંઝવણનો માહોલ છે. બજારના નિષ્ણાતોએ માને છે કે, અમેરિકાની ચૂંટણી સંબંધિત કોલાહલ અને આશાવાદનો માહોલ માત્ર થોડા દિવસો સુધી જ ચાલશે અને ત્યારપછી બજારના વલણની દિશા આર્થિક ફંડામેન્ટલ્સ નક્કી કરશે. ■

### ઈરાનનાં ચલણ

આપ્યો હતો જે આજે પણ ચાલુ છે. આ ખબર ત્યારે આવી છે જ્યારે ઈરાનની અર્થવ્યવસ્થા તેના ઝડપથી આગળ વધતા પરમાણુ કાર્યક્રમને લઈને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો હેઠળ વર્ષોથી સંઘર્ષ કરી રહી છે, જે હવે નજીકના હથિયાર-ગ્રેડ સ્તરે યુરેનિયમને સમૃદ્ધ બનાવે છે. ■

### અમેરિકામાં

પત્ની ઉષા વાન્સ પણ પોડિયમ પર હાજર હતાં. ટ્રમ્પે આખી પ્રક્રિયા દરમિયાન તેમના સાથી જેડી અને ઉષા બંનેની પ્રશંસા કરી હતી. ૬૦ વર્ષીય હેરિસે આ રિપોર્ટ ફાઇલ કરતી વખતે હાર સ્વીકારી ન હતી. એક વરિષ્ઠ ઝુંબેશ અધિકારીએ હોવર્ડ યુનિવર્સિટીમાં સમર્થકોને જણાવ્યું હતું કે તેણી બુધવારે પછીથી વાત કરશે. હેરિસ ઝુંબેશના સહ-અધ્યક્ષ સેડ્રિક રિચમોન્ડે જણાવ્યું હતું કે, વાઇસ પ્રેસિડેન્ટ પાસેથી તમે આજે રાત્રે નહીં પણ આવતીકાલે સાંભળશો. ટ્રમ્પે પોતાના ભાષણમાં ગેરકાયદેસર ઈમિગ્રેશન રોકવાની પણ વાત કરી હતી.

‘‘અમેરિકાએ અમને અભૂતપૂર્વ અને શક્તિશાળી આદેશ આપ્યો છે. અમે સેનેટનું નિયંત્રણ પાછું લઈ લીધું છે,’’ તેમણે કહ્યું, સંભવતઃ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન બહુમતી જાળવી રાખશે. તેમના સંક્ષિપ્ત ભાષણમાં, વાન્સે ટ્રમ્પની જીતને સૌથી મહાન રાજકીય પુનરાગમન તરીકે વર્ણવ્યું હતું. તેમણે કહ્યું કે ‘‘અમેરિકન ઇતિહાસમાં સૌથી મહાન રાજકીય પુનરાગમન પછી, અમે ડોનલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકન ઇતિહાસમાં સૌથી મહાન આર્થિક પુનરાગમનનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છીએ. ■

### જમ્મુ કાશ્મીર માટે

સંસ્કૃતિ અને અધિકારોનું રક્ષણ કર્યું અને તેમના એકપક્ષીય હટાવવા અંગે ચિંતા વ્યક્ત કરે છે. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે આ વિધાનસભા એ વાત પર ભાર મુકે છે કે વિશેષ રાજ્યનો દરજ્જો ફરીથી લાગુ કરવાની કોઈપણ પ્રક્રિયા રાષ્ટ્રીય એકતા અને જમ્મુ અને કાશ્મીરના લોકોની કાયદેસરની આકાંક્ષાઓને ધ્યાનમાં રાખવી જોઈએ. વિપક્ષના નેતા સુનિલ શર્મા સહિત ભાજપના સભ્યોએ પ્રસ્તાવનો વિરોધ કરતા કહ્યું કે આ સૂચિબદ્ધ કાર્યનો ભાગ નથી. તેમણે કહ્યું હતું કે ‘‘અમે દરખાસ્તને નકારી કાઢીએ છીએ. ■

### ડૉલર મજબૂત

ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરવામાં આવશે તેમ જ આગામી વર્ષ ૨૦૨૫માં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી જાહેરાત કરવામાં આવે તેવા આશાવાદે આજે ડૉલરમાં મજબૂત વલણ રહ્યું હતું. આમ ડૉલરની મજબૂતી સાથે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૨૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૮૪.૧૫થી ૮૪.૩૧ની રેન્જમાં અથડાઈને અંતે બાવીસ પૈસાના ઘટાડા સાથે ૮૪.૩૧ના મથાળે બંધ રહ્યો હતો.

હાલમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતા ડૉલર સામે રૂપિયો ૮૪.૧૦થી ૮૪.૪૦ની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યકત કરી હતી. જોકે, ગત ઑક્ટોબર મહિનાનો સર્વિસીસ પીએમઆઈ આંક જે સપ્ટેમ્બર મહિનામાં ૧૦ મહિનાની નીચી ૫૭.૭ની સપાટીએ પહોંચ્યો હતો તે વધીને ૫૮.૫ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલે પણ રૂપિયાને ટેકો પૂરો પાડ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪૩ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૦૧.૫૦ પૉઈન્ટનો અને ૨૭૦.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવા છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૫૬૯.૪૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ તથા ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૧.૩૪ ટકા વધીને ૧૦૪.૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો વધુ ગબડ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

### તેજસ્વી વિદ્યાર્થીઓને

અને પ્રાઇવેટ તમામ ટોચની ક્યૂએચઆઇઆઇ પર લાગુ થશે. જે સમગ્ર કેટેગરી-વિશિષ્ટ અને વિષય-વિશિષ્ટ રેન્કિંગમાં એનઆઇઆરએફમાં ટોચના ૧૦૦માં સ્થાન ધરાવે છે. તેમાં એનઆઇઆરએફમાં ૧૦૧-૨૦૦ રેન્કમાં આવનારી રાજ્ય સરકારની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત તમામ સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ યાદી દર વર્ષે નવીનતમ એનઆઇઆરએફ રેન્કિંગનો ઉપયોગ કરીને અપડેટ કરવામાં આવશે અને જો તેઓ ઈચ્છે તો ૮૬૦ પાત્ર ક્યૂએચઇઆઇ સાથે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે જેથી તેઓ ઇચ્છે તો પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાનો લાભ ઉઠાવી શકશે. ■

# રાજ્યમાં મુંબઈમાં સૌથી વધુ ગરમી

## ૩૬.૩ ડિગ્રી સાથે સૌથી ગરમ તો મહાબળેશ્વર ૧૫.૬ ડિગ્રી સાથે ઠંડુગાર

મુંબઈઃ રાજ્યના અનેક જિલ્લામાં એક તરફ શિયાળાનું આગમન થઈ ગયું છે અને તાપમાનનો પારો નીચે ઉતરી રહ્યો છે ત્યારે તેનાથી વિપરીત મુંબઈમાં નવેમ્બર મહિનામાં ઓક્ટોબર હીટ જેવી કાળઝાળ ગરમી પડી રહી છે. મુંબઈ ફરી એક વખત બુધવારે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. દિવસ દરમિયાન તાપમાનનો પારો ૩૬.૩ ડિગ્રી જેટલો નોંધાયો હતો. તો હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં શિયાળાની ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાતના પારો ૧૫.૬ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો.

છેલ્લા થોડા દિવસોથી મુંબઈમાં તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે અને રાજ્યમાં સૌથી વધુ ગરમ શહેર ધીમે ધીમે બની રહ્યું છે. આ અગાઉ ત્રણ નવેમ્બરના મુંબઈમાં સાંતાક્રુઝમાં ૩૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે મોસમનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. એ બાદ બુધવાર છ નવેમ્બર,૨૦૨૪ના મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમત તાપમાન ૩૬.૩ ડિગ્રી જેટલું ઊંચું નોંધાવાની સાથે જ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

બુધવારે સાંતાક્રુઝમાં લઘુતમ તામાપન ૨૨.૩ ડિગ્રી નોંધાયું હતું. તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ બાવન ટકા નોંધાયું હતું. જ્યારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૮ ડિગ્રી તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૮ ટકા નોંધાયું હતું. મુંબઈમાં નવેમ્બરનો અત્યાર સુધીનો ઓલટાઈમ હાઈએસ્ટ તાપમાન ૩૭.૬ ડિગ્રી તાપમાન ચાર નવેમ્બર ૨૦૧૮માં નોંધાયું હતું.

## મુંબઈની હવાની ગુણવત્તા ફરી બગડી

મુંબઈમાં દિવાળી બાદવાતાવરણમાં પ્રદૂષણનું સ્તર વધ્યું છે. હવાની ગુણવત્તા સતત કથળી રહી છે. બુધવારે મુંબઈમાં સાંજના સાડા સાત વાગ્યાની આસપાસ સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૨૪ નોંધાયો હતો. જોકે સવારના સમયમાં મુંબઈના અનેક વિસ્તારમાં હવાની ગુણવત્તા અત્યંત નબળી રહી હતી. સવારના શિવડીમાં એક્યુઆઈ ૨૨૬, વરલીમાં ૨૨૫ એક્યુઆઈ, બીકેસીમાં એક્યુઆઈ ૨૨૫ અને બાન્દ્રા ખેરવાડીમાં ૨૦૫ એક્યુઆઈ નોંધાયો હતો. ■

## શ્રી નાનબાઈ સતીમા મિત્ર મંડળ ટ્રસ્ટ - બારા



### જનરલ મિટીંગ



સર્વે ગામવાસીઓને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન. **આપણા મંડળની જનરલ મિટીંગ રવિવાર, તા. ૧૦.૧૧.૨૦૨૪ના બપોરે ૩.૦૦ કલાકે** ગોપુરમ એ.સી. હોલ, પુરસોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ મધ્યે રાખવામાં આવેલ છે. જેમાં મુંબઈ-જામનગર-વાપી-વલસાડ તથા કચ્છના સર્વે ભાઈઓને હાજરી આપવા વિનંતી. મિટીંગની કાર્યવાહી સમયસર શરૂ થશે.

**એજેન્ડા :** ❑ ગત મિનિટ્સનું વાંચન ❑ હિસાબ કિતાબ ❑ શ્રી નાનબાઈ સતીમા મંદિરનું નવનિર્માણ તેમજ ગૌશાળા સંકુલમાં જરૂરી રીપેરીંગ - રીનોવેશન બાબત ❑ આગામી તા. ૨.૨.૨૦૨૫ના નવનિર્મિત મંદિરમાં અદભૂત અને અદ્વિતિય વસંતપંચમી મહોત્સવનનાં આયોજનબાબત ❑ અન્ય રજુઆત પ્રમુખશ્રી દ્વારા **(વિચારું સૌ સાથે કરીશું) લી. મંત્રીઓ**

Parth Media

# ઘરમાં જ ઘૂંટણની ‘સર્જરી’ કરવાને નામે લાખો પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરીના ઓશિવરા ખાતે ઘરમાં આવીને વૃદ્ધાના બન્ને ઘૂંટણની ‘સર્જરી’ કરી ૭.૨૦ લાખ રૂપિયા કથિત રીતે પડાવનારા બોગસ ડૉક્ટર અને તેના સાથી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. અંધેરી લિંક રોડ પરિસરમાં રહેતી ૬૧ વર્ષની વૃદ્ધાની માતા સાથે કથિત છેતરપિંડી કરવા બદલ ઓશિવરા પોલીસે મંગળવારે ડૉ. ઝફર મર્ચન્ટ અને વિનોદ ગોયલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. નવેમ્બર, ૨૦૨૧માં વૃદ્ધા સાથે કથિત છેતરપિંડી થઈ હતી. દાંતને લગતી સારવાર માટે ડૉક્ટર પાસે જઈ રહેલી વૃદ્ધાની ઓળખાણ વિનોદ ગોયલ સાથે થઈ હતી. પોતાની માતાને પણ ઘૂંટણની તકલીફ હતી અને ડૉ. મર્ચન્ટે ઘરે આવીને ઇલાજ કર્યા પછી તેની સમસ્યા દૂર થઈ હોવાનો દાવો વિનોદે કર્યો હતો. તે સમયે વિનોદે ડૉ. મર્ચન્ટનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો. વિનોદે આપેલા નંબર પર વૃદ્ધાએ કૉલ કરતાં ડૉ. ઝફર મર્ચન્ટે ઘરે આવીને ઇલાજ કરી આપવાની ખાતરી આપી હતી. પછી બીજી નવેમ્બર, ૨૦૨૧ના રોજ ડૉક્ટર વૃદ્ધાને ઘરે આવ્યો હતો. વૃદ્ધાનાં બન્ને ઘૂંટણમાંથી આરોપીએ લોહી કાઢ્યું હતું. લોહીનું સૅમ્પલ એક કાગળ પર લગાવી તેના પર હળદરનો પાઉડર છાંટ્યો હતો. આ રીતે સર્જરી થઈ ગઈ હોવાનો દાવો કરી ડૉ. મર્ચન્ટે વૃદ્ધા પાસેથી ૭.૨૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. જોકે બાદમાં વૃદ્ધાની તકલીફ દૂર થવાને બદલે વધી ગઈ હતી. પરિણામે ફરિયાદી પુત્રીએ મર્ચન્ટને કૉલ કર્યો હતો. મર્ચન્ટનો મોબાઈલ બાદમાં સ્વિચ ઑફ્ફ આવતો હતો. બીજી બાજુ, વિનોદ ગોયલનો મોબાઈલ પણ સ્વિચ ઑફ્ફ હતો. તાજેતરમાં એક અહેવાલમાં ડૉ. ઝફર મર્ચન્ટ દ્વારા છેતરપિંડી અંગે વાંચ્યા પછી ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# કાંદિવલી ફરી અતુલ ભાતખળકરને વધાવવા સજ્જ



મુંબઈઃ કાંદિવલી (પૂર્વ)ના ભાજપ, શિવસેના, આરપીઆઈ મહાયુતિના ઉમેદવાર અતુલ ભાતખળકરની પ્રચારયાત્રા જોરદાર શરૂ થઈ ગઈ છે. ત્યાં રથયાત્રાને ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે. ગઈ કાલે સાંજે વોર્ડ ક્ર. ૪૪માં રથયાત્રા કાઢવામાં આવી હતી. આ વખતે ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા અધ્યક્ષ અપ્પા બેલવલકર, વિધાનસભા પ્રભારી સુધીર શિંદે, મુંબઈના સચિવ જ્ઞાનમૂર્તિ શર્મા, માજી નગરસેવક અને વિધાનસભા સમન્વયક એકનાથ શંકર હુંડારે, માજી નગરસેવક સંગીતા શર્મા, દક્ષા પાટીલ, મહાયુતિના પદાધિકારી અને સેંકડો કાર્યકરો હાજર રહ્યા હતા. ગલી-ગલીએ રસ્તાઓમાં ફરનારી આ રથયાત્રાને નાના બાળકોથી લઈને મોટેરાઓ સુધી બધા જ હાજર રહ્યા હતા. રથયાત્રામાં સામેલ નાગરિકોએ રથયાત્રાને રંગોળી, કંદીલ અને દીવાઓ દ્વારા સજાવટ કરી હતી. અતુલ ભાતખળકરને જીતાડવા મહાયુતિના કાર્યકર્તાઓ પ્રચાર કરવા માટે ઘરે-ઘરે જઈ રહ્યા છે. નાગરિકોને જોતા તે મતોના મોટા માર્જીનથી વિજયી થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ■

# કર્મચારીઓ મતદાન કરી શકે એ માટે ૨૦ નવેમ્બરે રજા

(અમારા પ્રતિનિધિ તરફથી)




અપીલઃ વિધાનસભાની ચૂંટણીમાં મતદારોને મતદાન કરવાની અરજ કરતા બેનર સાથેનું વાહન શહેરમાં ફરી રહ્યું છે. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ રાજ્ય સહિત મુંબઈની તમામ ૩૬ વિધાનસભાની બેઠકો પર ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. મુંબઈમાં આવેલા તમામ વ્યવસાય, વેપાર, ઉદ્યોગસમૂહ, કૉર્પોરેશન, ઔદ્યોગિક એકમો તથા અન્ય એસ્ટાબ્લિશમેન્ટમાં કામ કરનારા કામગાર, કર્મચારી તથા અધિકારીઓ ચૂંટણીમાં મતદાન કરી શકે તે માટે બુધવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રજા આપવાનું સંબંધિતોને ફરજિયાત રહેશે. આ નિયમનું પાલન નહીં કરનારા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે એવો નિર્દેશ ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસર તથા મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણી બુધવારે આપ્યો હતો.

બુધવારે એક સર્ક્યુલર બહાર પાડીને સંબંધિતોને નિર્દેશ આપવામાં આવ્યો હતો કે જો મતદાન કરવાથી કોઈ વંચિત રહી ગયું હોવાનું ધ્યાનમાં આવ્યું તો સંબંધિત વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. તેથી જો આખા દિવસની રજા આપવાની શક્ય ન હોય તો મતદાન કરવા માટે ઓછોમાં ઓછા ચાર કલાકની છૂટ આપવી પડશે. જોકે આ સુવિધા આપવા માટે પણ ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસરની અગાઉથી મંજૂરી લેવાની રહેશે. ■




PARAS


# રશ્મિ શુક્લા ફરી પોલીસ વડાં બનશે કે કેમ? એમનું ભાવિ હવે નવી સરકારના હાથમાં

મુંબઈઃ ચૂંટણી પંચે આઈપીએસ અધિકારી રશ્મિ શુક્લાને મહારાષ્ટ્રનાં પોલીસ વડાં (ડીજીઃ)ના પદ પરથી હટાવ્યા પછી હવે તેમનું ભાવિ નવી સરકારના હાથમાં છે. તેમનું ભાવિ એના પર નિર્ભર રહે છે કે જો એમને ચૂંટણી આચારસંહિતા સમાપ્ત થાય એ પહેલાં ચૂંટણી પંચ બીજી કોઇ પોસ્ટિંગ માટેની મંજૂરી ન આપી દે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦મી નવેમ્બરે થવાની છે, જ્યારે પરિણામ ૩ દિવસ બાદ ૨૩મી નવેમ્બરે જાહેર કરવામાં આવશે.

કોંગ્રેસે કરેલી ફરિયાદને પગલે રાજ્યામાં થનારી ચૂંટણી પહેલાં રશ્મિ શુક્લાને તેમના મહારાષ્ટ્રનાં પોલીસ વડાંના પદ પરથી હટાવી દેવામાં આવ્યાં હતાં. આઈપીએસ અધિકારી સંજય વર્માની મંગળવારે મહારાષ્ટ્રના નવા પોલીસ નિમણૂક કરવામાં આવી હતી. હાલમાં શુક્લા પાસે કોઇ પણ પદ નથી. રાજ્ય સરકાર દ્વારા રશ્મિ શુક્લાને બે વર્ષ માટે મહારાષ્ટ્રનાં પોલીસ વડાં તરીકે નીમવામાં આવ્યાં હતાં. એક અહેવાલ અનુસાર ચૂંટણી પહેલાં ચૂંટણી પંચ દ્વારા શુક્લાને હટાવવામાં આવ્યા બાદ શુક્લાની નવી નિમણૂકનો નિર્ણય નવી સરકાર પોતે જ લેશે. અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે આચારસંહિતા સમાપ્ત થાય ત્યાં સુધી સંજય વર્માને પોલીસ વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ■

# પક્ષના બળવાખોરો સામે ભાજપની લાલ આંખ

## ૩૭ વિધાનસભા મતવિસ્તારોમાંથી ૪૦ કાર્યકરો અને નેતાઓની હકાલપટ્ટી

મુંબઈઃ ભાજપે પક્ષના બળવાખોરો સામે શિસ્તબદ્ધ કાર્યવાહી કરી હતી, જેમાં ૩૭ વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાંથી ૪૦ કાર્યકરો અને નેતાઓને હાંકી કાઢવામાં આવ્યા છે. ભાજપ દ્વારા આ પગલું ચોથી નવેમ્બરે ઉમેદવારીપત્ર પાછાં ખેંચવાની ચૂંટણી પંચની અંતિમ તારીખના એક દિવસ બાદ લેવામાં આવ્યું હતું.

આગામી વિધાનસભાની ચૂંટણી માટે ટિકિટ ન મળતાં ભાજપના ઘણા નેતાઓએ અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ બળવાખોરોને સમયમર્યાદા પહેલાં ઉમેદવારી પાછી ખેંચવા માટેના પ્રયાસો કર્યા હતા. પરિણામે ઘણા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. જોકે કેટલાક મક્કમ રહ્યા હતા અને તેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી નહોતી.

ભાજપે ઝારખંડની વિવિધ બેઠકો પર પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે અપક્ષ તરીકે ચૂંટણી લડવા બદલ ૩૦ નેતાને હાંકી કાઢ્યા હતા. પક્ષે આ માહિતીને એક નિવેદનમાં શેર પણ કરી હતી. ભાજપના તમામ બળવાખોર નેતાઓને છ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હોવાનું નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ■

# કસારા નજીક ડિરેલમેન્ટ,મેઈલ ટ્રેનો પર અસર

મુંબઈઃ મધ્ય રેલવેમાં કસારા રેલવે સ્ટેશન નજીક આજે ટ્રેનના બંકર એન્જિન ડિરેલ થવાને કારણે લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવા પર અસર પડી હતી. કસારા સ્ટેશન નજીક બન્કર એન્જિન પાટા પરથી ઊતરી જવાને કારણે અમુક મેલ એક્સપ્રેસ ટ્રેનો નિર્ધારિત સમય કરતા મોડી પડી હતી, જ્યારે અમુક લોકલ ટ્રેન પણ મોડી દોડવાને કારણે ટ્રેનોમાં ગિરદી વધી હતી.

કસારા સ્ટેશન નજીક બપોરના ૧૨.૨૦ વાગ્યે ડિરેલમેન્ટ થયું હતું, પરંતુ તેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. નોર્થ-ઈસ્ટ સેક્શનમાં કસારા મધ્ય રેલવેનું લાસ્ટ સ્ટેશન છે. ડિરેલમેન્ટને કારણે અમુક કસારા સેક્શનની ટ્રેનસેવા પર અસર થઈ હતી. ■

# બાબા સિદ્દીકી હત્યાકેસઃ પુણેથી ૧૬મા આરોપીની ધરપકડ

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસની તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચે બુધવારે વધુ એક આરોપીની પુણેથી ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ ગૌરવ વિલાસ અપુને (૨૩) તરીકે થઇ હોઇ તે સિદ્દીકી પર હુમલાના કાવતરામાં સામેલ હતો.

પુણેના કર્વે નગર વિસ્તારમાં રહેતા ગૌરવની ધરપકડ સાથે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા હવે ૧૬ થઇ છે. ગૌરવને મુંબઈ લાવવામાં આવ્યા બાદ કોર્ટમાં હાજર કરાયો હતો, જ્યાં તેને ૯ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

આ કેસમાં ધરપકડ કરાયેલા અમુક આરોપીઓની પૂછપરછમાં ગૌરવનું નામ સામે આવ્યું હતું, જેને પગલે પૂછપરછ માટે ગૌરવને તાબામાં લેવાયા બાદ તેની ધરપકડ કરાઇ હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર તપાસમાં ખુલાસો થયો હતો કે ગૌરવને નિર્ધારિત ટાર્ગેટની સંપૂર્ણ જાણકારી હતી. ગૌરવને ફરાર આરોપીઓએ પિસ્તોલ ચલાવવાની તાલીમ પણ આપી હતી. ગૌરવને કાવતરામાં તેની ભૂમિકા બદલ મોટી રકમનું વચન અપાયું હતું.

બાબા સિદ્દીકી ૧૨ ઑક્ટોબરે બાંદ્રાના નિવાસે પાછા ફરી રહ્યા હતા ત્યારે પુત્ર ઝીશાન સિદ્દીકીની ઓફિસ બહાર તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

આ કેસમાં ક્રાઇમ બ્રાન્ચે બે શૂટર ગુરમેલ સિંહ અને ધર્મરાજ કશ્યપ સહિત પંદર આરોપીની અગાઉ ધરપકડ કરી હતી. દરમિયાન બાબા સિદ્દીકી હત્યાકેસના સાક્ષીદારને ધમકીભર્યો ફોન આવ્યો હતો, જેમાં પાંચ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. આ પ્રકરણે ખાર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■


### પ્રેમાળ સ્મૃતિ માં



અમારા પ્રિય
**અશોક લીલાધર સંપત**
નું સોમવાર, 4 નવેમ્બર, 2024 ના રોજ શાંતિપૂર્ણ અવસાન થયું છે.

તેમના 92 વર્ષ પ્રેમ, હાસ્ય અને દયા દ્વારા ચિહ્નિત થયા હતા, જે અમને યાદ કરવા અને ઉજવણી કરવા માટે યાદો સાથે છોડીને ગયા છે.
તે ક્રિકેટ અને શેરબજારને જુસ્સાથી ફોલો કરતા હતા. તેમની ઇચ્છાઓને ધ્યાનમાં રાખીને, કોઈ પ્રાર્થના સભા નહીં હોય પરંતુ પરિવાર આના પર શોક સ્વીકારશેઃ
**શનિવાર, 9 નવેમ્બર, સાંજે 5 થી 7 વચ્ચે**
રહેઠાણઃ
18D લક્ષ્મી એસ્ટેટ, વર્મા નગર (ચીનાઈ કોલેજ પાસે), આઝાદ રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ

લતા સંપત
કેય-કેતન
નીના-હેમંત
શેફાલી-આશુતોષ
ડિમ્પલ-કૌશલ
કુમુદ મિત્રા,
લિસા-બિબેક, મિર્ના અને
તેના બધા પ્રેમાળ પૌત્રો





FARNAZ


## ૮૭ બેઠક પર જંગ અગાઉના દોસ્ત હવે દુશ્મન બનશે

# એનસીપી v/s એનસીપી શિવસેના v/s શિવસેના

મુંબઈઃ મહારાષ્ટ્ર ચૂંટણીમાં મહાયુતિ અને મહાવિકાસ અઘાડી (એમવીએ), બંને ગઠબંધનમાં શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નો સમાવેશ થાય છે. અસલી નકલી શિવસેના અને એનસીપીની લડાઈના દૃષ્ટિકોણથી આ ચૂંટણી મહત્વની માનવામાં આવી રહી છે.

બંને ગઠબંધન વચ્ચેની લડાઈમાં બે શિવસેના અને બે એનસીપી બંનેના પ્રદર્શન પર નજર ટકેલી છે. બંને પક્ષો વચ્ચે વિભાજન બાદ યોજાનારી આ પહેલી વિધાનસભા ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર અને એકનાથ શિંદે અજિત પવાર માટે પણ મહત્વની માનવામાં આવે છે. આ વખતની ચૂંટણીમાં ૮૭ વિધાનસભાની એવી સીટ છે, જ્યાં બે શિવસેના અને બે એનસીપી વચ્ચે સીધી ફાઈટ છે. જ્યારે ઉદ્ધવ ઠાકરે તેમની શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ-યુબીટી)ને અસલી શિવસેના કહે છે. ત્યારે એકનાથ શિંદે તેમની શિવસેનાને અસલી ગણાવે છે. એનસીપીની વાત પણ આવી જ છે. એનસીપીના નામ અને બ્રાન્ડની લડાઈમાં શરદ પવારને હરાવ્યા પછી અજિત પવાર પોતાની પાર્ટીને અસલી એનસીપી કહે છે. એક રીતે આ ચૂંટણીમાં જનતા કયા પક્ષને અસલી માને છે અને મત કોને આપે છે એ જોવાનું રહેશે.

શું જનતા શિંદેની પાર્ટીને અસલી શિવસેના માને છે કે ઉદ્ધવ ઠાકરેની પાર્ટીને, અજિત પવારની પાર્ટી કે શરદ પવારની પાર્ટીને વાસ્તવિક માને છે? આ અસલી-નકલી લડાઈમાં દરેકની નજર તે બેઠકો પર પણ કેન્દ્રિત છે, જ્યાં બંને પક્ષોના બે જૂથો વચ્ચે સીધો મુકાબલો છે. શિવસેનાના બંને જૂથો ૪૯ બેઠક પર આમને-સામને છે, જ્યારે ૩૮ બેઠકો પર બંને એનસીપી વચ્ચે ટક્કર છે.

શિવસેના દ્વારા લડવામાં આવી રહેલી ૪૯ સીટમાંથી ૧૨ સીટ મુંબઈ મેટ્રોપોલિટન સિટીની છે. મુંબઈની સીટ પર શિવસેનાનો દબદબો માનવામાં આવે છે. એનસીપી (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી)ની વાત કરીએ તો શરદ પવાર અને અજિત પવારની આગેવાની હેઠળની પાર્ટીઓ જ્યાં સામસામે છે તેમાંથી મોટા ભાગની બેઠકો પશ્ચિમ મહારાષ્ટ્રની છે. પશ્ચિમ મહારાષ્ટ્રને એનસીપીનો ગઢ માનવામાં આવે છે. બે પક્ષોમાંથી ચાર પક્ષ બનેલા આ પક્ષો માટે લોકસભા ચૂંટણી પહેલી પરીક્ષા હતી. અજિત પવારના પક્ષે ચાર સીટો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા અને માત્ર એક સીટ જીતી શકી હતી.

શિવસેનાની વાત કરીએ તો ૧૩ બેઠક પર બંને પક્ષોના ઉમેદવારો સામસામે હતા. આ ૧૩ બેઠકો પર બંને પક્ષો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. ત્યારે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)એ છ બેઠકો જીતી હતી અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ સાત બેઠકો જીતી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## શ્રી જલારામ મિત્ર મંડળ મંદિર - ઘાટકોપર

પરમ પૂજ્ય સંત શિરોમણિ શ્રી જલારામબાપાની (૨૨૫)મી જન્મજયંતી નિમિત્તે તા. ૮-૧૧-૨૦૨૪ને શુક્રવારના રોજ કાર્યક્રમ સમયઃ સાંજે ૫.૩૦ કલાકે ધ્વજા રોપણ, સાંજે ૬.૦૦ કલાકે મહાઆરતી, સાંજે ૬.૪૫ કલાકે મહાપ્રસાદ. દર્શન સવારે ૭ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. ટિફિનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. સ્થળઃ પાટીદાર વાડીની બાજુમાં, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.

## કાંદિવલી જલારામ મંદિરનો ૫૧મો પાટોત્સવ

શ્રી જય જલારામ રામરોટી ભંડાર ટ્રસ્ટ કાંદિવલી દ્વારા વ્યાસ ક્લાસની સામે આવેલા સંત શિરોમણિ શ્રી જલારામ બાપાના મંદિરનો ૫૧મો પાટોત્સવ આઠમી નવેમ્બરને શુક્રવારના રોજ ઉજવાશે. શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતીના પાવન અવસરે સવારે છ વાગ્યાથી મંદિરમાં મંગળા આરતી, અભિષેક, પૂજા, મહાઆરતી અને થાળનું આયોજન કરાયું કે ભક્તો સવારના છ વાગ્યાથી રાતના ૧૧ સુધી દર્શનનો લાભ મેળવી શકશે અને મહંત પૂ. ધર્માનંદ મહારાજે જણાવ્યું હતું.

જલારામ બાપાના ભક્તો માટે બપોરના બાર વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી કાંદિવલી (પશ્ચિમ)ના એસ. વી. રોડ પર આવેલી હાલાઈ લોહાણા મહાજનવાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. મંદિરમાં સાંજે સાત વાગે જલારામ બાપાની આરતી કરાશે અને ભોગ ધરાવાશે.

## શ્રી જલારામ સત્સંગ મંડળ, કુર્લા

શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતીની ઉજવણી સંવત ૨૦૮૧ કારતક સુદ સાતમ (૭)ને શુક્રવાર, તા. ૦૮-૧૧-૨૦૨૪ના રોજ ધામધૂમથી ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. શોભાયાત્રાઃ સવારના ૯.૩૦ કલાકે જલારામ મંદિરથી નીકળી શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સેવા સમાજ જશે. બાપાની આરતીઃ સવારના ૧૧.૦૦ કલાકે. બાપાનો મહાપ્રસાદઃ સવારના ૧૧.૩૦ થી બપોરના ૩.૦૦ સુધી. શુભસ્થળઃ શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સેવા સમાજ, ૩૭૬ એલ.બી.એસ. માર્ગ, ઓલ્ડ પોસ્ટ ઓફિસ, કુર્લા કોર્ટની સામે, કુર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૦. આરતી દરરોજ સવારે ૮.૩૦ કલાકે, સાંજે ૭.૦૦ કલાકે.

## શ્રી જલારામ સેવા મંડળ, સાન્તાક્રુઝ

શ્રી જલારામ સેવા મંડળ, સાન્તાક્રુઝ દ્વારા પૂજ્ય સંત શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

સવારનો કાર્યક્રમઃ તા. ૮-૧૧-૨૦૨૪, કારતક સુદ-૭, શુક્રવાર. કાર્યક્રમઃ સવારે ૮.૩૦ થી ૯.૩૦ તિર્થોદક સ્નાન અભિષેક તથા પોડશ પૂજા, સવારે ૧૦.૦૦ કલાકે શોભાયાત્રા. સ્થળઃ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર પરિસર, ટાગોર રોડ, સાન્તાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૪. સાંજનો કાર્યક્રમઃ સાંજે ૫.૦૦ થી ૧૦.૦૦ શ્રેયા આર્ટસ-રાજેશ ઠક્કર પ્રસ્તુત સુનિલ સોની, ગૌરાંગ સોની, જયશ્રી ભોજવીયા અને સાથી કલાકારોને સથવારે ભજન-કીર્તનનો કાર્યક્રમ. સાંજે ૬-૩૦ થી ૭-૧૫ સમૂહ આરતી, સાંજે ૭.૩૦ થી ૧૦.૩૦ મહાપ્રસાદ. સ્થળઃ સ્ત્રી મંડળ, સાન્તાક્રુઝ, ટાગોર રોડ, સાન્તાક્રુઝ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૪.

# પારસી મરણ

શાહજહાન અસ્કંદર મોન્દેગરિઆ (ઉં.વ. ૭૭) તા. ૫-૧૧-૨૪એ ગુજરી ગયા છે. તે મરહૂમ દિનાઝના હસબન્ડ, મરહૂમ હોમાઈ અને મરહૂમ અસ્કંદરના દીકરા. રાઝવીન, રોશનના ફાધર. મેહેરનાઝ અને હેમાવંદના સસરા. આફરીન, આરિઆ, આરીઝ, કિઆન, શયાનના ગ્રેન્ડ ફાધર.

## ચૂંટણીથી દૂર રહી અનામતની લડાઇ ધબકતી રાખીઃ જરાંગે

છત્રપતિ સંભાજીનગરઃ વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું હોત તો મરાઠાઓ વિભાજિત થઇ ગયા હોત, એમ જણાવતા મરાઠા આંદોલનકારી મનોજ જરાંગેએ બુધવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા તેઓ રાજકીય સમીકરણો બદલી શકે છે. ચૂંટણીઓ લડ્યા વગર હું જીવંત રહીને મરાઠા ક્વૉટા માટે લડતો રહીશ, એમ જરાંગેએ જણાવ્યું હતું. ભવિષ્યની રણનીતિ અંગે પૂછતા તેમણે કહ્યું હતું કે ચૂંટણીઓ નહીં લડવાના નિર્ણયને કારણે અમુક લોકો નારાજ થયા છે, પરંતુ આ નિર્ણયને કારણે હું અનામતની લડાઇને ધબકતી રાખી શક્યો છું. ચૂંટણી એ ટૂંકાગાળાનો આનંદ છે જેનાથી દૂર રહેવું જોઇએ.

# જૈન મરણ

ઝાલાવાડી સ્થાનકવાસી જૈન લિંબડી નિવાસી ખેતવાડી, સ્વ. સુધાબેન ગોસલિયા (ઉં.વ. ૭૧) અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ. મહેન્દ્રભાઈ વ્રજલાલ ગોસાલિયાના ધર્મપત્ની. સ્વ. હિરાલક્ષ્મી રસિકલાલ ભણશાલીની સુપુત્રી. ધર્મેશ અને હેતલના માતા. બિંદી અને દીક્ષિતકુમારના સાસુ. સ્વ. વિનોદભાઈ અને કિશોરભાઈની બહેન. વિરિકા અને સમાઈરાના દાદીજી. તા. ૨૭-૧૦-૨૪, રવિવારના હોંગ કોંગ મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી દશા ઓસવાલ જૈન**

સાંધવ નિવાસી હાલ મુલુંડ સ્વ. માણેકજી લોડાયા (ઉં.વ. ૮૪) તે સ્વ. લક્ષ્મીબાઈ મેઘજી ખેતશી લોડાયાના પુત્ર. રસીલાબેનના પતિ. ભવાનજીભાઈ, હંસરાજભાઈ, રતનશીભાઈ, વીરચંદભાઈ, ખેતબાઈ, જેતબાઈ, ભચીબાઈના ભાઈ. ચેતન, જયેશ, ભાવેશના પિતા. સ્વ. જેઠીબાઈ રામજી નાગડા (ગોએરસમા)ના જમાઈ. પ્રિયાંશી, પ્રિશા, દેવાંશી, દેવ, દિશાના દાદા. તા. ૪-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. દરેક પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૧૧-૨૪, ગુરુવારના ૪.૦૦થી ૫.૩૦. સ્થળઃ કાલિદાસ મેરેજ હોલ, પુરુષોત્તમ ખેરાજ, પી.કે. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાતી દશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી, હાલ સુરત પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ (ઉં.વ. ૮૬) તે શ્રીમતીબેનના પતિ. તે સ્વ. કોકિલાબેન, રમેશભાઈ, રજનીભાઈ, નરેશભાઈ, હેમલતાબેન તથા સ્વ. દીપકભાઈના ભાઈ. તે જયેશભાઈ તથા ધારિણીબેનના પિતા. મોનાબેનના સસરા. પંક્તિ, મીત, જયમીનકુમાર તથા ધ્વનિ મીત શાહના દાદા. તા. ૫-૧૧-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૮-૧૧-૨૪, શુક્રવારે ૩.૦૦થી ૫.૦૦ સ્થળઃ શ્રી કોટનગ્રીન શ્વેતામ્બર જૈન મૂર્તિપૂજક ઉપાશ્રય, બહારી બિલ્ડિંગ-૨, ગ્રાઉન્ડ ફ્લોર, કોટનગ્રીન, મુંબઈ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ-સાંતાક્રુઝ રાજેન્દ્રભાઈ-ધનસુખલાલ દેસાઈનાં ધર્મપત્ની નિરૂપમા (ઉં.વ. ૭૧) તા. ૫-૧૧-૨૪, મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગુલાબબેન ધનસુખલાલ દેસાઈનાં પુત્રવધૂ. દર્શના ભરતભાઈ દેસાઈનાં ભાભી. સ્વ. રૂક્ષ્મણિબેન ધીરજલાલ મીઠાણી (વંથલીવાળા)ની સુપુત્રી. ચંદ્રિકા, વિરલ, શિલ્પનાં બહેન. ભૂપતભાઈ, મનહરભાઈ, વજુભાઈ લાખાણી (ચલાલાવાળા)નાં ભાણેજ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

પાલીતાણા નિવાસી સ્વ. મંગળાબેન બાવાલાલ કપાસીના પુત્ર પ્રવિણ બી. શાહ (કપાસી) (ઉં.વ. ૮૪) હાલ જુહુ-વિલેપાર્લા તા. ૨-૧૧-૨૪, શનિવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ.કલ્પનાબેનના પતિ. સ્વ. યશવંતભાઈ, સ્વ. કનૈયાલાલ તથા વિનોદભાઈ કપાસીના મોટાભાઈ. સ્વ. પ્રમિલા, ચારુલત્તા તથા મીનુના જેઠ. નીરવ, ધર્મેશ, છાયા તથા શીતલના મોટાકાકા. ધારી નિવાસી સ્વ. વસંતબેન હરિલાલ કલ્યાણજી શેઠના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૮-૧૧-૨૪ના ૪.૦૦થી ૬.૦૦ સ્થળઃ જલારામ હોલ, નોર્થ સાઉથ રોડ નં. ૬, જોગર્સ પાર્કની સામે, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લા (વે).

**નૃસિંહપુરા દિગંબર જૈન**

દીનેશભાઈ લાલુભાઈ શાહ, જહેર વતની, હાલ બોરીવલી રવિવાર, ૩-૧૧-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તેઓ બીન્દુબેનના પતિ. તેઓ અંબરીશભાઈના ભાઈ. તેઓ પારસ, હિરલ શાર્દુલકુમાર શાહ અને અમરના પિતાશ્રી. તેઓ મીતાબેન અંબરીશભાઈ શાહના જેઠ. સ્વ. હેમાલી શાહ, અનુશ્રી અમર શાહના સસરાજી. સ્વ. જસવંતલાલ મણીલાલ વખારીયાના જમાઈ. બંને પક્ષનું બેસણું ૭-૧૧-૨૪, ગુરુવારના ૪ થી ૬. ઠે. લોટ્સ બેંકવેટ, ૪થા માળે, રઘુલીલા મેગા મોલ, પોઈસર બસ ડેપોની પાછળ, કાંદીવલી (વે).

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

શેરડીના વાસંતી લક્ષ્મીચંદ હરિયા (ઉં.વ. ૫૨) તા. ૧-૧૧-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીચંદના ધર્મપત્ની. રાજબાઈ વીરજીના પુત્રવધૂ. વિનીત, જાનવીના માતા. ઉમરગામના સુશીલા ગોવિંદભાઈ ધર્મા સાપટાની પુત્રી. રાજેન્દ્ર, સુનંદા, સુમિત્રા, સીતા, વીજુ, કૌશિકા, શીલા, મીરાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. લક્ષ્મીચંદ વીરજી હરીયા, ૫૫૨ ફરીયો, ગામ શેરડી તાલુકો માંડવી કચ્છ-૩૭૦૪૬૫.

ગેલડાના માવજી દેવજી લાપસીયા (ઉં.વ. ૮૯) તા. ૪/૧૧/૨૪ના મરણ પામ્યા છે. માતુશ્રી મુરીબેન દેવજી માલસીના સુપુત્ર. રતનબેનના પતિ. ચેતના, ભારતી, બીના, હિતેષના પિતાશ્રી. શામજી, ધનજી, ભાણજી, ખીમજી, ગેલડાના મણીબેન ઉમરશી, બિદડાના નાનબાઇ પાસુ, કારાઘોઘાના લક્ષ્મીબેન કુંવરજી, ભુજપુરના કેસરબેન કુરપાર, રામાણીયાના પાનબાઇ વસનજીના ભાઇ. મોટી ખાખરના પાનબાઇ પ્રેમજી રણશીના જમાઇ. ઠે. માવજી દેવજી લાપસીયા, ૪૦૧, સ્નેહપરાગ, પેસ્તમસાગર રોડ ૪/૫, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૮૯.

બિદડાના માતુશ્રી મંજુલાબેન સાવલા (ઉં.વ. ૮૮) તા. ૫-૧૧-૨૪ ના અવસાન પામેલ છે. દેવકાંબેન ગાંગજીના પુત્રવધૂ. પ્રાગજીના ધર્મપત્ની. ભુપેન્દ્ર, પ્રદિપ, નંદિનીના માતુશ્રી. કોડાય મણીબાઇ હીરજીના સુપુત્રી. પ્રેમજી, સુર્યકાંત, લક્ષ્મીબેન, પાનબાઈ, ચંચળબેન, મણીબેનના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં. સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

નાના ભાડીયાના મોહનલાલ લાલજી લાપસીયા (ઉં.વ. ૭૯) તા. ૪-૧૧-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન લાલજી દેવજીના પુત્ર. મંજુલાના પતિ. સમીર, હેમલના પિતા. ધનજી, ખેમચંદ, છોટાલાલ, બંસીલાલ, બિદડા મીના કલ્યાણજીના ભાઈ. મોટા લાયજા તેજબાઈ (દેવકામા) રતનશી ઠાકરશી છેડાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.મૂ. શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦.

વડાલાના પ્રવિણ વસનજી શેઠીયા (ઉં.વ. ૭૫) તા. ૪/૧૧/૨૪ના અવસાન પામેલ છે. સાકરબેન વસનજીના સુપુત્ર. પ્રિતી (અમૃત)ના પતિ. કિલ્પા, તરલા, અલ્પા, અમીત, મનીષના પિતા. સ્વ. નિર્મળા, સ્વ. હેમકુર, મહેન્દ્ર, સ્વ. ભરતના ભાઇ. પુરબાઇ/ મંજુલાબેન રાઘવજી ભારમલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રીતિ પ્રવિણ શેઠીયા, ડી-૨૦૦૨, ચોઇસ અંબે સાગર, ડો. આર.પી. રોડ, મુલુંડ-વે.

મેરાઉના ગુણવંતી સુંદરજી ગંગર (ઉં.વ. ૭૫) તા. ૫/૧૧ના અરિહંત શરણ પામેલ છે. કંકુબાઇ ખીમજી કાનજીના પુત્રવધૂ. સ્વ. સુંદરજીભાઇના પત્ની. રીનાના માતા. નાંગલપુર જેઠબાઇ ગોવર લખુના પુત્રી. મગન, ધનજી, વસંત, રાયણ દમયંતી નેમચંદ, કોડાય પ્રભા ધનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે) ઠે. અરવિંદભાઇ જૈન, ૧૪૦૩/બી વર્ધમાન હાઇટ્સ, ભાયખલા, મું. ૨૭.

**સોરઠ વીસા શ્રીમાળી જૈન**

વડાલ નિવાસી હાલ ઘાટકોપર ઇંદુમતીબેન (ઉં.વ. ૭૮) તા. ૩/૧૧/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હરકિસન વ્રજલાલ મેહતાના ધર્મપત્ની. દિવ્યેશ અને ભાવનાબેનના માતુશ્રી. દિપ્તી અને નિમેષકુમાર જવાહરભાઈ શેઠના સાસુ. જયંતભાઈ, હેમલતાબેન શશિકાંત પારેખના મોટાભાભી. શોભનાબેનના જેઠાણી. પિયરપક્ષે સ્વ. લીલાધર હરખચંદ સંઘવીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ મુલુન્ડ સ્વ. પ્રભુદાસભાઈ લાલચંદભાઈ દોશીના સુપુત્ર મહેશભાઈ (ઉં.વ. ૭૬) તે સુધાબેનના પતિ. અમિતભાઇ તથા વૈભવભાઈના પિતાશ્રી. તન્વીબેન તથા કોમલબેનના સસરાજી. સ્વ. ઇન્દુબેન અરવિંદભાઈ પટની, ભારતીબેન અરવિંદભાઈ પટની, હરીશભાઈ તથા રેણુકા બેન જયકાન્તભાઈ શાહના ભાઈ. શુભલાલભાઈ મોદીના જમાઈ, તા. ૪/૧૧/૨૪ના અરિહંતશરણ પામ્યા છે. પિતૃ-વંદના તા. ૮/૧૧/૨૪ને શુક્રવાર ૧૦:૦૦ થી ૧૨:૦૦. અર્ચના બેન્કવેટ હોલ, મુલુન્ડ ચેકનાકા, મુલુન્ડ (વેસ્ટ).

**હાલારી વીસાશ્રીમાળી જૈન**

જામવંથલી નિવાસી, હાલ પુના સ્વ. પ્રભાબેન નવલચંદ મેહતાના સુપુત્ર ભોગીલાલ (ઉં.વ. ૭૬) તા. ૧/૧૧/૨૪ શુક્રવારના પૂના મુકામે અરિહંતશરણ થયેલ છે. તે નીતાબેનના પતિ. હેતલ દિવ્યાંગભાઈ ભણશાલી, દીપા જય વોરા તથા ભાવિકભાઈના પિતાશ્રી. ચંદુભાઈ તથા રાજશ્રીબેન નિલેશકુમાર મેહતાના મોટાભાઈ. પ્રભુદાસ ત્રિકમજી મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

રામપુરા ભંકોડા નિવાસી, હાલ ચેમ્બુર પૂર્વીબેન અનિલભાઈ શાહના પુત્ર ચિ. વિનીતના ધર્મપત્ની ધ્વનિ (ઉં.વ. ૩૬) તા. ૫-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે શીતલ સુરાગભાઈ શાહના દેરાણી. પ્રવિથ અને તાશીના કાકી. મીના જયેશ શાહ, નીલા જીગ્નેશ શાહ, સ્વ. ઉષાબેન કિરણભાઈ શાહ તથા નીરૂબેન ભરતભાઈ શાહના ભત્રીજાવહુ. પિયરપક્ષે ઢસા જંકશન નિવાસી હાલ બેંગલોર દીપીકાબેન દીપકભાઈ પરમાનંદ બગડીયાની દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૧૧-૨૪ના ગુરુવારે ૩.૦૦થી ૫.૦૦. એડ્રેસઃ લાયન્સ કમ્યુનિટી હોલ, ૯૩ બી, ગારોડીયા નગર, ઘાટકોપર ઇસ્ટ, ચક્ષુદાન કરેલ છે.

**ખંભાતી દશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ સુરત પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ (ઉં.વ. ૮૬) તે શ્રીમતીબેનના પતિ. સ્વ. કોકિલાબેન, રમેશભાઈ, રજનીભાઇ, નરેશભાઈ, હેમલતાબેન તથા સ્વ. દીપકભાઈના ભાઈ. જયેશભાઇ તથા ધારિણીબેનના પિતા. મોનાબેનના સસરા. પંક્તિ, મીત, જયમીનકુમાર તથા ધ્વનિ મીત શાહના દાદા તા. ૫/૧૧/૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. બેસણું તા. ૮/૧૧/૨૪ના શુક્રવારે ૩ - ૫. શ્રી કોટનગ્રીન શ્વેતામ્બર જૈન મૂર્તિપૂજક ઉપાશ્રય, બહારી બિલ્ડીંગ ૨, ગ્રાઉન્ડ ફ્લોર, કોટનગ્રીન, મુંબઈ.

# હિન્દુ મરણ

**કપોળ**

ભાદ્રોડવાળા હાલ કાંદિવલી સ્વ. નાગરદાસ હરિલાલ પારેખના ધર્મપત્ની ગં.સ્વ. નિર્મળાબેન પારેખ (ઉં.વ. ૮૭) બુધવાર, તા. ૬-૧૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે રમેશભાઈ, સંદીપભાઈ, પારુલબેન પ્રકાશભાઈ દોશી અને ભારતીબેન બિપિનકુમાર મહેતાના માતુશ્રી. અ.સૌ. ભાવના અને અ.સૌ. નીતાના સાસુ. સોનિયા અને કલગીના મોટા સાસુ. નિકુંજ, નિખિલ, રોનક, હેતલના દાદી. તે સ્વ. જયાબેન, સ્વ. ધીરજલાલ અને લલિતભાઈના ભાભી. પ્રાર્થનાસભા તા. ૮-૧૧-૨૪ના શુક્રવારે ૫થી ૭. સ્થળઃ લોહાણા બાળાશ્રમ બેન્કવેટ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

પ્રકાશ બાટવિયા (ઉં.વ. ૭૪) તે મૂળ પોરબંદર, મુંબઈ નિવાસી સ્વ. ગુલાબબેન અને સ્વ. ગીરધરલાલ બાટવિયાના પુત્ર. તે દક્ષાબેનના પતિ. શિવાની, તન્વીના પિતાશ્રી. તે રણજીતના સસરા. તે સ્વ. નર્મદાબેન, સ્વ. કલ્યાણજી ગોકાણી જામખંભાળીયાના જમાઈ. તે વિણાબેન કિરણભાઈ રાજાણી, સુધીરભાઈના બનેવી. ૧ નવેમ્બર-૨૦૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. હાલ નિવાસી બી-૧,૨૧૦ દીવાન પાર્ક, પંચવટી હૉટેલની બાજુમાં, વિશાલ નગર અંબાડી રોડ, વસઈ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાંચાલ**

વાપી નિવાસી, સ્વ. બાબુભાઈ વિઠ્ઠલદાસ મિસ્ત્રી (ઉં.વ. ૧૦૦) તા. ૫-૧૧-૨૪, મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ઈન્દુબેનના પતિ. વેરાવળવાળા જેપાલ સુંદરજી શાહના જમાઈ. અવની દેસાઈ, જેની પરીખ અને ચેતન મિસ્ત્રીના પિતા. ઉમેશ, હિરેન અને અમીના સસરા. પ્રાચિ, પ્રાપ્તિ, અલોમી, પ્રણય, ઈશા અને સાહિલના દાદા. કિઆન અને કિયારાના પરદાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ડી-૪, તારાબાગ, મુંબઈ.

**ઔદિચ્ય ગુજરાતી સાડા ચારસો (સિ.સ.)**

મૂળ ભુભલીના હાલ-માટુંગાના પૂ. વિમળાબેન રાવળ (ઉં.વ. ૯૪) તે સ્વ. રસિકલાલ રાવળના ધર્મપત્ની. પ્રણવના માતુશ્રી. હર્ષાબેનના સાસુ. માધવ અને ભાર્ગવીના દાદી. ત્રિનીશાના દાદીસાસુ. અતુલભાઈના કાકી. સોમવાર, તા. ૩-૧૧-૨૪ના કૈલાસવાસ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વાઝાં દરજી**

વેરાવળ નિવાસી ગં.સ્વ. ઉષાબેન મોહનલાલ જેઠવા (ઉં.વ. ૭૪) હાલ વિલેપાર્લે અવસાન થયેલ છે. તેઓ સ્વ. નિકેશભાઈ-નીતાબેન, ધવલભાઈ-રૂપલબેનના માતાશ્રી. કનક, હેત, જીલ અને પ્રાંજલના દાદી. મંજુબેન, પ્રભાબેન, મીનાબેન, સ્વ. વિનોદભાઈ-ગીતાબેન, દિનેશભાઈ-દિવ્યાબેનના ભાભી. સ્વ. કસ્તુરબેન પુરુષોત્તમભાઈ વઢવાણાના દીકરી. પ્રભાવતીબેન કાનજીભાઈ બોરખતરીયા અને સ્વ. મંજુબેન નાથાલાલ જેઠવાના બેન. તેમની પ્રાર્થનાસભા તા. ૭-૧૧-૨૪ના ગુરુવારે ૪થી ૬. સ્થળઃ સન્યાસ આશ્રમ, સન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**હાલાઈ લોહાણા**

ઘાટકોપર નિવાસી વનિતાબેન મોહનલાલ ભોજાણી (ઉં.વ. ૮૩) સ્વ. દેવીબેન મોહનલાલ ભોજાણીના પુત્રી. ગં.સ્વ. સરસ્વતી, ભગવતી, મધુરી, રશ્મી તથા અશ્વિન, લલિતના બેન. ભુપેન્દ્ર, મિનલ રાજેશ ઠક્કર, શીતલ આશિષ રંગવાલાના માસી. વૃષ્ટિ, ડોલી, નિરવ, પૂજા, હેત્વી, પાર્થના નાની. તા. ૫-૧૧-૨૪ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

સ્વ. નર્મદાબેન માધવજી કોટેચા, કચ્છ તુણા રામપરના પુત્રવધૂ. સ્વ. મોહનલાલ માધવજી કોટેચાના ધર્મપત્ની. સ્વ. વસંતબેન (ઉં.વ. ૭૫) તા. ૫-૧૧-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. નીમેશ અને જિજ્ઞાના માતુશ્રી. સંજય ખાટના સાસુજી. ખુશાલી અને રૂદ્રના નાનીમા. સ્વ. જમનાબેન બધુભાઈ માણેક ગામ વરસામેડીવાળાની દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૧૧-૨૪ના ૫થી ૭. સ્થળઃ ગોપુરમ હોલ, આર.પી. રોડ, મુલુંડ (વે). બૈરાઓએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા, હાલ કાંદિવલી સ્વ. વિમળાબેન પ્રતાપરાય દુર્લભદાસ દોશીના પુત્ર ધ્રુવકુમાર (ધીરુભાઈ) (ઉં.વ. ૭૨) તે બિન્દુબેનના પતિ. બિનલ પ્રભાકર શેટ્ટી, બીના અંકિત, અમી વિવેક જોષીના પિતા. ડેડાણવાળા સ્વ. ભગવાનદાસ ચકુભાઇ ગોરડીયાના જમાઈ. ભરતભાઈ, સ્વ. રમાબેન હરકીશનદાસ મહેતા, સ્વ. સરોજબેન નગીનદાસ મહેતા, અ.સૌ. જ્યોતિબેન પ્રવિણકુમાર મોદી, સ્વ. પુષ્પાબેન રમેશકુમાર મોદી, ગં.સ્વ. મીનાબેન ચંપકલાલ સંઘવીના નાનાભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગં.સ્વ. કાન્તાબેન પરમાર (ઉં.વ. ૭૭) તે ગામ આસોદરવાળા હાલ કાંદિવલીના સ્વ. રતિલાલ ત્રિભોવનભાઈ પરમારના ધર્મપત્ની. ઉમેશ, સ્વ. કમલેશ, હિના રમણીકલાલ, હર્ષાબેન યશવંતકુમારના માતુશ્રી. અનિતા, નીતા, રમણીકલાલ, યશવંતકુમારના સાસુ. સ્વ. બાબુભાઇ, મનસુખભાઇ, કાળુંભાઈ, મહેશભાઈના ભાભી. પિયરપક્ષે રતિલાલ, હિંમતભાઇ, અરવિંદભાઈ સવજીભાઈ કારેલીયા લાઠીવાળા, ગં.સ્વ. હંસાબેન ચંદુલાલ, ગં.સ્વ. લીલીબેન રમણીકલાલના બહેન. ૫/૧૧/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા ૮/૧૧/૨૪ના ૫થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

ડુંગરવાળા હાલ કાંદિવલી સ્વ. તરૂલતા વામનરાય રતિલાલ મહેતાના પુત્રવધૂ અ.સૌ. હીનાબેન (ઉં.વ. ૫૧) તા. ૩/૧૧/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે પારસના ધર્મપત્ની. માધવના માતુશ્રી. પારૂલ રાકેશ મહેતાના દેરાણી. પિયરપક્ષે ભાવનગરવાળા જીતેન્દ્રકુમાર રતિલાલ મહેતાના દીકરી. જીનલ ચેતન શેટ્ટી તથા શશાંકના કાકી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૭/૧૧/૨૪ના ૪ થી ૬. પાવનધામ, એમ સી એ ગ્રાઉન્ડની બાજુમાં, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક સમાજ**

બગસરા નિવાસી, હાલ મિરા રોડ સ્વ. કિશોરકુમાર બચુભાઈ કાચલીયાના ધર્મપત્ની પ્રેમિલાબેન (ઉં.વ. ૭૬) શનિવાર, તા. ૨/૧૧/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે મનીષ અને સ્વ. શીતલના માતુશ્રી. સ્વ. સોનલ અને રાજેશકુમાર રાડીયાના સાસુ. ગિરીશભાઈ, અરુણભાઈ, સ્વ. શૈલેશભાઈ, ગં.સ્વ. પ્રવિણાબેન પ્રભુદાસભાઈના ભાભી. સ્વ. નર્મદાબેન અમીચંદ, સ્વ. ઈચ્છાબેન અમૃતલાલ, સ્વ. ચંપાબેન અમરચંદ, ગં.સ્વ. નિર્મળાબેન જમનાદાસ, ગં.સ્વ. હીરાબેન છોટાલાલ, ગં.સ્વ. દમુબેન ચંદ્રકાંત, સ્વ. ગોકુળભાઈ, કનુભાઈ અને રસિકભાઈના બહેન. સ્વ. દયાબેન રણછોડદાસ લોટીયાના પુત્રી. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

પરિમલ અરવિંદચંદ્ર વૈદ્ય (ઉં.વ. ૭૧) ગામ ચીખલી, હાલ ગોરેગામ તા. ૫-૧૧-૨૪ના દેવલોક પામ્યા છે, તે મીરાના પતિ તથા શર્વિલ કેવલના પિતાશ્રી. હેમંત, પરેશ (બકુલ), ઉર્વશીના ભાઈ. સ્વ. દિનેશચંદ્ર ભીખુભાઇ પંડ્યા (દમણ નિવાસી)ના મોટા જમાઈ. ૧૧૨/૮૯૩, મોતીલાલ નગર નં.૧, બેસ્ટ નગર રોડ, ગોરેગામ (૫).

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ સિમરવાળા, હાલ દહીંસરના ગં.સ્વ. જેકીબેન આણંદભાઈ જીવનભાઈ કવાના સુપુત્ર નરોત્તમભાઈ કવા (ઉં.વ. ૬૪) રવિવાર તા. ૩-૧૧-૨૪ના શ્રીરામચરણ પામ્યા છે. તે ઉર્મિલાબેનના પતિ. કેતન-વિભૂતિ તથા તિરૂપના પિતાશ્રી. સ્વ. ગિરધરભાઈ, સ્વ. બાલુભાઈ, કિશોરભાઈ, કલ્પેશભાઈ, અરવિંદભાઈ, ગં.સ્વ. કંકુબેન ગોવિંદભાઇ, અ.સૌ. જ્યોત્સનાબેન લાલજીભાઈના ભાઈ. ગામ મોઢાવાળા બાલુભાઈ માંડણભાઈ પરમારના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૭-૧૧-૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેંટર, દત્તપાડા રોડ, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી ઈસ્ટ.

**મેઘવાળ**

ગામ-વાળુકડ તા. ઘોઘા જી. ભાવનગર હાલમાં મુંબઈ સ્વ. દિપક ભોજગતર (ઉં.વ. ૩૭) તા. ૩૧/૧૦/૨૪ના રામશરણ પામ્યાં છે. સ્વ. ઉષાબેન અને સ્વ. રમણલાલ હમીરભાઇ ભોજગતરના દીકરા. મમતાબેનના પતિ. જીવણભાઈ અને પ્રેમિલાબેનના ભત્રીજા. જ્યોતિ, કંચન, મનિષ, ગીતા, રાકેશ અને વર્ષાના ભાઇ. કાંતિ, ધિરજ અને પ્રભાતના સાળા. સવિતાબેન અને ડાયાભાઇ હિરાભાઇ બોરીચાના જમાઇ. બારમા(કારજ)ની વિધિ તા. ૮/૧૧/૨૪, ૫.૦૦ કલાકે. સ્થળઃ બી.આઇ.ટી. ચાલ નં.૬ અને ૭ની વચ્ચે, ડોંગરી માર્કેટ સામે, ચિચબંદર, સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશનની પાસે, મુંબઈ-૯.

**મોઢ વણિક**

જૂનાગઢ નિવાસી, હાલ કાંદિવલી શ્રીમતી ઉર્વશી શાહ (ઉં.વ. ૬૬) તે કીર્તિકુમાર શાહના પત્ની તા. ૫/૧૧/૨૪ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ચંપાબેન તથા સ્વ. કાંતિલાલ શાહના પુત્રવધૂ. મયંકભાઈ, મમતાબેન, હર્ષાબેન, રાજુલભાઇના ભાભી. ચૈતન્યના મોટામમ્મી. પિયરપક્ષે સ્વ. બિંદુબેન તથા સ્વ. બાલમુકુંદ શાહના પુત્રી. જયશ્રીબેન, પલ્લવીબેન વિપુલભાઈ તથા દિલીપભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૭/૧૧/૨૪ને ગુરુવાર ૫ થી ૭, સ્થળ- સ્થાનકવાસી ઉપાશ્રય, ૫મે માળે, લોહાણા મહાજનવાડીની સામે, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**કપોળ**

સિહોર નિવાસી, હાલ મુંબઈ સ્વ. છોટાલાલ ધરમદાસ મહેતા તથા સ્વ. હરકોરબેનના સુપુત્ર ચંપકભાઈના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન (ઉં.વ. ૭૮) તા. ૪-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે અમરેલીવાળા સ્વ. નિર્મળાબેન અનંતરાય મોદીના સુપુત્રી. સ્વ. પંકજ, રાજેશ, સંજય અને મમતાના બેન. ચિ. સમીર, નયના, રાખી અને બિંદુના માતુશ્રી. અ.સૌ. દિપાલી, મનીષકુમાર, જતીનકુમાર, પ્રિયલકુમારના સાસુ. પુષ્ટિના દાદી. અંકિત, કાર્તિક, પરમ, હીના અને નિશ્ચેના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ વાણીયા**

વિલેપારલે નિવાસી હરીષભાઇ વૈકુંઠલાલ મહેતા (ઉં.વ. ૭૮) તા. ૪/૧૧/૨૪નાં કૈલાસવાસી થયેલ છે. શ્રીમતી સુમનબેનના પતિ તથા અ.સૌ. ઉર્મિલાબેન રજનિશકુમાર ચરન અને અ.સૌ. સપનાબેન અમોલકુમાર કોટકના પિતાશ્રી. સ્વ. ગિરિશ વૈકુંઠલાલ મહેતા અને મુકેશ વૈકુંઠલાલ મહેતાના મોટાભાઇ. નેહા, વિપુલ, આરુશી, વેદાંશીના નાના. લૌકિક વહેવાર બંધ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## મહારાષ્ટ્રનાં તાજ-રાજ કોનાં?

મુંબઈ હંમેશાથી ઉદ્ધવ ઠાકરેનો ગઢ માનવામાં આવે છે. એકનાથ શિંદેના બળવા પછી ઠાકરેને થોડું નુકસાન થયું હતું, પરંતુ લોકસભાની ચૂંટણીમાં ત્રણમાંથી બે ઠાકરેના સાંસદ ચૂંટાયા હતા. ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેના ૧૫ વિધાનસભ્ય મુંબઈમાં હતા. જોકે, ૨૦૧૪થી ભાજપ (ભારતીય જનતા પાર્ટી)એ ધીરે ધીરે મુંબઈ પર કબજો જમાવ્યો છે. મુંબઈમાં પણ ભાજપના ૧૫ ધારાસભ્યો છે. ભાજપ પાસે આશિષ શેલાર, રાહુલ નાર્વેકર, મંગલપ્રભાત લોઢા, અમિત સાટમ, તમિલ સેલ્વન, મનીષા ચૌધરી જેવા મોટા નેતાઓ છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરે પાસે આદિત્ય ઠાકરે, અજય ચૌધરી, સુનીલ પ્રભુ, સુનીલ રાઉત, રમેશ કોરગાંવકર જેવા મોટા નેતાઓ છે. મુંબઈમાં ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથ વચ્ચે જંગ છે તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જંગ છે. અમીન પટેલ, અસલમ શેખ, જ્યોતિ ગાયકવાડ, નસીમ ખાન જેવા કોંગ્રેસના ચહેરાઓ પણ મેદાનમાં ઉતર્યા છે. તે જ સમયે નવાબ મલિક, સના મલિક જેવા પરિવારો અજિત પવારની તલવારની ધારને તેજ કરી રહ્યા છે.

### શિંદેના ગઢનાં સમીકરણ જાણો?

મહારાષ્ટ્રના થાણે વિસ્તારને પહેલાથી જ એકનાથ શિંદેનો ગઢ માનવામાં આવે છે. 'ધર્મવીર' આનંદ દીઘેથી લઈને એકનાથ શિંદે, થાણેમાં અહીં શિંદેની છાપ છે. આ વખતે સમગ્ર થાણેમાં એકનાથ શિંદે માટે આર-પારની લડાઈ હશે. થાણેમાં શિંદે જૂથ યુબીટી (ઉદ્ધવ ઠાકરે જૂથ) સામે ચૂંટણી લડશે. એકનાથ શિંદે પોતે થાણેની કોપરી પાંચપખાડીથી ચૂંટણી લડવાના છે.

### કોંકણમાં કોની મજબૂત પકડ છે?

મહારાષ્ટ્રના કોંકણમાં સાંસદ નારાયણ રાણેનું શાસન હતું પરંતુ એ સમય બાળાસાહેબ ઠાકરેનો હતો. ધીરે ધીરે ઉદ્ધવ ઠાકરેનો કરિશ્મા કોંકણ પ્રદેશમાં દેખાવા લાગ્યો, પરંતુ આજે અહીં ટોક્કર મજબૂત છે. કોંકણમાં ઉદ્ધવ જૂથ અને શિંદે જૂથ વચ્ચે સીધી લડાઈ છે. સીએમ એકનાથ શિંદે પાસે દીપક કેસરકર, ઉદય સામંત જેવા મંત્રીઓ છે તો બીજી તરફ તેમની પાસે નિલેશ રાણે, કિરણ સામંત જેવા શક્તિશાળી નેતાઓ છે.

### વિદર્ભમાં કોણ છે મજબૂત?

વિદર્ભની વાત કરીએ તો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર છે. ૨૦૧૪ પહેલા વિદર્ભને કોંગ્રેસનો ગઢ માનવામાં આવતો હતો, પરંતુ હવે દેવેન્દ્ર ફડણવીસે તે સ્થાનને ખીલવ્યું છે. કોંગ્રેસ કોઈપણ રીતે કમળને અહીંથી હટાવવા માંગે છે પરંતુ તે એટલું સરળ નથી. વિદર્ભમાં કોંગ્રેસની ટીમમાં નાના પટોલે, વિજય વડેટ્ટીવાર, યશોમતી ઠાકુર, નીતિન રાઉત, સુનીલ કેદાર જેવા મોટા ચહેરાઓ છે તો બીજી તરફ દેવેન્દ્ર ફડણવીસ, સુધીર મુનગંટીવાર, નીતિન ગડકરી જેવા ભાજપના નેતાઓની મજબૂત ફોજ છે. ચંદ્રશેખર બાવનકુળે, તેથી વિદર્ભમાં કમળ અને કોંગ્રેસ વચ્ચેની લડાઈ રસપ્રદ બનવાની છે.

### પશ્ચિમ મહારાષ્ટ્રમાં સમીકરણો કહે છે?

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સ્થાપક શરદ પવારે જ્યારથી મહારાષ્ટ્રના રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારથી પશ્ચિમ મહારાષ્ટ્રના લોકો શરદ પવાર પર ભરોસો કરતા આવ્યા છે. શરદ પવાર પોતે બારામતીના છે, તેથી પશ્ચિમ મહારાષ્ટ્રના લોકોને પવાર પરિવાર જેવા લાગે છે. આ વખતે અજિત પવાર અને શરદ પવાર વચ્ચે જંગ છે. બળવો કર્યા બાદ અજિત પવાર પોતાના કાકા શરદ પવારનો સામનો કરવા જઈ રહ્યા છે. શરદ પવારની પાર્ટીના જૂથમાં સૌથી જૂના નેતા જયંત પાટીલની સાથે યુગેન્દ્ર પવાર, રોહિત પવાર અને રોહિત પાટીલ જેવી યુવા ટીમ પણ છે.

### મરાઠવાડામાં રાજકીય રીતે કોણ મજબૂત છે?

પહેલા બાળાસાહેબ ઠાકરે મરાઠવાડા પ્રદેશ પર શાસન કરતા હતા. સંભાજીનગરનું રાજકારણ મહારાષ્ટ્રને હચમચાવી નાખતું હતું. જો કે, હવે શિંદેના બળવા પછી, સંજય શિરસાટ, સંદીપન ભુમ્રે, પ્રદીપ જયસ્વાલ જેવા નેતાઓ એકનાથ શિંદે જૂથના શિવસેનામાં જોડાયા હતા. મરાઠા આરક્ષણને લગતા મનોજ જરાંગે પરિબળની અસર કદાચ આખા મહારાષ્ટ્ર પર પડી હતી. મરાઠા ફેક્ટરની અસર ભાજપ સામે મરાઠવાડામાં લોકસભા ચૂંટણીમાં જોવા મળી હતી.

### ઉત્તર મહારાષ્ટ્રનું રાજકીય સમીકરણ શું છે?

ઉત્તર મહારાષ્ટ્રમાં ભાજપનું કમળ ધીમે ધીમે ખીલતું જોવા મળી રહ્યું છે. ભાજપના સંકટમોચક ગિરીશ મહાજન, એકનાથ શિંદેના દાદા ભૂસે અને અજિત પવારના છગન ભુજબળ અહીંના શક્તિશાળી નેતાઓ છે. ઉત્તર મહારાષ્ટ્રમાં ઠાકરેને માનનારો વર્ગ શરદ પવાર અને કોંગ્રેસ પક્ષ કરતાં વધુ છે. તેથી, લોકસભા ચૂંટણીમાં ઠાકરેના સાંસદ વાઝે શિંદેના નેતાને હરાવીને જીત્યા. ઉદ્ધવ ઠાકરે અહીં વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને ફટકો આપી શકે છે.

## રાહુલ ગાંધીનું 'ભારત જોડો' નહીં,

ભાજપના ઉમેદવાર ગોપીચંદ પડાલકર માટેની ચૂંટણી રેલીને સંબોધતા ફડણવીસે રાહુલ ગાંધીની 'ભારત જોડો' અભિયાનને 'ભારત તોડો' અભિયાન ગણાવ્યું હતું અને તેમાં અરાજકતાવાદી અને ત્રાસવાદી જૂથો જોડાયા હોવાનો આક્ષેપ કર્યો હતો. 'રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કરવા આવ્યા છે. તેઓ અરાજકતાવાદીઓને જે રીતે ભેગા કરી રહ્યા છે તે દેશ અને રાજ્ય માટે જોખમી છે', એમ નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

## એકનાથ શિંદેએ આપી ૧૦ ગેરન્ટી

શિંદેએ ૧૦ મોટી જાહેરાતો કરી હતી. શિંદેએ કહ્યું હતું કે જો રાજ્યમાં મહાયુતિની સરકાર આવશે તો આ ઘોષણાઓનો અમલ કરવામાં આવશે. તેમાં લાડકી બહેન યોજના હેઠળની ચૂકવણીમાં વધારો કરવા માટે ખેડૂતો માટે લોન માફીની જાહેરાતનો સમાવેશ થાય છે. આ સભામાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ હાજર રહ્યા હતા. આ સભામાં એકનાથ શિંદેએ દસ મોટા વચનોની જાહેરાત કરી હતી. શિંદેએ કહ્યું હતું કે જો તેઓ સત્તામાં આવશે તો લાડકી બહેન યોજનાના હાલ રૂ. ૧૫૦૦ રૂપિયા અપાય છે તેને વધારીને દર મહિને ૨૧૦૦ રૂપિયા કરવામાં આવશે. પોલીસ દળમાં પચીસ હજાર મહિલાઓની ભરતી કરવામાં આવશે. હાલમાં ખેડૂત સન્માન યોજનામાં જે ૧૨,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે, તેને વધારીને રૂ.૧૫૦૦૦ રૂપિયા કરવામાં આવશે. આમ ખેડૂતોને ૧૫,૦૦૦ રૂપિયાની લોન માફી આપવામાં આવશે. તેમણે દરેકને ખોરાક અને આશ્રયની ગેરંટી આપી છે. શિંદેએ એવી પણ જાહેરાત કરી હતી કે તેઓ પેન્શનધારકોને ૧૫૦૦ના બદલે ૨૧૦૦ રૂપિયા આપશે. ગઠબંધન સરકાર દરમિયાન બાળાસાહેબ ઠાકરેએ પાંચ આવશ્યક ચીજવસ્તુઓના ભાવ સ્થિર રાખ્યા હતા. એ જ રીતે મહાયુતિની સરકાર આવશે તો આ આવશ્યક ચીજવસ્તુઓના ભાવ સ્થિર રાખવાનું તેમણે વચન આપ્યું છે.

## રાહુલે દેખાડેલી બંધારણની લાલ કિતાબ

કોઇ અધિકાર નથી કે બંધારણનો રંગ લાલ હોવા જોઇકે કે પીળો અથવા કાળો. શું ભાજપ અને ફડણવીસ બંધારણને બચાવવાની સરખામણી શહેરી નકસલવાદ સાથે કરી રહ્યા છે?

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં અરાજકતાવાદીઓ અને ત્રાસવાદીઓ જોડાયા હતા એવા ફડણવીસના નિવેદન પર પટોલેએ સવાલ કર્યો હતો કે કૉંગ્રેસની યાત્રામાં જે મરાઠી લોકો જોડાયા હતા તેઓ શહેરી નકસલીઓ છે? અને કહ્યું હતું કે ફડણવીસે એ તમામ મરાઠી લોકોની માફી માગવી જોઇએ જેઓ ભારત જોડો યાત્રામાં જોડાયા હતા. રાહુલ ગાંધીએ બંધારણ બચાવવાની ઝુંબેશ હાથ ધરી છે.

## જાતિ આધારિત જનગણના કરાશે જ : રાહુલ ગાંધી

નાગપુરઃ દેશમાં જાતિ આધારિત વસતી ગણતરી કરવામાં આવશે અને તેને કારણે દલિત, ઓબીસી અને આદિવાસી સમુદાયના લોકો સાથે થતો અન્યાય દૂર થશે, એમ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે જણાવ્યું હતું.

'જાતિના આધારે વસતી ગણતરીથી બધુ સ્પષ્ટ થઇ જશે. દરેકને ખબર પડશે કે તેમની પાસે કેટલી સત્તા છે અને અમારી શું ભૂમિકા હશે', એમ રાહુલ ગાંધીએ નાગપુરમાં સંવિધાન સન્માન સંમેલનને સંબોધતા જણાવ્યું હતું. (પીટીઆઇ)

## અજિત પવારની એનસીપી

રીતે નબળા વર્ગની છોકરીઓનાં શિક્ષણ માટે નાણાંની સહાય જેવી અનેક યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. આ તમામ યોજનાઓને ઉત્તમ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. અમે તાલુકા સ્તરે પણ જાહેરનામું બહાર પાડી રહ્યા છીએ. સ્થાનિક સ્તરના ઢંઢેરામાં વિધાનસભ્યો કામ કરશે. અમે જે હેલ્પલાઈન શરૂ કરી છે એમાં પચીસ લાખ કોલ આવ્યા છે. હવે અમે ટોલ ફ્રી નંબર પણ શરૂ કરી રહ્યા છીએ.

## બંધારણ સંબંધિત ફેક નૅરટિવનાં પરિણામ મહાયુતિએ ભોગવ્યાં હતાંઃ અજિતદાદા

બારામતીઃ લોકસભાની ચૂંટણીમાં બંધારણ સંબંધિત વિપક્ષો દ્વારા ફેક નૅરટિવ ફેલાવવામાં આવ્યું હતું જેનાં પરિણામ મહાયુતિએ ભોગવવા પડ્યા હતા, એમ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે બુધવારે જણાવ્યું હતું.


વિપક્ષો દ્વારા ફેક નૅરટિવ ફેલાવવાને કારણે લોકસભાની ચૂંટણીમાં મહાયુતિને નુકસાન થયું હતું, પરંતુ હવે મહાયુતિ માટે રાજ્યમાં સત્તા પર આવવા માટે અનુકૂળ વાતાવરણ છે અને તેનું શ્રેય સરકારની લોક કલ્યાણકારી યોજનાઓને જાય છે. મહાવિકાસ આઘાડી (એમવીએ) ફક્ત વચનો આપી રહી છે, પરંતુ તે વચનો પૂરાં કરી શકશે નહીં, એમ અજિત પવારે જણાવ્યું હતું.

## 'એક હૈ તો નેક

મોદીના નેતૃત્વ હેઠળની મહાયુતિ છે અને બીજી તરફ મહાવિકાસ આઘાડીના રૂપમાં 'મહા અનાડી'નું ગઠબંધન છે. આ અનાડી ગઠબંધનમાં દેશ, ધર્મ અથવા રાષ્ટ્રવાદ માટે કોઇ સન્માન નથી. વિપક્ષોને આડેહાથે લેતા યોગીએ કહ્યું હતું કે મહારાષ્ટ્રના છત્રપતિ શિવાજી મહારાજ આગ્રા જઇને ઔરંગઝેબ સામે પડકાર ફેંક્યો હતો. તેઓ આપણી માટે આદર્શ છે. તેઓએ મૂલ્યોના રક્ષણાર્થે લડાઇ લડી હતી. એ સંઘર્ષ હવે આપણે પણ કરવાનો છે, એમ તેમણે વધુમાં કહ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ



## નવા વર્ષમાં આ ઈન્વેસ્ટમેન્ટ ખાસ કરવા જેવું છે!

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

નવા વર્ષમાં આપણે જાતજાતનું પ્લાનિંગ કરીએ કે નવાં સંકલ્પ લઈએ. જોકે, આપણે પ્રારંભે શૂરી પ્રજા છીએ એટલે આપણે થોડા દિવસો એ સંકલ્પો પર મચેલા રહીએ પછી બધું હરિ.. હરિ ને કડડભૂસ..

અલબત્ત, આરોગ્ય એવી વાત છે કે એમાં પ્રારંભે શૂરાનો નિયમ નહીં ચાલે, કારણ કે ઉંમરના એક પડાવ સુધી તો બધુ યોગ્ય રીતે ચાલતું હોય છે, પરંતુ જો આપણા જીવનની ત્રીસી કે ચાળીસીથી આપણે અમુક ટેવ નહીં પાડીશું તો આપણા જીવનમાં પચાસના દાયકાથી રોગોની વણઝાર શરૂ થઈ જશે ને આપણે માટે જીવન નરક સમાન થઈ જશે એટલે જ જો નવા વર્ષના બીજા કોઈ સંકલ્પો પર આપણે કામ કરીએ કે ન કરીએ, પરંતુ આપણે આરોગ્ય પર હમણાંથી જ ધ્યાન રાખવું રહ્યું.

હા, આરોગ્ય પર ધ્યાન રાખવું એ કંઈ રોકેટ સાયન્સ નથી. બસ, આપણે થોડી નિયમિતતા જાળવવાની છે. એટલું કરીશું તો પણ આપણે અનેક રોગથી બચી શકીશું અને અત્યંત આનંદથી જીવી શકીશું એની પક્કી ગેરેન્ટી ...

### ઊંઘ પર ધ્યાન આપીએ...

સારા આરોગ્ય માટે જો કોઈ એક અત્યંત મહત્ત્વની વાત હોય તો એ ઊંઘ છે. ઊંઘને લઈને આપણે શરીર સાથે મોટો અન્યાય કરીએ છીએ. હંમેશાં ઊંઘવાને લઈને આપણે ધાંધિયા કરીએ છીએ, પરંતુ આપણા શરીરને ઓછામાં ઓછી સાત કલાકની ઊંઘ જોઈતી હોય છે. એમાંય વહેલાં ઊંઘને વહેલાં ઊઠવા જેવું બીજું કોઈ સુખ નહીં, પરંતુ આપણે તો રાતના બારએક વાગ્યા સુધી આપણી રાત નથી પડવા દેતા અને સવારે તો આપણો દિવસ નિયત સમયે શરૂ કરી દેવો પડે. આખરે આપણે સૌ ચીઠ્ઠીના ચાકર છીએ. એટલે આખરમાં થાય શું? એની ઘેરી અસર આપણી ઊંઘ પર પડે છે. એને કારણે શરીરમાં થાક અને વિકાર જન્મે છે.

### બહારનું ખાવાનું ટાળીએ...

એકવીસમી સદીમાં આપણે માટે જો કોઈ એક વાત અભિશાપ સાબિત થવાની હોય તો એ છે ‘સ્વિગી’ અને ‘ઝોમેટો’ જેવી ફાસ્ટ સર્વિસનું આગમન. એક તો આપણે બહારનો- બીનઆરોગ્યપ્રદ ખોરાકમાં અવ્વલ ને એમાં વળી આવી ફૂડ ડિલિવરી એપ્પ્સ,જેણે આપણને વધુ સરળતા કરી આપી એટલે હવે ઘરેથી પણ અઠવાડિયામાં બે-ત્રણ વાર ઓર્ડર કરતા થઈ ગયા છે. આ એપ્પ્સ કેટલી મિનિટમાં આપણે ત્યાં ખોરાક મોકલશે એની ચર્ચા તો આપણે કરીએ છીએ, પરંતુ આપણા ઘરે થોડી જ મિનિટોમાં આવતો ખોરાક આરોગ્યપ્રદ કેટલો હશે એ વિશે આપણે કોઈ ચર્ચા નથી કરતા. જોકે, આ બહારનો ખોરાક માત્ર ઓછી મિનિટ્સમાં આપણે ત્યાં નથી આવતો, પરંતુ આપણું જીવનને પણ ઓછું કરે છે. આની સાથે આપણે સુગર પર પણ કંટ્રોલ કરવો જોઈએ, જેથી સુગર- ડાયાબિટીસને લગતા પ્રશ્ન આપણને નહીં રંજાડે.

### કસરત કરીએ મસ્ત રહીએ...

કસરત કે ચાલવાને લઈને આપણે અત્યંત આળસુ છીએ. આપણને વાત વાતમાં ઓટો કે કેબ કરવાની આદત પડી ગઈ છે, કારણ કે આપણે માનીએ છીએ કે કેબ કે ઓટો કરી લેવો એ કમ્ફર્ટ છે અને ચાલવું એ કડાકૂટ છે!

જોકે, રોજ અમુક મિનિટ્સ સુધી ચાલવું કે અમુક ડગલા ચાલવું આપણે માટે અત્યંત જરૂરી છે. આ તો ઠીક, રોજ અડધા કલાકની થોડી કસરત પણ આપણા માટે મહત્ત્વની છે. જીમ જવાય કે ન જવાય, પરંતુ ઘરે અડધો કલાક હાથ-પગ- ગરદન કે પેટને ચુસ્ત રાખે એવી કસરતો કરવી જોઈએ, જેથી શરીર હંમેશાં ચુસ્ત રહે, ખાધેલો ખોરાક પચી જાય અને યોગ્ય ઊંઘ પણ આવે.. ■



## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## નવા વર્ષનો સંકલ્પ છે કે ....

ડિયર હની,

નવા વર્ષનો પ્રારંભ થઇ ગયો છે. એ વિષે સંદેશાઓની ભરમાર છે. હવે તો આ સંદેશા વાંચીને ઉબકા આવે છે. નવા વર્ષમાં સંકલ્પોની વાત પણ થયા કરે છે. નવા વર્ષમાં આ સંકલ્પ લેવો ને તે લેવો ....ન્યૂ યર રિઝોલ્યુશન ... મોટાભાગે નવા વર્ષે સંકલ્પ લે છે અને પછી વર્ષનાં થોડા દિવસો વીતે કે એ બધા સંકલ્પ હવાહવાઈ થઇ જતા હોય છે. એના કરતાં તો સંકલ્પો લેવા જ નહિ એ વધુ સારું છે.

હા, એમ તો મેં એક વાર નક્કી કરેલું કે, ગિટાર શીખીશ. એક ગિટારવાદક મિત્રે તો કહેલું ય ખરું કે, રોજ એક કલાક આપો, છ મહિનામાં શીખડાવી દઈશ, પણ રોજ એક કલાક ના આપી શક્યો. સમય નહોતો એમ નહિ પણ સમયનું મેનેજમેન્ટ કરતા ના આવડ્યું. તારે કોઈ સંકલ્પ લેવાનો જ હોય તો કયો લે, એ જણાવજે. મને એ જાણવામાં રસ છે.

હા, મને ખબર છે કે, મારે કેવા સંકલ્પ લેવા જોઈએ એ વિષે તું શું માને છે. તું પહેલાં તો એમ જ કહીશ કે, ફોન કરીને પૂછીએ કે ક્યારે આવીશ? તો જવાબ મળે કે અડધો કલાકમાં, પણ એ અડધો કલાક તારો અડધો કલાક ક્યારેય નથી હતો....તો એવો સંકલ્પ લે કે, તું અડધો કલાક કહે તો અડધો કલાકમાં જ આવે. આ અડધો કલાક લાંબો થઇ જાય ત્યારે રાહ જોવી બહુ મુશ્કેલ બની જતી હોય છે.

તારી વાત સાચી છે, પણ સાચું કહું, આપણે ક્યાંય બહાર જવાનું હોય અને હું પૂછું કે, કેટલી વાર? તો તારો એક જ જવાબ હોય કે, બસ પાંચ મિનિટ અને આ તારી પાંચ મિનિટ પણ મારા અડધા કલાક જેવી હોય છે અને એ વિતાવવાનું પણ તારી જેમ જ મુશ્કેલ બની જતું હોય છે. મને એ ક્યારેય સમજાયું નથી કે, સ્ત્રીને તૈયાર થવામાં આટલી બધી વાર કેમ લાગતી હશે? કદાચ આ સવાલ દરેક પુરુષને સતાવે છે કારણ કે એ યુનિવર્સલ છે. તો ચાલ, સંકલ્પ લઈએ કે, મારી અડધી કલાક અડધી કલાક જ હશે અને તારી પેલી પાંચ મિનિટ પાંચ મિનિટ જ રહેશે.

તને વાંચવાનો શોખ છે ને મને તો છે જ. મારી પાસે ઘણાં બધાં પુસ્તકો એવા ય છે જે વાંચવા બાકી છે. સાથે ઘણાં બધાં એવાય છે કે બીજીવાર વાંચવા જોઈએ. જોકે, એવું બનતું નથી. મને એક વિચાર આવે છે કે, દર અઠવાડિયે આપણે એક દિવસમાં એકાદ કલાક એવો રાખીએ કે જેમાં માત્ર પુસ્તક વિશે જ વાત થાય. તું એકાદ પુસ્તક વાંચ અને હું પણ વાંચું. પછી બંને એ પુસ્તક વિશે વાત કરીએ. પુસ્તકમાં સારું શું છે, એમાં ના ગમ્યું એ એવું શું છે? એના વિષે ચર્ચા કરીશું. બહુ મજા આવશે. મને ખબર છે કે, તને અશ્વિની ભટ્ટ ગમે છે અને તને ખબર છે કે, મને હરકિસન મહેતા ય ગમે છે અને ચન્દ્રકાન્ત બક્ષી પણ.... કોઈ વાર કોઈ હિન્દી કે અંગ્રેજી લેખક વિષે પણ વાત થઇ શકે. કોઈ ગમતી કવિતા વિષે કેમ વાત ના થાય !

-અને હા,એક સંકલ્પ તો લેવો જ છે. દર વર્ષે આઠ દસ દિવસ આપના બંને માટે આપવા છે અને એ માટે કોઈ ના જોયેલી કે અજાણી જગાએ જવું છે. એ માટે આગોતરું આયોજન પણ કરી લઈશું. એ માટે કોઈ ટ્રાવેલ એજન્ટ પાસે પેકેજ કરાવવું જ એવું જરૂરી નથી. આપણે આપણી રીતે જઈશું. એ કારણે થોડી અગવડ પડી શકે પણ એની ય મજા છે. બધું પહેલેથી જ નિર્ધારિત કરીને જઈએ તો એ પછી રૂટિન બનવા લાગે છે. રોજ સવારે ગાડીમાં બેસી જવાનું, નક્કી થયેલા સ્થળોએ જવાનું અને ફટાફટ બીજા સ્થળે પહોચવાનું. એમાં શું મજા આવે? કોઈ સ્થળ તમને વધુ ગમે તો ત્યાં વધુ સમય રોકાઈ ના શકીએ તો ત્યાં જવાનો શો ફાયદો? એકાદ જગા છૂટી જાય તો ભલે છૂટી જાય, પણ ગમતા સ્થળની યાદો શ્વાસોમાં ભરવા ના મળે તો એ તો ફોગટ ફેરો ગણાય.

છેલ્લે એક વાત કરું તો એ તારા લગતી છે. તું કોઈ વાતે ગુસ્સે થાય અને પછી રીસે ચઢે ત્યારે મારી શું હાલત થાય છે એ તને કેમ બયાં કરું. તું રિસાયેલી રહે છે એ સમય મારા માટે બહુ અકારો હોય છે. હું મારા કામે તો જાઉં છું પણ કામમાં મન લાગતું નથી. તારું રિસાયેલું મોં મારા સામે તરવર્યા કરે છે. શું આ રિસાવાનો સમય છે એ ઘટી ના શકે? તું રિસાય તો મને મનાવવામાં કોઈ વાંધો નથી, પણ એમાં સફળ થવામાં મને વાર બહુ લાગે છે અને એનું કષ્ટ બહુ થાય છે. તો નક્કી કર કે રિસાઈશ નહિ અને રિસાય તો જલદી માની જઈશ. લેડી છો, છતાંય આજે જેન્ટલમેન પ્રોમિસ આપ !

નવા વર્ષમાં આટલું નક્કી કરીએ તો ઘણું.

તારો બન્ની

# સંધ્યા છાયા

## અહીં નવી જ દૃષ્ટિ -નવી જ દિશા મળે છે...

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

એકલતા માણસને કોરી ખાય છે. માનવ સામાજિક પ્રાણી છે. એને લોકો સાથે રહેવું- હળવું -મળવું ગમે છે એટલે જ તો વારતહેવારે સભાઓ, મેળાવડાઓનું આયોજન થાય છે. જે લોકો ઘરમાં એકલા રહે છે. એમને જીવન આકરું લાગવા માંડે છે અને આ યુગમાં તો એવાં કેટલાંય લોકો છે, જે એકલા જીવે છે. આજકાલ તો સ્ત્રીઓ પણ સાવ એકલી થઇ જાય છે, કારણ કે ‘કુંવારી ડોશી ન હોય’ એ વાતનો છેદ દાયકાઓથી ઊડી ગયો છે. પહેલાં પોતાની કરિયરને પ્રાધાન્ય આપીને લગ્ન ન કર્યા હોય એ વખતે તો માતા-પિતા- ભાઇ-બહેન બધાં હોય પછી ધીમે ધીમે બધાંનો સાથ છૂટી જાય અને પ્રવૃત્તિમાં ગળાડૂબ રહેતી વ્યક્તિ અચાનક સાવ એકલી -નવરી થઇ જાય ત્યારે એકલતા ભરડો લેવા માંડે છે.

થોડા સમય પહેલાં એક વૃદ્ધાશ્રમના સંચાલકે અમને ઉર્વશીબહેનની ઓળખાણ કરાવી. ઉર્વશીબહેન છેલ્લાં બે વર્ષથી આ વૃદ્ધાશ્રમમાં રહેવાં આવ્યાં છે. ઊંચા, ગોરા, બોલ્ડ કટ રૂપેરી વાળ, સરસ મજાના સલવાર- કમીઝ પહેરેલાં ઉર્વશીબહેન પ્રથમ નજરે જ સામેની વ્યક્તિને આકર્ષિત કરી દે તેવું વ્યક્તિત્વ ધરાવે છે. ઉર્વશીબહેનના વ્યક્તિત્વથી ઇમ્પ્રેસ થઇ ગયેલા અમે એમની સાથે વાત શરૂ કરી :

‘કેમ છો ?’

‘ફાઇન, થેંકયું’, સ્મિત વેરતા ઉર્વશીબહેને જવાબ આપ્યો.

‘આપની ઉંમર?’

‘આપને કેટલી લાગે છે?’ પ્રશ્નના ઉત્તરમાં પ્રશ્ન આવ્યો.

‘૬૪-૬૫ હશે.’

‘મને ૭૫ વર્ષ થયાં !.’

‘ઓહો, જરાય લાગતા નથી.’

‘હા, એ મારી જીવનશૈલીને કારણે!’

‘અમે આપની જીવનકથા સાંભળવા માંગીએ છીએ.’

‘મારી જીવનકથામાં ખાસ કાંઇ નવું કે હટકે નથી, છતાંય જો મારી વિશે જાણવું જ હોય તો હું જણાવીશ.’ આમ કહીને ઉર્વશીબહેને વાત શરૂ કરી:

‘મારો જન્મ ગુજરાતમાં. પિતા વકીલ અને માતા શિક્ષિકા. અમે બે બહેન. હું મોટી અને એક નાની બહેન. સરસ શિક્ષિત અમારો પરિવાર. પૈસે ટકે પણ સમૃદ્ધ કહી શકાય. શિક્ષિકા માતાએ અમને બન્ને બહેનોને સારા સંસ્કાર આપ્યા. સારી રીતભાત શીખવી. સારું શિક્ષણ આપ્યું. સારાં પુસ્તકોનું વાંચન કરવા પ્રેર્યા. નાનપણથી જ હું ખૂબ વાંચતી. સાહિત્ય પ્રત્યે મારો બહુ ઝુકાવ. તેથી એસ. એસ. સી.માં ઉત્તીર્ણ થયા બાદ મેં આટ્ર્સમાં જવાનું પસંદ કર્યું. મારી બહેન સાયન્સમાં ગઇ. મારા પિતા બહુ ફ્રેન્ડલી નેચર ધરાવતા હતા. આમ સમય વીતતો હતો. હું ગ્રેજયુએટ થઇ, એમ. એ. કર્યું. માતા-પિતાને લાગ્યુ કે હવે મારે લગ્ન માટે વિચારવું જોઇએ. એટલે મારા માટે મૂરતિયાની શોધ શરૂ થઈ. ઘણાં મૂરતિયા જોયા પણ મને કોઇ મારે યોગ્ય ન લાગ્યો. ઘણાં તો એવાં જૂનવાણી પરિવારના હતાં કે મને પૂછતા, ‘તમે નોકરી કરશો?’ હું કહેતી, ‘હાસ્તો વળી નોકરી તો કરું જ ને.’ એ એમને ન ગમતું. એમ. એ. પછી પણ મેં આગળ અભ્યાસ કર્યો. મને જાણીતી કોલેજમાં પ્રોફેસરની જોબ મળી ગઇ. એ દરમિયાન લગ્ન માટેની માતા-પિતાની કોશિશ ચાલુ જ હતી. મને ઘણીવાર લાગતું કે આ યુવકોને મારી સુંદરતા ઉપરાંત મારાં પગારમાં સારો એવો રસ છે. એમને એ જાણવામાં રસ હતો કે મારો પગાર કેટલો છે? ભવિષ્યમાં નવું ઘર લઇએ તો મારા પગારમાંથી હું ઘરની લોનના ઇએમઆઇ ભરીશ કે નહીં? આ બધાંને કારણે મારું મન ખાટું થઇ ગયું અને એક દિવસે મેં ઘરમાં જણાવી દીધું કે, ‘હું લગ્ન કરવા માંગતી નથી.’ એ દરમિયાન મારી નાની બહેન એન્જિનિયર થઇ ગઇ હતી. એ મારાથી બે જ વર્ષ નાની હતી એટલે મેં માતા-પિતાને નાની બહેનના લગ્ન વિશે વિચારવા જણાવી દીધું. નાની બહેનને સાથે ભણતો એક યુવક પસંદ હતો. તેથી એનું લગ્ન ગોઠવાઇ ગયું. નાની બહેન લગ્ન પછી કેનેડા ચાલી ગઇ. ઘરમાં રહી ગયા અમે ત્રણ. મમ્મી રિટાયર્ડ થઇ ગયાં હતાં. પપ્પા પણ હવે બહુ ઓછા કેસ લેતા હતા. મારી જોબ ચાલુ હતી. હું ગળાડૂબ કામમાં વ્યસ્ત હતી. કામની સાથે સાથે પી.એચ.ડી. પણ કરી રહી હતી. મારી પાસે બિલકુલ સમય ન હતો. એવામાં મમ્મીને કેન્સર ડિટેક્ટ થયું. મારી જવાબદારી વધી. બહુ જ સેવા-સુશ્રુષા, સારવાર છતાં મમ્મીને બચાવી ન શક્યાં. હું ને પપ્પા બે જ રહ્યાં. હું સતત કામમાં હોવાને લીધે પપ્પા એકલા પડી ગયા અને થોડા જ સમયમાં એમનું પણ અવસાન થયું. હું એકલી પડી, પણ ઘણું કામ હોવાને લીધે વાંધો આવતો ન હતો. પી.એચ.ડી પણ થઇ ગઇ. પ્રમોશન થયું. ખૂબ કામ કરતી પણ રાતે ઘેર આવીને એકલતા ચટકા ભરતી હતી. પણ સવાર પડતા કામે લાગી જતી એટલે વાંધો આવતો ન હતો. વર્ષો આમ જ વીતી ગયાં. રિટાયર્ડ થઇ. ખરી કસોટી હવે શરૂ થઇ. આખો દિવસ કામમાં વ્યસ્ત રહેનાર વ્યક્તિ અચાનક નવરી થઇ જાય તો તેની શું હાલત થાય? વળી ઘરમાં એકલી. ઘર ખાવા ધાતું હતું. જરાય ગમતું ન હતું. માતા-પિતા યાદ આવતા હતા. વાંચવું ગમતું હતું, પણ કેટલું વાંચી શકાય? મારે લોકોની કંપની જોઇતી હતી. મારી એક સહેલીએ આ વૃદ્ધાશ્રમ વિશે વાત કરી. હું અહીં આવી. સંચાલકોને મળી. અહીં રહેતા લોકોને મળી. મને ગમ્યુ અને અહીં રહેવા આવી ગઇ. આ છે મારી કહાની.’

‘તમને અહીં ગમે છે?’ પ્રશ્નના ઉત્તરમાં ઉર્વશીબહેન કહે છે : ‘બહુ જ ગમે છે. અહીં આવીને મારી જિંદગી જ બદલાઇ ગઇ છે. મારી ઉંમરના લોકોનો સંગાથ છે. સાહિત્યમાં રસ ધરાવનાર થોડા મિત્રો પણ બની ગયા છે, જેની સાથે હું વાર્તા, કવિતા વિશે વાત કરી શકું છું. આશ્રમના સ્ટાફને એમનાં ઑફિસ કામમાં પણ મદદ કરું છું. અહીં હું બધાંની ઉર્વી દાદી છું. અહીં આવીને મને લાગે છે કે હું ફરીથી મારા પરિવાર સાથે રહેવા આવી છું. તેથી જ કહું છું આવાં વૃદ્ધાશ્રમો અમારા જેવી એકલી વ્યક્તિ માટે તો આશીર્વાદરૂપ જ છે. સમયે સમયે તમારાં -ચા-પાણી-નાસ્તા-જમવાની વ્યવસ્થા થઇ જાય છે. ડોક્ટર્સ તમારા સ્વાસ્થ્યની સંભાળ લે છે. સમવયસ્કોની કંપની એન્જોય કરી શકાય છે અને જો તમારામાં કોઇ આવડત હોય તો આશ્રમને કે આશ્રમના રહેવાસીઓને મદદરૂપ પણ થઇ શકો. મને તો અહીં આવીને જીવન જીવવાની નવી જ દૃષ્ટિ -નવી જ દિશા પ્રાપ્ત થઇ છે...!’ સ્મિતસહ ઉર્વશીબહેન પોતાની વાતનું સમાપન કરે છે. ■

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# નૃત્ય મારો વ્યવસાય નહીં, મારા અસ્તિત્વનો અંશ છે

(ભાગ: ૪)

નામ: સોનલ માનસિંહ
સ્થળ: સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સ, ન્યૂ દિલ્હી
સમય: ૨૦૨૪
ઉંમર: ૮૦ વર્ષ

જીવન કેટલું અદ્ભુત છે! ૧૯૭૨માં મ્યુનિક ઓલિમ્પિક્સ માટેના ફોટોશૂટમાં હું જ્યોર્જને મળી હતી... એ ક્ષણ મારા જીવનની સૌથી જીવંત અને અવિસ્મરણીય ક્ષણ છે. બે વર્ષ જાણે પલક ઝપકતાં પસાર થઈ ગયાં. હું એની સાથે જર્મની શિફ્ટ થઈ ગઈ. અમે જર્મનીમાં નૃત્ય સાધનાની શરૂઆત કરી. એણે મારી કલાને આંતરરાષ્ટ્રીય સ્તર પર પહોંચાડવામાં ઘણી મદદ કરી છે. જ્યોર્જ એક સારો માણસ છે, પરંતુ સાથે જ જીવવું એ અમારી નિયતિ નહીં હોય, કદાચ. '૨૪ ઓગસ્ટ, ૧૯૭૪ના દિવસે અમે એક કાર્યક્રમમાંથી પાછા ફરી રહ્યા હતા ત્યારે અમારો એક્સિડેન્ટ થયો. એવો ભયાનક એક્સિડેન્ટ હતો કે જોનાર કોઈપણ વ્યક્તિને લાગે કે આમાં બેઠેલી વ્યક્તિ જીવિત નહીં બચી હોય, પરંતુ અમે બંને બચી ગયાં. જોકે, મને એ એક્સિડેન્ટની અસરમાંથી બહાર નીકળતા ઘણો સમય લાગ્યો. જ્યારે ગાડી અથડાઈ અને ધડાકો થયો ત્યારે બેહોશ થવાની ક્ષણ પહેલાં મેં એક જ વિચાર કરેલો, જીવન નશ્વર છે, પરંતુ કલા અમર છે. હું આ એક્સિડેન્ટમાંથી બચું કે નહીં, પરંતુ મારી કલા મારા અસ્તિત્વ પછી પણ જીવતી રહેશે એની મને ખાતરી છે.'

જર્મનીમાં થયેલા એક્સિડેન્ટ પછી ડૉક્ટર્સે કહી દીધું હતું કે, 'હું ચાલી શકીશ, એક સામાન્ય જિંદગી જીવી શકીશ, પરંતુ નૃત્ય નહીં કરી શકું.' મારી આસપાસના લોકો નિરાંત થયા હતા, પરંતુ હું નહીં. મેં તૂટેલા પગે અને ભાંગેલી કરોડરજ્જુ સાથે નૃત્યની સાધના રજૂ કરી. ડૉક્ટર્સની ચેતવણી છતાં મેં નૃત્ય કરવાનું છોડ્યું નહીં. ૯ મહિનાના અથાગ પરિશ્રમ પછી ૨૦ એપ્રિલ, ૧૯૭૫ના દિવસે મેં મુંબઈના રંગભવનમાં મારો પહેલો (એક્સિડેન્ટ પછીનો પહેલો) નૃત્યનો કાર્યક્રમ રજૂ કર્યો ત્યારે પ્રેક્ષકોએ ઊભા થઈને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. હું પણ રડી પડી... આપણે સામાન્ય રીતે એવું માની લઈએ છીએ કે નિયતિએ કરેલો નિર્ણય આખરી છે... પરંતુ, નિયતિની આગળ પણ વિનંતી કરી શકાય છે, વિનંતી ન માને તો સંઘર્ષ અને સંઘર્ષ પણ ન માને તો જીદે ચડીને પણ વ્યક્તિ પોતાનું ધાર્યું કરી શકે છે એ વાતનો હું જીવતો જાગતો નમૂનો છું.



નૃત્યાંગના તરીકેની મારી કારકિર્દી તો ઉજ્જવળ છે જ, પરંતુ એ પછી અનેક લોકોએ મને નૃત્ય શિક્ષક તરીકે આમંત્રિત કરવાનું શરૂ કર્યું ત્યારે મને એક વિચાર આવ્યો કે, ભારતીય નૃત્ય કલાની આ અદ્ભુત પરંપરાને જીવંત રાખવી એ પણ મારી જવાબદારીનો જ એક હિસ્સો છે. મેં ઘણું વિચાર્યા પછી સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સની સ્થાપના કરી. હું બહુ નસીબદાર છું કે વિતેલી પેઢીના અનેક મહાન ગુરુઓ પાસે મને શીખવાની તક મળી. બાલા સરસ્વતી પાસે હું નૃત્ય શીખી. ભાનુમતીદેવી પાસે કુંભકોણમમાં રહીને એમના ઘરમાં હું નૃત્ય શીખી શકી... ડૉ. ટી.એન. રામચંદ્રન પાસે નાટ્યશાસ્ત્ર શીખી. રૂક્મણિદેવી અરૂડેલ ઘણી વખત અમારા ઘરે મહેમાન બન્યાં છે ને હું પણ એમને ત્યાં રહીને શીખી શકી. એથી આગળ વધીને વિચારું તો સમજાય કે, મેં કેવા કલાકારોને નૃત્ય કરતાં નિહાળ્યાં છે-મારું સદ્ભાગ્ય છે કે જે લોકો નૃત્ય શાસ્ત્રના આરાધ્યદેવ કહેવાય એવા શાંતા રાવ, કમલા લક્ષ્મણ, ગુરુ રાઉણી મેનન, કુંજુ નાયર, કુંજુ કુરૂપ અને મણિપુરીના અમોઘી સિંઘ, વેદાંતમ સત્યનારાયણ શર્મા જેવા કલાકારોને નજરે નિહાળવાની મને તક મળી છે. હું ગઈકાલ અને આજ વચ્ચેનો એક સોનેરી સેતુ બની શકી, એ વાતે મારા નૃત્યને અને મારા ઈશ્વરને હંમેશાં નમન કરું છું.

ગઈકાલના નૃત્ય ગુરુઓ પાસેથી હું શીખી શકી. આજના કલાકારો સાથે નવી નવી ટેક્નિક અને નવા વિચારોના નૃત્યના પ્રયોગો કરવાની મને તક મળી અને આવતીકાલના અનેક કલાકારો મારી સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સ, ન્યૂ દિલ્હીમાં દેશ-વિદેશથી આવીને નૃત્ય સાધના કરે છે. નવી નવી તરાહના પ્રયોગ કરે છે અને વિશ્વભરમાં ભારતીય કલા, નૃત્ય અને નાટ્યશાસ્ત્રનો પ્રચાર થઈ શકે છે. પશ્ચિમ અને પૂર્વ વચ્ચે એક મોટો તફાવત એ છે કે પશ્ચિમમાં 'નવતર પ્રયોગ' અથવા 'નવો વિચાર' એ એક્સાઈટમેન્ટ છે, જ્યારે ભારતીય અથવા પૂર્વની સંસ્કૃતિમાં આપણી મૂળ વેલ્યૂ સિસ્ટમ-સંસ્કૃતિ ને પરંપરાને કાયમ રાખીને જે નવું વિચારી શકાય અથવા થઈ શકે એ આપણે માટે 'પ્રયોગ' છે. મેં નૃત્ય શાસ્ત્ર સાથે અનેક પ્રયોગો કર્યા. ઇન્દ્રધનુષ, મેરા ભારત, દ્રૌપદી, ગીત ગોવિંદ, સબરસ, ચતુરંગ, પંચકન્યા, દેવી દુર્ગા, આત્માયન, સમન્વય જેવા અનેક શો મેં નૃત્યના વિવિધ સ્વરૂપોને એકત્ર કરીને ડિઝાઈન કર્યા. જેની ભરપૂર સરાહના થઈ.

૬૦ના દશક પહેલાં ભારતમાં ચાર જ પ્રકારના નૃત્ય પ્રચલિત હતા, ભરત નાટ્યમ, કથક, કથકલી, મણિપુરી... ૬૦ના દશકમાં પહેલી વાર ઈન્દ્રાણી રહેમાન નામની એક કલાગુરુએ 'કુચીપુડી' નૃત્યને ભારતીય કલા જગતની ઓળખાણ કરાવી. લોકોને ત્યારે ખૂબ નવાઈ લાગતી કે આ ક્યા પ્રકારનું નૃત્ય છે. કેટલાક લોકો મજાક કરતા, 'હલવા પુરી, આલુ પુરી,' પરંતુ સમય સાથે પણ એ નૃત્યને પોતાની ઓળખ મળી. મેં મારા નૃત્ય પ્રયોગોમાં પણ કુચીપુડીને સમ્મિલિત કર્યું. એ પછી મોહિની અટ્ટમની ઓળખ થઈ. અત્યારે સાવ નવો નૃત્ય પ્રયોગ શત્રિય અમે સૌ જુદી જ રીતે રજૂ કરીએ છીએ. ભારતના સૌથી પુરાણા નાટ્ય અને નૃત્યના મિશ્ર એવા કલા સ્વરૂપ 'કોડીઅટ્ટમ'ને પણ જનસામાન્ય સુધી લઈ આવવાનું શ્રેય મને મળ્યું છે.

એક નૃત્યાંગના તરીકે આજે પણ, ૮૦ વર્ષની ઉંમરે જ્યારે પાછું વળીને જોઉં છું ત્યારે દેખાય છે મણિપુરી ડાન્સ કરતી એક નાનકડી સોનલ. જેને કલ્પના પણ નહોતી કે, એક દિવસ એ 'ડૉ. સોનલ માનસિંહ' બનશે. ૧૯૯૨માં 'પદ્મભૂષણ'નો અને ૨૦૦૩માં 'પદ્મવિભૂષણ'નો અવૉર્ડ મેળવશે અને વિશ્વભરમાં લોકો એના પ્રશંસક હશે... આવું મેં ક્યારેય વિચાર્યું નહોતું. મારે માટે નૃત્ય એ પેશન હતું, એમ્બિશન કે મહત્ત્વાકાંક્ષા નહોતી. મારે ક્યાંક પહોંચવું છે, કશુંક મેળવી લેવું છે અથવા નૃત્ય દ્વારા પ્રસિદ્ધિ કે નામના મેળવવી છે એવું કંઈ મારા મનમાં નહોતું. મારે માટે નૃત્ય એ મારા અસ્તિત્વ સાથેનું એક અનુસંધાન છે-જેના દ્વારા હું મારી જાતને પામી, એ પછી હું જે પામી તે મેં જનસામાન્ય સુધી પહોંચાડ્યું. વિશ્વભરમાં ભારતીય નૃત્યને વિખ્યાત કરવાનું કામ સોંપીને કદાચ મને પરમપિતાએ આ ધરતી પર મોકલી, ને મેં મારું કામ સુપેરે-પૂરી શ્રદ્ધા અને શિદ્દતથી કર્યું છે એવું હું કહી શકું છું.

એક વાર બુએનોસ એરિસમાં હું પરફોર્મ કરતી હતી. અમે મેરિ નામના એક પોએટની કવિતા, જે ક્રિશ્ચિન વિભાવના પર આધારિત છે, એના ઉપર એક નાનકડું નૃત્ય રજૂ કર્યું, જ્યારે કાર્યક્રમ પૂરો થયો ત્યારે એમ્બેસેડર અને બીજા લોકો તો મને મળવા આવ્યા જ, પરંતુ એક બહુ મોટા પાદરી પણ મને મળવા આવ્યા. એમની આંખોમાં આંસુ હતાં, એમણે મારો હાથ પકડ્યો-મારી હથેળીના પાછળના ભાગે આદરપૂર્વક ચુંબન કર્યું, ઘૂંટણ પર બેઠા અને સ્પેનિશ ભાષામાં મને કહ્યું, 'આજે તમારા નૃત્યમાં હું ક્રાઈસ્ટને જોઈ શક્યો.' મેં મારા દુભાષિયાને કહ્યું, 'હું જે કહું છું એને કાળજીપૂર્વક અને શબ્દશઃ અનુવાદ કરજો.' એ પછી મેં એ મહાન પાદરીને જવાબ આપ્યો, 'મારે માટે કૃષ્ણ અને ક્રાઈસ્ટ ભિન્ન નથી. બંનેનો સંદેશ અને બંનેની વિભાવના એક જ છે. બેઉ જગતના કલ્યાણ માટે જન્મ લે છે... બંને ધર્મની સંસ્થાપના કરે છે. આપને મારા નૃત્યમાં ક્રાઈસ્ટની અનુભૂતિ થઈ એ મારું અહોભાગ્ય છે.' આ સાંભળીને એ પાદરી ફરી રડવા લાગ્યા. એમણે કહ્યું, 'તમે ક્રિશ્ચયન છો?' મેં કહ્યું, 'ના. હિન્દુ છું.' એમણે ફરી વખત મારો હાથ પકડીને મને કહ્યું, 'તમે તમારી નૃત્યની કલા સાધના દ્વારા વિશ્વને ધર્મનો સંદેશ આપી રહ્યા છો. આ સંદેશમાં તમે જે આપી રહ્યા છો એ એટલું બધું બહુમૂલ્ય છે કે એને શબ્દોમાં મૂલવી શકાય તેમ નથી. 'હું આપને પ્રણામ કરું છું...' આવી તો અનેક અનુભૂતિ મને અવારનવાર થઈ છે. પ્રેક્ષક ગૃહમાં બેઠેલા અનેક લોકો મારી પાસે આવીને મને કહે છે, 'તમે અદ્ભુત નૃત્ય કરો છો...' હું નાનકડું સ્મિત કરીને એમને નમસ્કાર કરું છું, પરંતુ હું જાણું છું કે હું જે કંઈ કરું છું એ નૃત્ય નથી, મારા ઈશ્વરની-એક પરમતત્ત્વની આરાધના છે. નૃત્યની ક્ષણો દરમિયાન હું એ પરમતત્ત્વનો અંશ બની જાઉં છું. મારા દ્વારા એ પરમતત્ત્વ-એ તેજ પ્રેક્ષકો સુધી પહોંચે છે તેથી એમને મારા નૃત્યમાં કશીક અદ્ભુત, કશીક અલૌકિક અનુભૂતિ થાય છે...

જન્મ સમયે બાળકની મુઠ્ઠી બંધ હોય છે અને મૃત્યુ પામતા માણસની મુઠ્ઠી ખુલ્લી ... એક રીતે જોવા જઈએ તો આ બહુ પ્રતીકાત્મક છે કારણ કે, નવજાત શિશુ પોતાની મુઠ્ઠીમાં પોતાની નિયતિ લઈને આવે છે અને જીવન જીવીને ગયેલી વ્યક્તિ પોતાની સાથે લાવેલી નિયતિ, કલા, અસ્તિત્વ આ જગત માટે છોડીને ખાલી હાથે પ્રયાણ કરે છે. આ જગતમાં મને જે કંઈ મળ્યું છે એ બધું જ હું આ જગતમાં મૂકીને પ્રયાણ કરીશ, પરંતુ મારી સાથે મારી સાધના અને મારા સ્મરણો જશે, જે મારે માટે અમૂલ્ય મૂડી છે. (સમાપ્ત) ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સપનું સાકાર થાય એ પળ...



શહેરની પ્રખ્યાત ટેકનોલોજી યુનિવર્સિટીના સેન્ટ્રલ ઓડિટોરિયમમાં આજે હંમેશ કરતાં થોડી વધુ સંખ્યામાં લોકો આવી રહ્યા હતાં, કારણ કે આજનો કાર્યક્રમ માત્ર વિદ્યાર્થીઓ માટે નહતો. એ સહુ માટે હતો. ધીમે ધીમે ભરાઈ રહેલી સીટ્સને પડદાં પાછળથી તાકી રહેલી બે આંખ સામે લગાવેલા મોટા બેનર પર સ્થિર થઈ : 'The Unstoppable Dreamer - 'હેલી પ્રધાન', એન ઈન્સ્પિરેશન ફોર ન્યુ જનરેશન'

આ વાંચીને એ ભૂતકાળમાં ગોથાં ખાવા લાગી.

હેલી સતર વર્ષની હાઈસ્કૂલ સ્ટુડન્ટ. નાનપણથી ટેક્નોલોજીની દુનિયાનું એને ગજબ આકર્ષણ. ટીનએજમાં પગ મૂકતાવેંત એ કલાકો અવનવા ગેજેટ્સ, કોડિંગ, અને સોફ્ટવેરની નવી ટેકનિક્સ શીખવામાં વ્યસ્ત રહેતી. લોકોની જીવનશૈલીને સરળતાથી બદલી શકે એવી કોઈ એપ બનાવવાનું એનું સપનું હતું, જે ઉંમર વધતાં દિવસેને દિવસે વધુ મજબૂત બની રહેલું.

હેલીનાં એ સપનાંને પાંખ લાગવાના મંડાણ થયા સામાન્ય એવા પ્રોજેક્ટ થકી, જેમાં હેલી પોતાની સ્કૂલના વિદ્યાર્થીઓ માટે એક એવી મોબાઈલ એપ બનાવે છે કે જેના વડે એમનું ટાઈમ મેનેજમેન્ટ સરળતાથી કરી શકાય. હેલીના પ્રોજેક્ટને સ્કૂલમાં મળેલી અસાધારણ સફળતા બાદ હેલી અગણિત કલાકો રિસર્ચમાં ડૂબી રહેતી. સતત મગજ કસતી રહે ને અવનવા પ્રયોગો અજમાવતી રહે. એના પેરેન્ટ્સને આ બધું પહેલા અજૂગતું લાગતું, પણ ધીમે-ધીમે એ ટેવાય ગયેલાં તો ફ્રેન્ડ્સ પણ હેલીને વધુ ડિસ્ટર્બ કરવાનું ટાળતા. આમ છતાં જાણ્યા-અજાણ્યા લોકો હેલીની ક્ષમતા પર પ્રશ્નાર્થ કરતા અચકાતા નહીં. 'એમ કંઈ બોલવાથી સાયન્ટિસ્ટ થોડી બની જવાય? કમ્પ્યુટરના નામે ઉપાડો લીધો છે ને આવુ કરીને શું મળી જવાનું છે?' જેવી ટીકા-ટીપ્પણીનો છાશવારે ભોગ બનવું હેલી માટે સામાન્ય વાત હતી.

સફળતાની સીડીએ ઉપર તરફ ધકેલનારાઓ કરતાં નીચે ખેંચનારાઓની સંખ્યા હંમેશાં વધુ હોય છે. એ જ્ઞાન હજુ હેલીના ટીનએજ મનમાં પૂરેપૂરું લધાયું નહોતું એટલે એ વારંવાર અકળાઈ ઉઠતી. આમ તો એની પાસે રિસોર્સના નામે શૂન્ય કહી શકાય એ પ્રકારની સગવડતા. કોઈ નવું સોફ્ટવેર કે સાધનો નહીં. ના એવી આર્થિક સ્થિતિ કે વિદેશમાં ભણવા જઈ શકાય કે મન પડે એમ પૈસા વાપરી શકાય. આ બધા વચ્ચે હેલી પર પાછું ભણતરનું દબાણ તો ખરું જ.

'આપણે કંઈ માર્ક ઝુકરબર્ગ છીએ કે આવી એપ બનાવવાથી બિલિયોનર બની જઈશું! એટલે ભણવામાં વધુ ધ્યાન આપો...' એવુ ખુદ પપ્પાએ એને કહી દીધેલું. હેલીને પણ ક્યારેક પોતાની આવડત પર સવાલ થઈ ઉઠતો: 'શું હું આ કરી શકું એમ છું? મારો સમય ખોટી જગ્યાએ બરબાદ તો નથી કરી રહી ને?'

સ્કૂલ વર્ક, પ્રોજેક્ટ્સ, ટ્યુશન ક્લાસ આ બધાં વચ્ચે સમતોલન જાળવવું અને સાથોસાથ અશક્ય લાગતા સપનાની પાછળ દોટ મુકવી એ કંઈ ખાવાના ખેલ નથી હોતા.

અંતે હેલીએ જેમ-તેમ કરી એકલપંડે પોતાની એપનો પહેલો પ્રોટો ટાઈપ બનાવ્યો, પણ એ સદંતર નિષ્ફળ નીવડતા હેલીના તો જાણે સાતેય વહાણ ડૂબી ગયા. સ્કૂલમાં એના ગાઈડ માફક વર્તતા કમ્પ્યુટરના સરે પણ બધું છોડી દેવાની સલાહ આપી.

હેલીનું ટીનએજ મન આ રિજેકશન-અસ્વીકાર સાંખી શક્યું નહીં. પરિણામ સ્વરૂપ સ્કૂલમાં એના પ્રોજેક્ટ અધૂરા રહેવા લાગ્યા. એ વર્ષે રિઝલ્ટ પણ સારું ના આવ્યું, એપ તો બનીજ નહોતી એટલે આસપાસના લોકો માટે એ હાંસીપાત્ર ટીનેજર બની બેસી. પોતા પર થઈ રહેલી ટીકા- ટીપ્પણીઓએ હેલીને હચમચાવી દીધી. એણે નક્કી કર્યું કે હવે તો ગમે તે થાય, હું મારા લક્ષ્યને પૂરું કરીને જ રહીશ. જેના ભાગરૂપે એ ઓનલાઈન કોડિંગ કોમ્યુનિટી સાથે જોડાઈ ગઈ. વેકેશન દરમિયાન અનેક વર્કશોપ, સેમિનાર્સ તેમજ કોર્સિસમાં ભાગ લીધો. એપ બનાવવાના શોખીન અન્ય વિદ્યાર્થીઓ સાથે એણે ઓનલાઇન કોલાબોરેશન કર્યું. પોતાની ભૂલોમાંથી પોતે જ શીખી હોય એમ એપની પ્રોટોટાઈપ ડિઝાઈનને મઠારતી ચાલી.

અંતે એક સેમિનાર દરમિયાન હેલીને અતિ સફળ આંત્રપ્રેનોરને મળવાનું થયું, જેના ગાઈડન્સ તેમજ આર્થિક સપોર્ટ હેઠળ હેલી પોતાની એપને આખરી ઓપ આપવા કટીબધ્ધ બની. મહિનાઓની મહેનતના અંતે હેલીની એપ -'ટાઈમ માસ્ટર'ને લોકપ્રિયતા મળવાની શરૂ થઈ. એટલું જ નહી, એને કોડિંગ કોમ્પિટિશનનો અવૉર્ડ પણ મળ્યો. એક ટેક મેગેઝિનમાં એના વિશે આર્ટીકલ પણ છપાયો. તરુણાવસ્થામાં જ હેલીને જિંદગીએ પેશન્સ એટલે કે ઝનૂન અને ધૈર્યનું મહત્ત્વ શીખવી દીધું. જીવનમાં આવતા અવરોધોને પાર કરવા નિષ્ફળતાઓમાંથી શીખવું બહુ જરૂરી છે. ટીનએજ દરમિયાન હેલી માફક જાતને કોઈ એક લક્ષ્ય આપી દેવાથી જીવનને ઘણું સભર બનાવી શકાતું હોય છે, પણ એ માટે જાત પર વિશ્વાસ, પોતાની આવડત પર શ્રદ્ધા અને લક્ષ્યવેધ કરવા પાછળ ભોગ આપવો પડે.

આજે વીસ વર્ષ પૂરા કરી ટીનએજમાંથી નવીસવી એડલ્ટ બનેલી હેલી પોતાની એપને વૈશ્વિક સ્તરે પહોંચાડવાના નવા સપનાની ઉડાન ભરવા તૈયાર છે. હજુ પણ એ સતત નવું ઇન્સ્પાયરિંગ-પ્રેરણા આપી શકે- પોતાના સપનાઓને સાકાર કરી શકે એવી ટ્રીક્સ શોધતી રહે છે. એની આસપાસના લોકો, એને વખોડનારા અને વખાણનારા વ્યક્તિઓની સંખ્યામાં જબરજસ્ત ફેરફાર થઈ ચૂક્યો છે.

આમેય સફળતા તમારી પાસે ઘણું બધું ખેંચીને લાવે છે ને ઘણું બધું તમારાથી દૂર પણ લઈ જાય છે. એ વાત હવે હેલી સુપેરે સમજી ચૂકી છે. આજે નજર સામે આખું ઓડિટોરિયમ ખીચોખીચ ભરાય ગયું છે. સ્ટેજ પર પોતાનું નામ બોલાતાં જ તાળીઓથી હોલ ગાજી ઉઠ્યો છે.... ત્યારે ભૂતકાળને ખંખેરી, ઊંડો શ્વાસ ભરીને હેલી એના જેવા અનેક એસ્પિરેન્ટ્સ-મહત્ત્વાકાંક્ષીઓને સંબોધવા સ્ટેજ તરફ ગૌરવભેર આગળ વધે છે... ■

## ભારતની વીરાંગનાઓ

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# ઓલિમ્પિક હોકીમાં ગોલની હૅટ-ટ્રિક કરનાર વંદના કટારિયા



ભારતની રાષ્ટ્રીય રમત એટલે હોકી. હોકી દેશની સૌથી જૂની રમત છે. હોકી વક્ર લાકડી વડે રમાય છે. લાકડીનો હેતુ બોલને આગળ ખસેડવાનો અને ગોલ કરવાનો છે. તે ગોલને રોકવાની જવાબદારી ગોલકીપરની હોય છે. ગોલકીપર ગોલ રોકવાનો પ્રયાસ કરે અને સ્ટ્રાઈકર ગોલ કરવાનો પ્રયત્ન કરે... ખેલાડી ગોલ ફટકારવામાં કુશળ હોય તો તેના શોટ સફળતાપૂર્વક ગોલ પોસ્ટમાં પ્રવેશે છે. ગોલ થાય ત્યારે ખેલાડીઓમાં દિવાળીની ઉજવણી થતી હોય છે. એવામાં કોઈ ખેલાડી એકસાથે ત્રણ ત્રણ ગોલ કરે તો ઈતિહાસ રચાઈ જાય...એ ખેલાડીને જાણો છો ?

એનું નામ વંદના કટારિયા... ભારતની ઉત્કૃષ્ટ હોકી ખેલાડી. રાજ્ય સ્તરે, કે રાષ્ટ્રીય સ્તરે જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરનાર ખેલાડી. ૨૦૨૦માં ટોકિયો ઓલિમ્પિકમાં ગોલની હૅટ-ટ્રિક કરનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે વંદના કટારિયા. આ રમતવીરે એકથી વધુ સિદ્ધિ મેળવી છે. ૨૦૧૩માં જર્મનીના મોનચેંગ્લાદબાકમાં આયોજિત જુનિયર વિશ્વ કપમાં ચાર મેચમાં પાંચ ગોલ સાથે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની. પરિણામે ભારતને કાંસ્ય ચંદ્રક મળ્યો. વંદનાએ ૨૦૧૪માં ઇંચિયોનમાં આયોજિત એશિયાઈ ખેલોમાં કાંસ્ય ચંદ્રક, ૨૦૧૪માં જ જાપાનના ગિફૂમાં આયોજિત એશિયા કપમાં સુવર્ણ ચંદ્રક અને ૨૦૧૮માં જાકાર્તામાં આયોજિત એશિયાઈ ખેલોમાં રજત ચંદ્રક અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવેલી. દુનિયામાં દેશને ગૌરવ અપાવવા બદલ વંદનાને ઘણા પુરસ્કારોથી નવાજવામાં આવી છે. ૨૦૨૧માં ઉત્તરાખંડ સરકારે તિલી રૌતાલી પુરસ્કાર, ભારત સરકારે ૨૦૨૧માં એને અર્જુન પુરસ્કારથી અને ૨૦૨૨માં દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત કરેલી.

વંદના કટારિયાનો જન્મ ૧૫ એપ્રિલ ૧૯૯૨ના ઉત્તરાખંડમાં હરિદ્વાર જિલ્લાના રોશનાબાદમાં મધ્યમવર્ગીય પરિવારમાં થયેલો. શાળામાં ભણતી ત્યારે વંદના ખો ખોની પ્રતિયોગિતામાં ભાગ લેતી. ૨૦૦૨અં વંદનાએ ખો ખોની રાષ્ટ્રીય પ્રતિયોગિતામાં વિક્રમ સર્જેલો. એક વાર વંદના રોશનાબાદના સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં ખો ખો રમતી હતી ત્યારે જિલ્લા ખેલ અધિકારી કૃષ્ણ કુમારે એની સ્ફૂર્તિથી પ્રભાવિત થઈને હોકી રમવા માટે પ્રેરી.

વંદનાને હોકી રમવામાં રસ પડ્યો, પણ એના માટે હોકી પ્લેયર બનવાનું સપનું પૂરું કરવું એટલું સરળ નહોતું. પણ ખારા રણમાં મીઠી વીરડી સમાન પિતા નાહર સિંહ કટારિયાએ હોકીની રમતમાં આગળ વધવા પ્રોત્સાહન આપ્યું. વંદનાએ એક મુલાકાતમાં કહેલું કે, ખેલ સુવિધા ન હોવાને કારણે ૨૦૦૫માં હું લખનઉ હોસ્ટેલમાં દાખલ થઈ. એ સમયે મને સતત મૂંઝવણ થતી કે મારે રમવાનું જારી રાખવું જોઈએ કે નહીં. પણ પિતાજીએ મને કોઈ પણ પ્રકારની ચિંતા કર્યા વિના રમતમાં ધ્યાન આપવા કહ્યું.'

પરિવારના વિરોધ અને પિતાના વાત્સલ્ય વચ્ચે ફંગોળાતી વંદનાએ આખરે પિતાની સલાહ માનીને હોકી પર સઘળું ધ્યાન કેન્દ્રિત કર્યું. જોકે એ દિવસોમાં વંદના પાસે અભ્યાસ કરવા યોગ્ય સાધનો નહોતા. એથી પોતાના કૌશલ્યને નિખારવા વૃક્ષની ડાળીઓને હોકી બનાવી પ્રેક્ટિસ કરતી. વંદનાના પહેલા કોચ પ્રદીપ ચિન્યોતી યોગ્ય તાલીમ માટે તેને ૨૦૦૪માં મેરઠ લઈ ગયા. લગભગ ત્રણ વર્ષ બાદ, ૨૦૦૬ માં કેડી સિંહ બાબુ સ્ટેડિયમ લખનઉમાં એણે એડમિશન લીધું. ત્યાં વંદનાના પ્રશિક્ષણ સાથે હોકીની સફર પણ શરૂ થઈ ગઈ હતી.વંદનાની ધગશ અને સખત મહેનત મહેંદીના રંગની જેમ ખીલી ઊઠી. તેની નિષ્ઠાનું પરિણામ એ આવ્યું કે વંદનાને ભારતની જુનિયર મહિલા ટીમ માટે રમવાનું પ્રથમ આમંત્રણ મળ્યું.

વંદના કટારિયાએ ૨૦૦૬માં જુનિયર ખેલાડી રૂપે પદાર્પણ કર્યું. સીનિયર આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં એણે ૨૦૧૦માં ભાગ લીધો. વંદના કટારિયા મહિલા હોકી જુનિયર વર્લ્ડ કપમાં ભારતની ટોપ સ્કોરર બનીને ૨૦૧૩માં પ્રખ્યાત થઈ, જ્યાં એ સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગઈ. તેણે આ ટુર્નામેન્ટમાં ચાર મેચમાં પાંચ ગોલ કર્યા. ફળસ્વરૂપે ભારતે કાંસ્ય ચંદ્રક જીત્યો. વંદના ગ્લાસગો, સ્કોટલેન્ડમાં કોમનવેલ્થ ગેમ્સ- ૨૦૧૪માં કેનેડા સામે રમતી વખતે ૧૦૦મી આંતરરાષ્ટ્રીય કેપ જીતેલી. વંદનાએ રિયો ૨૦૧૬ પછી ભારતની મહિલા હોકી ટીમનું પણ નેતૃત્વ કર્યું. ૨૦૧૬ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે અગાઉની કેપ્ટન સુશીલા ચાનુની ભૂમિકા તેણે ભજવેલી. તેના નેતૃત્વમાં ભારતે ફાઇનલમાં ચીનને ૨-૧થી હરાવીને ૨૦૧૬ની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતેલી. તેના શાનદાર પ્રદર્શન માટે ૨૩ નવેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૧૬ દરમિયાન મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી માટે તેને રાષ્ટ્રીય ટીમની કેપ્ટન તરીકે સુકાન સોંપાયેલું. વંદનાએ ભારત માટે ૨૫૦ આંતરરાષ્ટ્રીય મેચ પૂર્ણ કરી છે. તે હંમેશા ભારતીય મહિલા ટીમ માટે અનુભવી આક્રમણ લાઇનનો ભાગ રહી છે. વંદના ઓલિમ્પિક રમતોની મેચમાં ગોલની હેટ્રિક કરનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી પણ બનેલી.

પોતાની આ સફળતા માટે વંદના સઘળો શ્રેય પિતા નાહર સિંહને આપે છે. જોકે ટોકિયો ઓલિમ્પિકની તૈયારી વખતે વંદનાએ તેના કુસ્તીબાજ પિતાને ગુમાવી દીધેલા. પરંતુ તેણે ખેલદિલી બતાવી ટીમ સાથે રહેવાનો વિકલ્પ પસંદ કર્યો. પ્રેમાળ પિતાને આખરી ક્ષણોમાં એ જોઈ પણ નહોતી શકી. પણ પોતાના હૃદયમાં પિતા જીવિત છે, એમ માનતી વંદનાએ એક મુલાકાતમાં કહેલું કે 'કાંસ્ય ચંદ્રક મેળવવો એ મારી ગમતી પળોમાંની એક છે. મારા પિતાને મીડિયા દ્વારા વાતચીત માટે બોલાવવામાં આવ્યા ત્યારે તેમની આંખોમાં આંસુ હતા. મારા પિતાને ગૌરવ અપાવવું એ મારી હોકી સફરની શ્રેષ્ઠ ક્ષણોમાંની એક છે.'

વંદનાની કારકિર્દીની કેડી કંડારવામાં પિતા પછી જો કોઈ હોય તો એ છે આર્જેન્ટિનાની લુસિયાના અયમાર. વંદનાએ લુસિયાનાની રમતથી પ્રેરાઈને શાનદાર ખેલ કૌશલ્ય વિકસાવ્યું છે. આર્જેન્ટિનાના ફૂટબોલ સ્ટાર મારાડોનાના નામે લુસિયાનાને હોકીની મારાડોના કહે છે. વંદના કટારિયા ભારતીય હોકીની લુસિયાના અયમાર બનવા ઉત્સુક છે ! ■




ફેશન
ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# કેડિયા સ્ટાઈલ?

કેડિયા સ્ટાઇલ એટલે કે ઓવર લેપિંગ સ્ટાઇલ. ઓવર લેપિંગ એટલે જ્યારે એક ગારમેન્ટ બીજા ગારમેન્ટ પર આવે અને જ્યાં ગારમેન્ટ લેયરિંગ પૂરું થાય ત્યાં દોરી બાંધવામાં આવે. ઓવર લેપિંગ એટલે એક સ્ટાઈલમાં થયેલું એક જાતનું ફેબ્રિક લેયરિંગ. આ સ્ટાઇલને કેડિયા સ્ટાઇલ પણ કહેવાય છે. આ સ્ટાઇલ ખૂબ જ જૂની છે છતાં પણ સ્ટાઇલાઇઝ્ડ લાગે છે. અને કેડિયા સ્ટાઇલ કે ઓવર લેપિંગ સ્ટાઇલ ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતી નથી.આ સ્ટાઇલ કોઈ પણ વયની યુવતી કે મહિલા પહેરી શકે. એમ કહી શકાય કે આ સ્ટાઇલ યુનિસેક્સ છે એટલે કે પુરુષોમાં પણ આ સ્ટાઇલ ખૂબ જ પ્રખ્યાત છે. ઓવરલેપિંગમાં ઘણી પેટર્ન આવે છે જેમકે, યોક આપીને કે જેમાં માત્ર યોકમાંજ ઓવેર લેપિંગ સ્ટાઇલ હોય કે પછી ફુલ ઓવર લેપિંગ સ્ટાઇલ કે જેમાં ફેબ્રિકનું લેયરિંગ વ્યવસ્થિત રીતે દેખાય છે. ઓવર લેપિંગ સ્ટાઇલમાં દર્સની હેમલાઈનમાં પણ અલગ અલગ રીતે વેરિએશન આપી શકાય છે. ચાલો જાણીયે કઈ ઓવર લેપિંગ સ્ટાઇલ કઈ રીતે પહેરી શકાય.



યોક સ્ટાઇલ-જ્યારે પણ ઓવર લેપિંગ સ્ટાઇલ યોકવાળા ડ્રેસમાં કરવામાં આવે છે ત્યારે માત્ર દેખાવ માટે કરવામાં આવે છે. એટલે કે તેમાં ફેબ્રિકનું લેયરિંગ નથી હોતું. યોક એટલે કે જે ડ્રેસમાં, બસ્ટ લાઈન પર સ્ટિચિંગ હોય અને પછી પેટર્ન અનુસાર ડ્રેસમાં એ લાઈન અથવા ઘેરો આપવામાં આવે છે. આ પેટર્ન શોર્ટ લેન્થ એટલે કે હિપ લેન્થ કુર્તીમાં વધારે જોવા મળે છે કે જે યુવતીઓ ડેનિમ કે જેગિંગ સાથે પહેરે છે. આ પેટર્ન મોટા ભાગે કોટન ફેબ્રિકમાં વધારે સારી લાગે છે. જ્યારે કોટન ફેબ્રિકને મિક્સ એન્ડ મેચ કરવામાં આવે ત્યારે ઓવેર લેપિંગ પેટર્નનો ઉપયોગ થાય છે કે જેમાં તમે ફેબ્રિક વેરિએશન સાથે પ્રિન્ટ વેરિએશન પણ બતાવી શકો. યોક પછી એ-લાઈન પેટર્ન આપવી કે ઘેરાવાળી પેટર્ન એવી તે તમે તમારા શરીરના બાંધાને અનુસાર નક્કી કરી શકો.ઓવર લેપિંગ કુર્તીમાં મોટે ભાગે ફ્લોરલ પ્રિન્ટનો વપરાશ થાય છે અને કોન્ટ્રેસ્ટ કલરના ફેબ્રિકનો ઉપયોગ થાય છે. જેથી કરી ફેબ્રિકના કલર વેરિએશન દેખાય અને કુર્તીનો દેખાવ અટ્રેક્ટિવ લાગે.

લોન્ગ એ-લાઈન -લોન્ગ ડ્રેસમાં ઓવર લેપિંગ પેટર્ન બે રીતે થઈ શકે. ડ્રેસમાં માત્ર ઓવર લેપિંગ પેટર્ન દેખાડી અથવા તો ખરેખર ફેબ્રિકને ઓવર લેપ કરીને. જો તમારે ડ્રેસમાં માત્ર ઓવર લેપિંગ પેટર્ન શો માટે જ કરવી હોય તો જરૂર કરતાં વધારે ફેબ્રિક ન જોઈએ. માત્ર ફેબ્રિકની જે પ્રિન્ટ હોય તેને હિસાબે જ મિક્સ એન્ડ મેચ કરી અલગ લુક આપવાનો હોય છે. આ પેટર્ન કરવામાં કુર્તીના બે ભાગ પડે છે. તમારી ચોઈસ મુજબ તમે પ્રિન્ટનું વેરિએશન અથવા પ્લેન અને પ્રિન્ટેડ ફેબ્રિકનું મિક્સ એન્ડ મેચ કરી શકો છો. જેમકે મરુન કલરની પ્રિન્ટ સાથે ગોલ્ડન યેલો પ્રિન્ટ લેવી. અથવા તો પ્લેન બ્લુ કલરના ફેબ્રિક સાથે પિન્ક કલરની પ્રિન્ટવાળું ફેબ્રિક લેવું. તમારા સ્કિન ટોન મુજબ તમે ફેબ્રિકના કલરની પસંદગી કરી શકો.

ઓવર લેપિંગની સાચી રીત તો એક ફેબ્રિક પર બીજા ફેબ્રિકનું લેયર આવે અને જ્યાં લેયરિંગ પૂરું થાય ત્યાં દોરી બાંધવામાં આવે. જ્યાં દોરી બાંધીયે ત્યાંથી હેમલાઇન સુધી ફેબ્રિક સીધું રાખવામાં આવે અથવા તો થોડો શેપ આપી ક્રોસ કટિંગ પણ કરવામાં આવે. આ પેટર્નમાં ફેબ્રિક થોડું વધારે વપરાય છે. આ પેટર્ન પહેરવાથી એકદમ ઓથેન્ટિક લુક આવે છે. બસ્ટ લાઈન અને કમરની વચ્ચે દોરી બાંધવી જેથી તેનો લુક સારો આવે અને પહેરવામાં પણ કમ્ફર્ટેબલ લાગે. આ પેટર્નમાં પણ તમે ફેબ્રિક વેરિએશન કરી શકો છો. અથવા આનો પ્લેન ડ્રેસ સાથે લેસનો ઉપયોગ પણ કરી શકાય. લેસમાં પણ સેલ્ફ ટુ સેલ્ફ કે પછી પ્લેન કલર સાથે કોન્ટ્રાસ્ટ કલરની લેસનો ઉપયોગ ડ્રેસને અલગ જ લુક આપશે. રો સિલ્ક કે મટકા સિલ્ક ફેબ્રિક સાથે ઓવર લેપિંગ પેટર્ન કરવી અને ડ્રેસમાં કળીનો ઉપયોગ કરવો. જેથી થોડો ડ્રેસમાં ઘેરો લાગે અને ત્યાર બાદ જે ફેબ્રિકનું લેયરિંગ છે તેની કોર્નર પર બનારસી બોર્ડર મુકવી. આ રીતે ડ્રેસનો લુક સિમ્પલ છતાં એલિગન્ટ આવશે. આ પેટર્નના ડ્રેસ સાથે ચુડીદાર, લુઝ પલાઝો અથવા સ્ટ્રેટ પેન્ટ સારા લાગે છે. તમારા બોડી ટાઈપ અને ડ્રેસની સ્ટાઇલિંગ મુજબ તમે બોટમની પસંદગી કરી શકો. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# ફાયર કેમ્પના અવનવા અભરખા



મોન્સૂન કેમ્પના છેલ્લા દિવસે નેવું વર્ષનાં શાંતિ બહેનને પત્રકારે પૂછ્યું :

'તમને આ મોન્સૂન કેમ્પમાં આવવાનું કેમ ગમ્યું? તમને અહીં મજા પડી?'

જીવનમાં ક્યારેય અશાંત નહીં રહેનારા એવા એમના એકાણું વર્ષના પતિ દિનકરભાઈ તરફ આંગળી બતાવી શાંતિબહેને બોલવાનું ચાલુ કર્યું:

'વાત એમ છે ભાઈ, આ મારા પતિએ જીવનમાં મને એક પણ કેમ્પ બતાવ્યો સુધ્ધાં નહોતો. ફિલ્મમાં ફાયર કેમ્પની આસપાસ હીરો-હીરોઈનને એકબીજાને પ્રેમ કરતાં, પ્રેમનાં ગીતો ગાતાં જોઈને મારો અંદરનો માંહ્યલો કૂદાકૂદ કરતો. મેં કંઈ કેટલીયે વાર કીધું હશે કે મને કોઈ કેમ્પમાં લઈ જાવ... આમ એકદમ પહાડ, નદી, ઝરણાં, જંગલ અને ભરપૂર ઠંડી પડતી હોય, લાકડાં સળગતાં હોય અને આપણે બે જણા રાતની નીરવ શાંતિમાં તાપતાં હોઈએ, પ્રેમ ગીતો ગાતાં હોઈએ, એવું કંઈક કરો. પણ આ દિનકરની બત્તી ક્યારેય ચાર્જ ના થઈ તે ના જ થઈ. ઠેઠ નેવુંમે વરહે મને આ મોન્સૂન કેમ્પમાં લાવીને મૂકી દીધી અને પોતે રામ જાણે, ક્યાંના ક્યાં રખડે છે! નથી અહીંયા કોઈ ફાયર કે નથી અહીંયા કોઈ શાયર કે બે હારાં પ્રેમનાં ગીત ગઝલ લલકારે..'

પત્રકારે શાંતિબહેનના અશાંત હૃદયના પ્રલાપો સાંભળીને દિનકરભાઈને ઉશ્કેરવાનો લાભ લઈ જ લીધો :

'હાં, તો હા દિનકરભાઈ, શાંતિબહેનની વાત સાંભળતાં મને એટલું સમજાય છે કે તમે જીવનભર એમને અન્યાય કર્યો છે. તમે એમનાં હૃદયના ઉન્માદો અને એષણાઓને જીવતે જીવ ધરબી દીધાં અને જીવનના આ છેલ્લા પડાવે પણ તમે એમની ઇચ્છા પ્રમાણેનો ફાયર કેમ્પ યોજી શક્યા નથી. ઊલટાનું તમે મોન્સૂન કેમ્પમાં, હકડેઠઠ વૃદ્ધોવાળા કેમ્પમાં અઢી દિવસ માટે એકલાં છોડીને ખુદ બહાર ફરતા રહ્યા છો. એ કંઈ સારું કહેવાય? આ વિશે તમારે કંઈ કહેવું છે?'

(બળતામાં ઘી નાખતાં તો કોઈ આવા પત્રકાર પાસેથી શીખે!)

'જુઓ ભાઈ, આ નેવું વરસ સુધી એકનો એક ચહેરો, એકની એક ટકટક, એકની એક માંગ સાથે અહીં સુધી ગાડું ખેંચી લાવ્યો છું, એ કંઈ ઓછું છે? તમે જ કહો. નેવું વરહે હવે હું ઉન્માદ ને હું રોમાન્સ! હવે તો એણે ભજન ગાવાં જોઈએ, જેથી બીજો ભવ સુધરે અને મારા કરતાં સારો એવો કોઈ ભરથાર મળે, જે એને ફાયર કેમ્પમાં (દઝાડવા) લઈ જાય અને પ્રેમગીતો પણ આલાપે. બાકી ભાઈ, હું તો હવે થાક્યો છું. આટલું કર્યું એ કંઈ ઓછું થોડું છે?'

પછી તો પત્રકારને ઘી કે કપૂર હોમવાની જરૂર જ ન પડી. હજી એ કંઈ પ્રશ્ન પૂછે, એ પહેલાં જ શાંતિબહેને શરૂ કરી દીધું :

'હા... હા... અહીં સુધી ગાડું ખેંચ્યું, તે તમે ઉપકાર કર્યો! તે તમને મોટે ઉપાડે ઘોડે ચડીને આવવાનું કોણે કીધેલું? અને તે હોં પાછાં મારા બાપાએ કીધેલાં, એનાથી દસ ગણા જાનૈયા! ચાર ચાર બસ ભરીને આવી ચડેલા! ખાવાનું ખુટાડેલું, તે દાળમાં પાણી રેડવું પડેલું ને બીજી બધી વાનગી હારુ તપેલાં ફરી ચડાવવા પડેલાં. ને આ લગ્નનું ગાડું તમે એકલાએ ખેંચેલું? ને મેં બેઠાં બેઠાં તમાશો જોયો છે? આ પાંચ પોયરાંની પલટનને ઠેકાણે પાડવામાં મારો ફાળો કંઈ નહીં? બસ, બધું તમે જ વેંઢારેલું? મેં તો બસ, આખી જિંદગી સૂતાં સૂતાં જ ખાધેલું? અને ઓ પત્રકારભાઈ, તમે જ કહો. કેમ્પમાં આપણને એકલા મૂકીને દિનકર ધોળે દહાડે ચાંદ શોધવા બીજે ફાંફાં મારે, એ કંઈ વાજબી કહેવાય ને તે હોં આ ઉંમરે?! '

એટલામાં ત્યાં આવી ચડેલા બાણું વરસના આયોજક ધ્રૂજતા હાથે દિનકરભાઈનો ટેકો લેતાં બાજુની ખુરશીમાં બેસતાં બોલ્યા : 'દર વર્ષે યોજાતા આપણા સમૂહ મોન્સૂન કેમ્પમાં બધા સામૂહિક જીવન જીવતાં શીખે અને ગહન વિચારોની આપ-લે કરે, કંઈક નવું શીખે અને આવનાર વક્તાઓ પાસેથી ઉત્તમ જીવન કેવી રીતે જીવાય, રાત્રે ભજન કીર્તન કરતાં કરતાં ભક્તિરૂપી ભાથું બાંધીને ઉપર જવાનો માર્ગ સરળ બનાવે, એ જ આપણા મોન્સૂન કેમ્પનો મુખ્ય આશય હોય છે.'

તરત જ પત્રકારભાઈને એક નવો ટેકેદાર મળી ગયો. : 'હાં, તો આપ આ વયસ્ક મોન્સૂન કેમ્પના આયોજક લાગો છો. ભલા, આપનું શુભ નામ?'

ગળે ફાંસો આપતી ટાઈટ ટાઇને માંડ ધ્રૂજતા હાથે બરાબર કરતાં પેલા ભાઈ બોલ્યા :

'જી હા, હું જ આ ગ્રૂપનો કાયમી થઈ ગયેલો એકમાત્ર પ્રમુખ મિસ્ટર કાયમ હજારી...'

'હા, તો પ્રમુખ શ્રી કાયમ હજારી, તો તમારી સાથે તમારાં પત્ની નથી આવ્યાં કેમ્પમાં? '

'ના, મારાં પત્ની મારી સાથે એક પણ કેમ્પમાં આવતાં નથી.'

'કેમ નથી આવતાં?'

મારી પત્નીનું માનવાનું છે કે પૈસા ભરીને પણ જો તમે ને તમે જ ત્યાં સામે આવવાના હોય તો એના કરતાં તો અહીં હું તમારા ગયા પછી મારી મનપસંદ સખીઓને ભેગી કરીને કિટ્ટી પાર્ટી કરીશ અને સ્વિગી કે ઝોમેટો પરથી પીઝા-પાસ્તા-બર્ગર મંગાવીને ઝાપટીશ. તમારી સાથે બેસીને ભજન કીર્તન કરવાં કરતાં મારી બાકી રહી ગયેલી ઇચ્છાઓ હવે હું જલદી જલદી પૂરી કરવા માગું છું. મારે વક્તાઓના ગહન વિચારો સાંભળીને હવે આ ઉંમરે ક્યાં જવું છે? એટલે તમે તમારી રીતે બુદ્ધિમાં વધારો કરો અને હું ઘરમાં રહીને તનમાં વધારો કરું! '

'તે તમે તમારી પત્નીને આમ કરવાની રજા પણ આપી દીધી? '

'હા, મેં કાયમ માટે ઘરે રહેવાની રજા આપી દીધી. પત્રકારભાઈ, હવે સમજી જાવ ને. એને પણ સ્વતંત્રતા અને મને પણ મારી રીતે કેમ્પમાં મ્હાલવાની સ્વતંત્રતા !'

'પ્રમુખશ્રી, તમે અમારી પાસે બંનેના પૈસા ભરાવ્યા. તમે અમને કહેલું કે આ કેમ્પમાં કપલને જ એન્ટ્રી છે અને તમે એકલા આવ્યા છો? તમે અમને ઉલ્લુ બનાવ્યાં? અમારી ડબલ ફી ગઈ અને ફાયર કેમ્પની ફીલિંગની જગ્યાએ ખાલી ફાયર જ ફાયર અને ઘર જેવી ફીલિંગ! એનું શું? ભજન તો હું ઘેર કરું જ છું ને?'

આવી ફરિયાદ સાથે બે -ચાર વાંધા વચકાવાળા પણ પ્રમુખશ્રી પાસે આવીને ફરિયાદ કરવા જાય ત્યાં તો પત્રકારભાઈ યુદ્ધનું મેદાન છોડીને કેમ્પમાં ખરા અર્થમાં ફાયર સળગાવીને છૂ થઈ ગયા.

શાંતિબહેન અશાંતિનું કેન્દ્રબિંદુ શોધવા લાગ્યાં, પણ પત્રકારની જગ્યાએ દિનકર જ સામે આવ્યો પછી તો દિનકરનીઆખી રાત બગડી..પછી તો વહેલી પડે સવાર, વહેલું આવે ઘર! ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| लकब | ચમકારો |
| लकाकी | સંતાડવું |
| लगबग | શૈલી |
| लज्जा | ઉતાવળ |
| लपविणे | શરમ |

## ઓળખાણ પડી?

એક પ્રકારની ઝેરી વનસ્પતિના ફૂલની ઓળખાણ પડી? એના ફૂલ ધોળા, કાળા અને પીળા એમ ત્રણ પ્રકારના હોય છે અને એનો આકાર રણશિંગા જેવો હોય છે.



અ) પારિજાત બ) કેવડો ક) જાસૂદ ડ) ધતૂરો

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | બ | ૨ લ | ખ | | ૩ મ | ૪ હા | ન | ૫ ગ | ૬ રી |
| ણ | | સ | | ૭ મ | જૂ | સ | | ૮ મા | યા |
| ૯ કા | ૧૦ ર | ણ | | ૧૧ ક | ર | | ૧૨ ફ | ણ | સ |
| | મૂ | | ૧૩ રા | બ | | ૧૪ શ | | | ત |
| ૧૫ ભ | જ | ૧૬ ન | | ૧૭ રો | જ | બ | રો | ૧૮ જ | |
| રા | | ૧૯ ક | શ | | | રી | | ૨૦ મા | ૨૧ લ |
| ૨૨ વ | ૨૩ ક | રો | | ૨૪ પા | ન | | ૨૫ ગ | | ગ |
| ૨૬ દા | રા | | ૨૭ ક | સ | | ૨૮ અ | ણ | બ | ન |
| ૨૯ ર | મ | ૩૦ ખા | ણ | | ૩૧ પ્ર | તી | ત | | ગા |
| | ૩૨ ત | દ | બી | ર | | ૩૩ ત | ર | ગા | ળો |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | ૧૨ | |
| | | | ૧૩ | | | | ૧૪ | | |
| ૧૫ | | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | |
| | | ૧૯ | | | ૨૦ | | | | ૨૧ |
| ૨૨ | | | | ૨૩ | | | ૨૪ | ૨૫ | |
| | | | ૨૬ | | ૨૭ | | | ૨૮ | |
| ૨૯ | | ૩૦ | | | | | ૩૧ | | |
| | | | | | ૩૨ | | | | |

### આડી ચાવી

૧. મેઘધનુષ (૫)
૪. પુરોહિત, રાજા, રસોયો (૪)
૭. કામક્રીડા, આનંદ (૨)
૮. રખડેલ, બદમાશ (૩)
૯. ---- ઓથે ડુંગર (૩)
૧૧. લાગણી, પ્રેમ (૩)
૧૨. ક્યારેય (૨)
૧૩. શંકુ આકારની ભૂંગળી (૩)
૧૪. પરવંશ, લાચાર (૩)
૧૫. અભરાઈ (૩)
૧૭. સમાન (૪)
૧૯. ફળિયું - શહેરનું (૨)
૨૦. સત્ત્વ, સાર; જોર (૨)
૨૨. ઝેર (૩)
૨૪. મોટાઈ, મહત્તા, આદર (૩)
૨૬. ગાલ (ઉર્દૂ) (૪)
૨૮. સ્થળ, ઠેકાણું (૨)
૨૯. જાદુ, ચમત્કાર (૪)
૩૨. ફેરફાર (૫)

### ઊભી ચાવી

૧. નિર્દેશ, ઈશારો, સંકેત (૩)
૨. ત્રાગાં (૩)
૩. સ્તુતિ, પૂજા, વંદન (૨)
૪. ફોગટ, વગર પૈસે (૩)
૫. પરાજય (૨)
૬. જગતના ઈશ્વર (૪)
૮. લોઢાને આકર્ષનાર દ્રવ્ય (૫)
૧૦. મજાક, ગમ્મત, મશ્કરી (૩)
૧૧. અંગરખાનો છાતી નીચેનો ઘેર (૨)
૧૨. પરબીડિયું, પુસ્તકનું પૂઠું (૩)
૧૪. હવે (હિંદી) (૨)
૧૫. છાની વાતો (૬)
૧૬. કાયદેસર (અં.) (૩)
૧૮. કૃષ્ણે રચાવ્યો ---- (૨)
૨૧. સ્નાન, ડૂબકી મારવી તે (૫)
૨૩. જૂ નાં ઈંડાં (જો.છૂ.) (૨)
૨૫. ધૂળ (૨)
૨૬. ઋતુ (૨)
૨૭. ભલાઈ, સારાપણું (૩)
૩૦. સ્મૃતિનો પંડિત
૩૧. ---- આવવો એટલે શરીર તપવું (૩)

## ગુજરાત મોરી મોરી રે

સ્ત્રીના જેઠાણીના એકમાત્ર દિયરના સસરાનો એકમાત્ર પુત્ર સ્ત્રીના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) કાકા ક) ભાઈ ડ) ભાણિયો

## જાણવા જેવું

ગરમીમાં ચાર ગુણ હોય છે. જે ચીજમાં ગરમી દાખલ થાય છે તે ચીજનું કદ ફૂલીને વધે છે. કેટલાક નક્કર પદાર્થને તાવીને પ્રવાહી કરે છે. પાણી જેવા પદાર્થને તે વરાળ રૂપમાં લાવે છે અને જે જે ચીજો ગરમીથી કદમાં વધે નહીં અથવા હવા રૂપે ઊડી જઈ શકે નહીં તેવી ચીજોને તે બાળીને ભસ્મ કરી શકે છે.

## સુડોકુ-૭૦૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | ૯ | | | | ૧ |
| ૭ | | | ૬ | | ૫ | | | ૨ |
| | ૯ | | | ૧ | | | ૬ | |
| | ૭ | ૨ | | | | ૫ | ૯ | |
| ૩ | | ૪ | | | | ૮ | | ૬ |
| | ૮ | ૫ | | | | ૭ | ૧ | |
| | ૨ | | | ૮ | | | ૩ | |
| ૫ | | | ૯ | | ૬ | | | ૭ |
| ૪ | | | | ૭ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૮ | ૩ | ૧ | ૯ | ૭ | ૬ | ૪ |
| ૩ | ૭ | ૬ | ૪ | ૫ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૩ | ૫ | ૨ |
| ૪ | ૫ | ૯ | ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૭ |
| ૨ | ૩ | ૧ | ૯ | ૮ | ૭ | ૫ | ૪ | ૬ |
| ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૪ | ૯ | ૧ | ૩ |
| ૯ | ૧ | ૨ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૫ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૬ | ૩ | ૨ | ૯ | ૫ | ૪ | ૭ | ૧ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં રસોઈમાં વપરાતી વસ્તુ સંતાઈ બેઠી છે એ શોધી કાઢો. સમાજશાસ્ત્રમાં ઈતિહાસ, ભૂગોળ અને નાગરિક શાસ્ત્રનો સમાવેશ હોય છે.

## નોંધી રાખો

જીવનની મોટાભાગની ભૂલો ઉતાવળે લીધેલા નિર્ણયોને કારણે થતી હોય છે. માટે વિચારો, વિશ્લેષણ કરો અને પછી તેના પર કાર્ય કરો.

## માઈન્ડ ગેમ

અહીં આપેલાં વર્ષોમાંથી કયું વર્ષ લિપ યર નથી એ કહી શકશો? લિપ યરમાં ફેબ્રુઆરીમાં ૨૯ અને વર્ષમાં ૩૬૬ દિવસ હોય છે.

અ) ૧૯૬૦ બ) ૨૦૦૦
ક) ૨૨૦૦ ડ) ૨૪૦૦

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| कांजिण्या | અછબડા |
| कानपटी | લમણું |
| काबीज | તાબે |
| कावीळ | કમળો |
| कामाठी | જમાત |

ગુજરાત મોરી મોરી રે
બહેન

ઓળખાણ પડી?
મંકી જાર પ્લાન્ટ

માઈન્ડ ગેમ
૪૬૨

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ધારિયા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી. સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) મનીષા શેઠ (૪૦) ફાલ્ગુની શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર (૫૦) જયવંત પદમશી ચિખલ

# શ્રેયસ, સિદ્ધાર્થની અણનમ સદી, પણ રહાણેનો ફર્સ્ટ-બૉલ ડક

## રણજી ટ્રોફીમાં ઓડિશા સામે મુંબઈના ૩/૩૮૫: સૌરાષ્ટ્ર અને ગુજરાત સામે હરીફ ટીમના ૨૫૦-પ્લસના સ્કોર

મુંબઈ: અહીં બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સમાં શરદ પવાર ક્રિકેટ ઍકેડેમીના મેદાન પર શરૂ થયેલી ચાર દિવસની નવી રણજી મૅચમાં ઓડિશા સામેનો પ્રથમ દિવસ મુંબઈના નામે હતો. ૨૦ વર્ષની ઉંમરનો ઓપનર અંગક્રિશ રઘુવંશી (૯૨ રન, ૧૨૪ બૉલ, ત્રણ સિક્સર, તેર ફોર) આઠ રન માટે પ્રથમ ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી ચૂકી ગયો હતો, પરંતુ ટીમના બે ભરોસાપાત્ર બૅટર્સે સદી ફટકારી હતી અને રમતના અંતે નૉટઆઉટ હતા. જોકે કૅપ્ટન અજિંક્ય રહાણે (૦) પોતાના પહેલા જ બૉલ પર આઉટ થઈ ગયો હતો.

મુંબઈએ રમતના અંત સુધીમાં (૯૦ ઓવરમાં) પ્રથમ દાવમાં ત્રણ વિકેટે ૩૮૫ રન બનાવ્યા હતા.

શ્રેયસ ઐયર (૧૫૨ નૉટઆઉટ, ૧૬૪ બૉલ, ચાર સિક્સર, અઢાર ફોર) અને સિદ્ધેશ લાડ (૧૧૬ નૉટઆઉટ, ૨૩૪ બૉલ, ૧૪ ફોર) ચોથી વિકેટ માટેની ૨૩૧ રનની અતૂટ



શ્રેયસ ઐયરે ગઈ કાલે ૧૫મી ફર્સ્ટ-ક્લાસ સદી ફટકારી.



પંજાબ-હરિયાણા મૅચમાં ગઈ કાલે ૧૫ વિકેટ પડી. હરિયાણાના ૧૧૪ સામે પંજાબનો સ્કોર ૯૦/૫



કેરળના જલજ સક્સેનાનાં રણજીમાં ૬૦૦૦ રન, ૪૦૦ વિકેટ: પ્રથમ ખેલાડી બન્યો.

ભાગીદારી સાથે રમી રહ્યા હતા.

જોકે મહારાષ્ટ્ર સામેની મૅચનો સદીકર્તા ઓપનર આયુષ મ્હાત્રે માત્ર ૧૮ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. તે લાગલગાટ ત્રીજી ઇનિંગ્સમાં સસ્તામાં વિકેટ ગુમાવી બેઠો છે.

ગોવિંદા પોદાર ઓડિશાનો કૅપ્ટન છે અને તેણે પોતાના સહિત કુલ સાત બોલરને અજમાવ્યા હતા. જોકે એમાં ફક્ત સૂર્યકાન્ત પ્રધાન (૩૬ રનમાં એક) અને બિપ્લાબ સામંત્રે (૩૬ રનમાં બે) વિકેટ લેવામાં સફળ રહ્યા હતા. કૅપ્ટન ગોવિંદા સહિત પાંચ બોલરને વિકેટ નહોતી મળી.

ગ્રૂપ-એના પૉઇન્ટ્સ-ટેબલમાં મુંબઈની ટીમ નવ પૉઇન્ટ સાથે ચોથા નંબરે છે.


બરોડાની ટીમ આ ગ્રૂપમાં ૧૯ પૉઇન્ટ સાથે મોખરે છે અને એણે અગરતલામાં ત્રિપુરા સામે પ્રથમ દાવમાં ચાર વિકેટે ૧૫૭ રન બનાવ્યા હતા. માત્ર ૫૧ ઓવરની રમત થઈ શકી હતી જેમાં અતિત શેઠ (૭૪ નૉટઆઉટ)નું સૌથી મોટું યોગદાન છે. ઓપનર જ્યોત્સ્નીલ સિંહ (૪૬ રન) ચાર રન માટે હાફ સેન્ચુરી ચૂકી ગયો હતો. કૅપ્ટન કૃણાલ પંડ્યા ૨૩ રને રમી રહ્યો હતો. બરોડાની ચારમાંથી ત્રણ વિકેટ પેસ બોલર અભિજીત સરકારે લીધી હતી.

રાંચીમાં સૌરાષ્ટ્ર સામે ઝારખંડે ઓપનર શરણદીપ સિંહના ૭૩ રનની મદદથી સાત વિકેટે ૨૪૭ રન બનાવ્યા હતા. ૨૦ વર્ષના પેસ બોલર હિતેન કણબીએ ૫૦ રનમાં ચાર વિકેટ લીધી હતી, જ્યારે એક વિકેટ કૅપ્ટન જયદેવ ઉનડકટે લીધી હતી. યુવરાજસિંહ ડોડિયા તથા ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પણ એક-એક વિકેટ મેળવી હતી.

અમદાવાદમાં ગુજરાત સામે પૉંડિચેરીએ ૨૫૪ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી, પરંતુ એ પહેલાં બે બૅટરે ગુજરાતના બોલરનો પડકાર ઝીલીને હાફ સેન્ચુરી ફટકારી હતી. ઓપનર અજય રોહેરાએ ૮૦ રન અને આકાશ કર્ગાવેએ ૭૧ રન બનાવ્યા હતા. જય પાન્ડે ૫૩ રને રમી રહ્યો હતો. ગુજરાત વતી સાત બોલરે બોલિંગ કરી હતી, જેમાં જયમીત પટેલે ૩૯ રનમાં બે વિકેટ તેમ જ તેજસ પટેલ અને સિદ્ધાર્થ દેસાઈએ એક-એક વિકેટ લીધી હતી.

પટનામાં બિહાર સામે મધ્ય પ્રદેશે કૅપ્ટન શુભમ શર્મા (૧૩૪ નૉટઆઉટ) અને વેન્કટેશ ઐયર (૧૧૮ નૉટઆઉટ)ની સદીની મદદથી ચાર વિકેટે ૩૮૧ રન બનાવીને પહેલા જ દિવસે વિજય માટે મજબૂત પાયો નાખ્યો હતો. ■

# ઑસ્ટ્રેલિયામાં કલાકો સુધી ક્રીઝ પર ટકી રહેવું હોય તો... મોહમ્મદ કૈફે દિગ્ગજ ક્રિકેટરોને આપી અસરદાર સલાહ



નવી દિલ્હી: રોહિત શર્મા અને વિરાટ કોહલીએ રણજી ટ્રોફીની વર્તમાન સીઝનમાં રમવું જ જોઈએ એવો આગ્રહ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે કર્યો છે.

રણજીનો નવો રાઉન્ડ બુધવારે શરૂ થયો છે.

તાજેતરમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં ભારતીય ટીમ ૦-૩થી હારી ગઈ હતી એટલે ટીમના સ્પિનર્સ સિવાય બધા ખેલાડીઓના ફૉર્મ બદલ તેમની ટીકા થવા લાગી છે.

ભારતીય ટીમ હવે આ મહિનાના અંત ભાગમાં ઑસ્ટ્રેલિયામાં રમાનારી પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ માટે રવાના થશે. મોહમ્મદ કૈફે એક મુલાકાતમાં કહ્યું છે કે જો ટીમ ઇન્ડિયાના સિનિયર ખેલાડીઓએ પાછા ફૉર્મમાં આવવું હોય અને ઑસ્ટ્રેલિયામાં કલાકો સુધી બૅટિંગ કરવાની ક્ષમતા ફરી કેળવવી હોય તો રણજી ટ્રોફીની અમુક મૅચ તેમણે રમવી જ જોઈએ. જો આઉટ-ઑફ-ફૉર્મ બૅટર રણજી મૅચમાં સેન્ચુરી ફટકારશે તો તેઓ પાછા ફૉર્મમાં આવી ગયા કહેવાશે. આવી ઇનિંગ્સથી બૅટરનું મનોબળ વધી જતું હોય છે.

મોહમ્મદ કૈફે રિષભ પંતને ઑસ્ટ્રેલિયાની અગાઉની ટૂરમાં થયેલા અનુભવની યાદ તાજી કરાવતા કહ્યું, ઍડિલેઇડની પ્રથમ ટેસ્ટમાં વૃદ્ધિમાન સાહા રમ્યો હતો. ભારત એ ટેસ્ટમાં ફક્ત ૩૬ રન પર ઑલઆઉટ થઈ ગયું હતું. ત્યાર પછીના મુકાબલામાં પંતને મોકો મળ્યો હતો. ત્યારે ઑસ્ટ્રેલિયામાં એક પ્રૅક્ટિસ-મૅચ રમાઈ હતી. એ લગભગ પિન્ક બૉલની મૅચ હતી. એમાં પંતે ૧૦૦ રન કર્યા હતા અને ત્યાર પછીની ટેસ્ટમાં પંતને તક મળી હતી અને તે અલગ જ ખેલાડી બનીને બહાર આવ્યો હતો. ત્યારે ગૅબામાં પંતે જે કમાલ કરી હતી અને ભારતીય ટીમે એ ટૂરમાં ઐતિહાસિક વિજય મેળવ્યો એ આપણને બધાને બરાબર યાદ છે.

મોહમ્મદ કૈફે ફૉર્મ ગુમાવી ચૂકેલા સ્ટાર ખેલાડીઓ માટે વધુ ટકોર કરતા કહ્યું, જે બૅટરથી આંતરરાષ્ટ્રીય મૅચમાં રન ન બનતા હોય તેણે ડોમેસ્ટિક મૅચ રમવી જ જોઈએ. હું મોટી ગાડીમાં આવું છું, ફ્લાઇટમાં ટ્રાવેલ કરું છું, એવું બધુ ભૂલી જાઓ. રન નહીં બને તો વીઆઇપી ટ્રીટમેન્ટ નહીં મળે. અરે ભાઈ, તમારે ગમે એમ કરીને પાછા ફૉર્મમાં આવવાનું જ છે. એ માટે તમારે સમય કાઢવો પડશે અને એનો ફાયદો મળશે જ. ■

# સરફરાઝ અને પૃથ્વીએ આઈપીએલના ઑકશન માટે માત્ર ₹ ૭૫ લાખની મૂળ કિંમત રાખી

મુંબઈ: આઇપીએલની આગામી સીઝન પહેલાં ખેલાડીઓ માટેનું મેગા ઑક્શન યોજાશે અને એની તારીખ તથા સ્થળ જાહેર થઈ ગયા બાદ હવે ખેલાડીઓની બાબતમાં નિતનવા સમાચારો જાણવા મળશે. મિડલ-ઑર્ડરના બૅટર સરફરાઝ ખાન અને ઓપનર પૃથ્વી શૉએ હરાજીમાં પોતાના નામે બિડ કદાચ નહીં બોલાય એવા ડરથી પોતાની નીચી મૂળ કિંમત નક્કી કરી હોવાનું જાણવા મળ્યું છે.

આગામી ૨૪-૨૫ નવેમ્બરે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં આઇપીએલ માટેનું મેગા ઑક્શન યોજાવાનું છે.

મુંબઈના બે ટૅલન્ટેડ બૅટર સરફરાઝ ખાન અને પૃથ્વી શૉએ પોતાના માટે માત્ર ૭૫-૭૫ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ નક્કી કરી છે. ન આક્રમક બૅટરનું એવું માનવું છે કે જો મોટી મૂળ કિંમત રાખવામાં આવશે તો કદાચ કોઈ ટીમ બિડ નહીં મૂકે એટલે સાધારણ બેઝ પ્રાઇસ રાખવી જ સારી.

શાર્દુલ ઠાકુર અને વૉશિંગ્ટન સુંદરે બે-બે કરોડ રૂપિયાની બેઝ પ્રાઇસ નક્કી કરી છે, જ્યારે સરફરાઝ અને પૃથ્વીએ હરાજીમાં પોતાની શરુઆતને સલામત





રાખવાનો અભિગમ રાખ્યો છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ના ઑક્શનમાં એકેય ટીમે સરફરાઝ ખાનને નહોતો ખરીદ્યો. તે હવે કૅપ્ડ પ્લેયર (ભારત વતી રમી ચૂકેલો ખેલાડી) છે એટલે તે પોતાની બેઝ પ્રાઇસ ૫૦ લાખ રૂપિયાથી નીચે ન રાખી શકે. સરફરાઝ ટી-૨૦ ફૉર્મેટમાં ખાસ કંઈ ઝળક્યો નથી એવું માનીને ઘણા ફ્રૅન્ચાઇઝીઓ તેને ખરીદવાનું ટાળે, પણ હવે તે ભારતીય ટીમનો મેમ્બર હોવાથી તેની પાછળ કમસે કમ ૭૫ લાખ રૂપિયા તો ફાળવી જ શકે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં સરફરાઝે આઇપીએલમાં અસાધારણ ડેબ્યૂ કર્યું હતું. જોકે ત્યાર બાદ તેને આ લીગ ટૂર્નામેન્ટમાં ફક્ત ૩૭ મૅચ રમવા મળી છે. એમાં તેણે ૧૩૦.૫૮ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૫૮૫ રન બનાવ્યા છે જેમાં તેની એક હાફ સેન્ચુરી સામેલ છે.

૨૦૨૨ અને ૨૦૨૩માં પૃથ્વી શૉને દિલ્હી કૅપિટલ્સે ૭.૫ કરોડ રૂપિયા આપ્યા હતા, પરંતુ તેનું ફૉર્મ અને તેનું વર્તન સતત ચર્ચામાં રહ્યા છે. એક વર્ષથી તેની ફિટનેસ પણ ચર્ચાસ્પદ રહી છે. દિલ્હીના ભૂતપૂર્વ હેડ-કોચ રિકી પૉન્ટિંગે એક વખત ત્યાં સુધી કહ્યું હતું કે પૃથ્વીએ એક વાર તેના ખરાબ ફૉર્મ છતાં નેટ પ્રૅક્ટિસમાં બૅટિંગ કરવાની ના પાડી હતી.

એ ભૂતકાળને ધ્યાનમાં રાખીને પૃથ્વીએ પોતાની બેઝ પ્રાઇસ બે કરોડને બદલે ૭૫ લાખ રૂપિયા રાખવાનું પસંદ કર્યું હશે. ■

### કોની કેટલી બેઝ પ્રાઇસ? ખેલાડીઓના નામ પર કરીએ એક નજર...

**બે કરોડ રૂપિયા:** રિષભ પંત, કેએલ રાહુલ, શ્રેયસ, અશ્વિન, ચહલ, શમી, ખલીલ અહમદ, દીપક ચાહર, વેન્કટેશ ઐયર, આવેશ ખાન, ઇશાન કિશન, મુકેશ કુમાર, ભુવનેશ્વર, પ્રસિદ્ધ ક્રિષ્ના, નટરાજન, પડિક્કલ, કૃણાલ પંડ્યા, હર્ષલ પટેલ, અર્શદીપ, વૉશિંગ્ટન સુંદર, શાર્દુલ, સિરાજ, ઉમેશ યાદવ, સ્ટાર્ક, જોફરા આર્ચર, બટલર, મૅક્સવેલ, સ્ટીવ સ્મિથ, જૉની બેરસ્ટૉ, રબાડા, માર્ક વૂડ અને ગસ ઍટકિન્સન.

**૧.૨૫ કરોડ રૂપિયા:** જેમ્સ ઍન્ડરસન

**૭૫ લાખ રૂપિયા:** સરફરાઝ ખાન અને પૃથ્વી શૉ ■

## ક્લાસિફાઈડ


### ૯. લગ્ન સંબંધી

**બોરીવલી**

SMART Educated કન્યા (December 1986) માટે બ્રાહ્મણ/ વૈષ્ણવ સ્માર્ટ યુવક આવકાર્ય. 9869781781. (દહેજ નહીં). (બી-૧૫૦૮૪)

### ૧૦. મહિલાઓ માટે

**"શેરબજારમાં"**

**"જાણકારી માટે સવાલ આપના જવાબ અમારા." "મુકેશ પરીખ" - 9819063299. (૧૫૦૭૦-એ)**

### ૧૨. યાત્રા સહેલગાહ

**કચ્છ રણોત્સવ**

ભુજ, અંજાર, માંડવી, ધોલાવીરા, નારાયણ સરોવર, સફેદ રણ, આશાપુરા, એસી ટ્રેન, સ્મૃતિ વન, ભુજોડી. 7 દિવસ, ઉપડશે 20 નવેમ્બર, 15 જાન્યુઆરી - તન્વી હોલિડેઝ - 9867313091 / 9930213091. (બી-૧૫૦૫૬)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા / વેચવા / ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 / હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૨૪૬)વસઈ - કામણ

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ-બાપાને-સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ-ગાળા-શેડ-યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવલાઈસન્સથી ઓફિસો ડી.જે. રોડ ૧૧૫૦', એસ.વી. રોડ. ૫૦૦', ૪૦૦' સ્ટેશન સામે ૧૦૦૬' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૨૨૪૭)**

### ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે. તુરંત દસ્તાવેજ. 9574859654. (બી-૧૪૯૨૭)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ




(બી-૧૫૦૮૬)


# આઇસીસી રેન્કિગમાં ફરી ઊથલપાથલ: પંતની ઊંચી છલાંગ, યશસ્વીને નાની પછડાટ

દુબઈ: ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતની કારમી હાર બાદ આઇસીસીના ફરી એકવાર ટેસ્ટ-રૅન્કિગ બહાર પડ્યા છે જેમાં વિકેટકીપર-બૅટર રિષભ પંતને ફાયદો થયો છે, જ્યારે ઓપનર યશસ્વી જયસ્વાલને થોડું નુકસાન થયું છે.

પંતે પાંચ નંબરની છલાંગ લગાવી છે અને છઠ્ઠા સ્થાને આવી ગયો છે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી સિરીઝમાં ફ્લૉપ હતા જેને પરિણામે તેઓ ટૉપ-ટેન રન્કિંગથી દૂર ગયા છે અને એમાં તેમની વાપસી હમણાં તો અસંભવ છે.

ઇંગ્લૅન્ડનો જો રૂટ હજી પણ બૅટર્સના લિસ્ટમાં નંબર-વન છે. ૯૦૩ તેના રેટિંગ પૉઇન્ટ છે અને તેને પડકારી શકે એવું હમણાં તો કોઈ જ તેની નજીક નથી.



કેન વિલિયમસન ૮૦૪ પૉઇન્ટ સાથે હજીયે બીજા નંબરે છે. તેની અને રૂટ વચ્ચે બહુ મોટું અંતર છે. હૅરી બ્રૂકને એક ક્રમનો ફાયદો થયો છે અને તે ૭૭૮ પૉઇન્ટ સાથે ત્રીજા નંબરે છે.

યશસ્વી જયસ્વાલ ન્યૂ ઝીલૅન્ડ સામેની છેલ્લી ટેસ્ટમાં ખાસ કંઈ નહોતો કરી શક્યો જેને પરિણામે તે ચોથા નંબર પર ગયો છે. બ્રૂક ફક્ત એક પૉઇન્ટની મદદથી તેનાથી આગળ થઈ ગયો છે. યશસ્વીના નામે ૭૭૭ પૉઇન્ટ છે.

રિષભ પંત પાંચ ક્રમની છલાંગ મારીને ૭૫૦ પૉઇન્ટ સાથે છઠ્ઠા નંબર પર આવી ગયો છે. ■

# સુરતની ખેડૂતપુત્રી થાઈલૅન્ડમાં ઝળકી: એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં જીતી ગોલ્ડ

સુરત: સુરતના ભીમરાડ ગામની એક ખેડૂતપુત્રીએ થાઈલેન્ડમાં ગોલ્ડ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. ૧૩ વર્ષીય તનિષા પટેલે થાઈલેન્ડમાં આયોજિત એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે. અન્ડર ૧૪ કેટેગરીમાં તેણે અલગ અલગ યોગાસન કરી લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ગોલ્ડ મેડલ જીત્યા બાદ ગામ પરત ફરી ત્યારે તેનું ગામમાં ઢોલ નગારા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લામાં ભીમરાડ ગામના રહેવાસી ખેડૂત જયેશભાઈ પટેલની પુત્રી તનિષા પટેલે થાઈલેન્ડની એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભાગ લઈને ચૅમ્પિયનપદ મેળવ્યું છે. તનિષા પટેલે અન્ડર ૧૪ કેટેગરીમાં અલગ



અલગ યોગાસન કરી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેણે પોતાનું શરીર જાણે રબ્બર હોય એવી લવચીક રીતે જુદા જુદા આસનો કર્યા હતા.

તનિષા ગોલ્ડ જીતીને પરત ફરી ત્યારે તેના ગામમાં તેનું શાનદાર સ્વાગત કરવા આખું ગામ એકત્ર થઈ ગયું હતું. ગામના લોકોએ ઢોલ-નગારાની સાથે તનિષાનું સ્વાગત કર્યું હતું. પ્રથમ વખત ગામની દીકરી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈને ગોલ્ડ મેડલ જીતીને લાવી હોવાથી બધા ખૂબ જ ખુશ હતા.

આ વિજેતાપદના પ્રસંગે તનિષા પટેલે જણાવ્યું હતું કે 'મને થાઈલેન્ડમાં આયોજિત ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મળ્યો એનાથી હું બેહદ આનંદિત છું. મને ૫૦થી વધુ આસન આવડે છે.'

તેણે આગામી દિવસોમાં પણ આવી જ રીતે ભારતનું પ્રતિનિધિત્વ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તનિષાની સાથે તેના પિતા જયેશ પટેલ પણ વિદેશ ગયા હતા અને વિદેશ જઈને પોતાની દીકરીને ગોલ્ડ મેડલ મેળવતી જોઈ તેમને ખૂબ આનંદની લાગણી થઈ હતી તેમ જણાવ્યું હતું. ■

# બીસીસીઆઇ સામે ગંભીર પડકાર, રોહિત અને વિરાટથી હવે આગળ વિચારવાનો સમય આવી ગયો છે?

મુંબઈ: ભારતીય ક્રિકેટ ચાહકોની વાનખેડે સ્ટેડિયમ સાથે ખૂબ જ સારી યાદો જોડાયેલી છે. ૨૦૧૧ની બીજી એપ્રિલે આ જ મેદાન પર ભારતીય ટીમે વન-ડેનો વર્લ્ડ કપ જીતી લીધો હતો અને વન-ડેની સૌથી મોટી ટ્રોફીના ૨૮ વર્ષના દુકાળનો અંત આવ્યો હતો. જોકે કોણે વિચાર્યું હશે કે એ ખિતાબ જીત્યા પછી ૧૩ વર્ષ અને સાત મહિના બાદ ટીમ ઇન્ડિયાએ આ જ મેદાન પર ખરાબ સમય જોવો પડશે. એક તરફ કિવી ટીમનો મુખ્ય બૅટર કેન વિલિયમસન ઈજાને કારણે ભારતના પ્રવાસે નહોતો આવ્યો ત્યાં બીજી બાજુ ભારતના બે સ્ટાર-બૅટર વિરાટ કોહલી અને રોહિત શર્મા ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-શ્રેણીમાં સાવ ફ્લૉપ ગયા. હવે બીસીસીઆઇએ આ બે દિગ્ગજને બાજુ પર રાખીને ટીમ માટે આગળનું વિચારવાનો સમય આવી ગયો છે કે શું એની ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે.

ન્યૂ ઝીલૅન્ડની ટીમ ૩૬ વર્ષે પહેલી વાર ભારતમાં ટેસ્ટ-મૅચ જીતી. ત્યાર બાદ પહેલી વખત ભારતમાં ટેસ્ટ-સિરીઝનો વિજય પણ માણ્યો અને છેલ્લે ટીમ ઇન્ડિયાનો ૩-૦થી વાઇટ-વૉશ કર્યો.

બેન્ગલૂરુમાં ૪૬ રનમાં ઑલઆઉટ થવાની સાથે ભારતીય ટીમના પતનની ત્યારે શરૂઆત થઈ અને પુણેમાં પણ શિકસ્ત મળ્યા બાદ મુંબઈમાં ભારતીય ટીમના ખરાબ તબક્કાને વિરામ મળ્યું.

રિષભ પંતને બાદ કરતા બીજા બધા ભારતીય બૅટર્સે સિરીઝમાં ખરાબ પર્ફોર્મ કર્યું. ભારતીયોમાં એકમાત્ર પંતે ત્રણ મૅચની છ ઇનિંગ્સમાં ૨૦૦ રનનો આંકડો પાર કર્યો. નવાઈ એ વાતની છે કે ક્રિકેટજગતના સૌથી મોટા દિગ્ગજોમાં ગણાતા રોહિત અને કોહલી સિરીઝમાં કુલ ૧૦૦ રન સુધી પણ નહોતા પહોંચી શક્યા. એ બન્નેથી વધુ રન રવીન્દ્ર જાડેજાએ બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલ એકલાએ જેટલા રન બનાવ્યા એ રનનો સરવાળો કોહલી-રોહિતના કુલ રન જેટલો હતો. ટીમ ઇન્ડિયાએ જેમના પર સૌથી વધુ આધાર રાખ્યો એ જ બે દિગ્ગજ બૅટર ટીમ પર બોજ બની ગયા હતા.

કિવીઓ સામેની શ્રેણી પહેલાં કોહલી-રોહિતને થોડી ડોમેસ્ટિક મૅચો રમવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ એ સલાહનો કોઈ જ ફાયદો ન થયો. આ બન્ને દિગ્ગજો પહેલી ટેસ્ટમાં પેસ બોલર સામે અને પછીની બે ટેસ્ટમાં સ્પિનર્સ સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા.

કોહલીએ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ઘરઆંગણાની મૅચોમાં ૧૬ મૅચની ૨૭ ઇનિંગ્સમાં ૨૯.૯૨ની સરેરાશે કુલ ૭૭૮ રન બનાવ્યા છે જેમાં ત્રણ હાફ સેન્ચુરી અને એક સેન્ચુરીનો સમાવેશ છે.

રોહિતે ૨૦ મૅચની ૩૫ ઇનિંગ્સમાં ૩૫.૫૮ની સરેરાશે કુલ ૧૨૧૦ રન બનાવ્યા છે જેમાં ત્રણ હાફ સેન્ચુરી તથા ચાર સેન્ચુરી સામેલ છે.

અગાઉનો સમય હતો જ્યારે કોહલીનો હોમ-ટેસ્ટમાં ડંકો વાગતો હતો. તેણે ભારતમાં રમાયેલી અને ભારતે જીતેલી ૩૯ ટેસ્ટની ૬૦ ઇનિંગ્સમાં ૫૯.૬૯ની સરેરાશે કુલ ૩૧૬૪ રન બનાવ્યા હતા જેમાં આઠ હાફ સેન્ચુરી અને ૧૬ સેન્ચુરી સામેલ હતી.

વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં વિરાટે ૨૪ મૅચમાં ૩૮.૮૦ની ઍવરેજે ૧૩૫૮ રન બનાવ્યા છે જેમાં પાંચ હાફ સેન્ચુરી તથા બે સેન્ચુરી સામેલ છે.

ટીમ ઇન્ડિયાએ ભારતમાં જીતેલી ટેસ્ટ મૅચોમાં રોહિતનું યોગદાન આ મુજબનું છે: ૨૬ ટેસ્ટના ૪૦ દાવમાં ૬૨.૫૪ની સરેરાશે ૨૧૮૯ રન, પાંચ હાફ સેન્ચુરી અને ૧૦ સેન્ચુરી.

વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં રોહિતે ૨૩ મૅચના ૩૭ દાવમાં ૫૬.૭૪ની સરેરાશે ૧૯૮૬ રન બનાવ્યા છે જેમાં ત્રણ હાફ સેન્ચુરી અને નવ સેન્ચુરી સામેલ છે.

અહીં સવાલ એ છે કે ન્યૂ ઝીલૅન્ડ સામેની શર્મનાક હારને પગલે હવે રોહિત અને કોહલીને ટેસ્ટ ટીમમાં હજી કેટલો સમય નક્કીપણે સ્થાન મળતું રહેશે? ■

# રિલીફ રેલીઃ અમેરિકન કરંટ વચ્ચે સેન્સેક્સે ૯૦૧ પોઇન્ટના જમ્પ સાથે ૮૦,૩૫૦ની સપાટી વટાવી, નિફ્ટી ૨૪,૫૦૦ની નિકટ પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના વિજય નિશ્ચિત થઇ જતાં સ્તાનિક બજારના સેન્ટિમેન્ટમાં પણ સુધારો જોવા મળ્યો હતો અને સતત બીજા સત્રની આગેકૂચમાં સત્ર દરમિયાન સેન્સેક્સ ૧,૧૦૦ પોઇન્ટ જેવો ઉછળીને અંતે ૯૦૧.૫૦ પોઇન્ટ અથવા તો ૧.૧૩ ટકાના ઉછાળા સાથે ૮૦,૩૭૮.૧૩ પોઇન્ટની સુપાટીએ, જ્યારે નિફ્ટી ૨૭૩.૦૫ પોઇન્ટ અથવા તો ૧.૧૩ ટકાના ઉછાળા સાથે ૨૪,૪૮૬.૩૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. બજારના સાધનો અનુસાર અમેરિકાની પ્રમુખપદ માટેની ચૂંટણીમાં અપેક્ષિત પરિણામને પગલે વૈશ્વિક બજારોએ રીલીફ રેલીનો અનુભવ કર્યો, ટ્રમ્પે મજબૂત જનાદેશ મેળવતાં રાજકીય અનિશ્ચતતામાં ઘટાડો હોવાથી કરવેરામાં કાપની અપેક્ષાઓ અને સરકારી ખર્ચમાં વધારો થવાની આશા વચ્ચે લેવાલીનું સેન્ટિમેન્ટ સર્જાયું હતું.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને ઇન્ફોસિસ પ્રત્યેકના શેર ચાર ટકાથી વધુ ઊછળ્યા હતા. સેન્સેક્સ પેકમાંથી, અન્ય સૌથી વધુ વધનાર શેરમાં એચસીએલ ટેક્નોલોજી, ટેક મહિન્દ્રા, અદાણી પોર્ટ્સ, લાર્સન એન્ડ ટુબ્રો, મારુતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સામેલ હતા. જ્યારે ટાઇટન, ઇન્ડસઇન્ડ બેન્ક, હિન્દુસ્તાન યુનિલિવર, એક્સિસ બેન્ક અને એચડીએફસી બેન્કનો સૌથી વધુ ઘટનારા શેરોમં સમાવેશ હતો.

કોર્પોરેટ પરિણામમાં ટાઇટનના નબળા પરિણામને કારણે તેનો શેર ચાર ટકા ગબડ્યો હતો. નોન ફેરસ મેટલ રિસાઇકલિંગ ક્ષેત્રની રાજપુતાના ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૨૦૨૫ના પ્રથમ અર્ધવાર્ષિક પરિણામમાં ૮૦.૫૫ ટકાના વધારા સાથે રૂ. ૨૫૭.૭૭ કરોડની કુલ આવક અને ૬૨.૭૫ ટકાના વધારા સાથે રૂ. ૪.૦૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

કોપર ટ્યુબ હીટ એક્સચેન્જર સહિતની પોડકટ્સની ઉત્પાદક અને નિકાસકાર કેઆરએન હીટ એક્સચેન્જર એન્ડ રેફ્રીજરેશન લિમિટેડે ૨૦૨૫ના બીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ પરિણામમાં ૨૮.૪૧ ટકાના વધારા સાથે રૂ. ૯૨.૫૩ કરોડની કુલ આવક, ૪૩.૯૮ ટકાના વધારા સાથે રૂ. ૧૨.૩૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મારુતી ડ્રોનટેકે એ સિરિઝ ફંડીંગ અંતર્ગત ૬.૨ મિલિયન ડોલર એકત્ર કર્યા છે.

ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કંપની, એવીપી ઇન્ફ્રાકોન લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કોન્સોલિડેટેડ પ્રથમ અર્ધવાર્ષિક નાણાકીય પરિણામમાં ૬૩.૦૫ ટકાના વધારા સાથે રૂ. ૧૦૯.૨૨ કરોડની કુલ આવક અને ૭૫.૩૭ ટકાના વધારા સાથે રૂ. ૧૨.૭૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા ગ્રોથ ૬૩.૧૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૩.૯૫ કરોડ રહ્યો હતો.

પ્રેશર ડાઈ કાસ્ટિંગ, પ્રિસિશન મશીનિંગ, અને ઇન્ડક્શન હીટિંગ ક્ષેત્રની થાઈ કાસ્ટિંગ લિમિટેડને ઓટોમોટિવના સપ્લાય માટે અંદાજે રૂ. ૧૫૪.૧૪ કરોડના નવા ઓર્ડર હાંસલ થયા છે.

આ ઓર્ડરની સાથે કંપનીની ઓર્ડર બુક રૂ. ૩૮૬.૮૩ કરોડ સુધી પહોંચી છે અને તેનો અમલ આગામી ૬૦થી ૮૦ મહિનામાં થવાનો છે. રેમન્ડ લાઇફસ્ટાઇલનો નફો બીજા ક્વાર્ટરમાં ૭૦ ટકાના ઘટીને રૂ. ૪૨.૧૮ ટકા અને રેવન્યૂ ૫.૩ ટકા ઘટીને રૂ. ૧૭૦૮ કરોડ રહી હતી.

નિકાસલક્ષી એકમ અને નોન વોવેન ફેબ્રિક્સ મેન્યુફેકચરર્સ ફાઈબરવેબ (ઈન્ડિયા) લિમિટેડે ૨૦૨૫ના અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૨૨.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૫.૬૫ કરોડની કુલ આવક, અને ૧૭૮.૮૭ ટકાના વધારા સાથે રૂ. ૩.૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા ૧૦૫.૬૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૨૪ કરોડ રહ્યું છે. ટાઇટનના શેરમાં નબળા પરિણામને કારણે બે ટકા જેવો ઘટાડો હતો.

નોન-ફેરસ ધાતુઓમાંથી બનેલા વિન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત શેરા એનર્જી લિમિટેડે ૨૦૨૫ના અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૫૬.૫૭ ટકાના વધારા સાથે રૂ. ૬૦૧.૮૭ કરોડની કુલ આવક, અને ૫૭.૩૭ ટકાના વધારા સાથે રૂ. ૯.૬૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા ૧૫.૧૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૧૧ કરોડ રહ્યું છે. સ્વીગી લિમિટેડે આઇપીઓ અગાઉ એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. ૫,૦૮૫ કરોડ એકત્ર કરી લીધા છે.

કોર્પોરેટ હલચલમાં ઝેક ઓટો કંપની સ્કોડા ઇન્ડિયાએ ઉત્પાદન ક્ષમતામાં ૩૦ ટકા વધારો કરવાની જાહેરાત કરી છે. એસયુવી સેગમેન્ટમાં સ્કોડા કાયલેકના લોન્ચીંગ પ્રીમિયરમાં સ્કોડા ઓટોના સીઇઓ ક્લાઉસ જેલમરે કહ્યું હતું કે ભારતમાં કંપની ૨૦૨૬થી ૧૦,૦૦૦ કાર વેચવાનો લક્ષ્યાંક ધરાવે છે અને ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો કાર ઉત્પાદક દશ બનવાની સંભાવના ધરાવે છે.

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતની જાહેરાત સાથે જ સ્થાનિક શેરબજારમાં ઉછાળો નોંધાયો હતો અને સેન્સેક્સ ઊંચી સપાટીથી ૧૦૦ પોઇન્ટ નીચે ઉતર્યો તે અગાઉ આઈટી અને ટેક્નોલોજી શેર્સમાં જબરદસ્ત તેજીના પગલે રોકાણકારોની મૂડીમાં સત્ર દરમિયાન આઠ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

ફોરેક્સ માર્કેટમાં ડોલર મજબૂત બનતાં ભારતીય આઈટી કંપનીઓ માટે કમાણીમાં વધારો કરશે, એવી આશા વચ્ચે આ સેગમેન્ટના શેરોમાં લાવલાવ વધી હતી કારણકે, ભારતીય આઈટી કંપનીઓ ડોલરમાં બિઝનેસ કરે છે. ■

# પ્રમુખપદની ચૂંટણીમાં ડૉનલ્ડ ટ્રમ્પની જીત સાથે વૈશ્વિક સોનામાં પીછેહઠ

## સ્થાનિક સોનામાં ₹ ૪૩૦નો અને ચાંદીમાં ₹ ૧૩૬૦નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનલ્ડ ટ્રમ્પની જીત થઈ હોવાના અહેવાલો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં ઉછાળો આવ્યો હોવાથી સોના અને ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૮થી ૪૩૦નો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડીને ઐતિહાસિક નીચી ૮૪.૩૦ આસપાસની સપાટીએ રહ્યો હતો. આમ રૂપિયો નબળો પડતાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વબજારની સરખામણીમાં સોનામાં ભાવઘટાડો મર્યાદિત જોવા મળ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૧૩૬૦નો કડાકો બોલાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૧૩૬૦ના ઘટાડા સાથે રૂ. ૯૨,૯૦૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તથા રિટેલ સ્તરની અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૮ ઘટીને રૂ. ૭૭,૮૨૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૩૦ ઘટીને રૂ. ૭૮,૧૩૬ના મથાળે રહ્યા હતા.

અમેરિકા ખાતે ગઈકાલે પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડૉનલ્ડ ટ્રમ્પે કમલા હેરિસ સામે સરસાઈ મેળવી હોવાના નિર્દેશો સાથે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ચાર મહિનાની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ ડૉલર મજબૂત થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૦૩.૯૩ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૩ ટકા ઘટીને ૨૭૧૩.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૬ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૩૧.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વર્તમાન સપ્તાહમાં બજારની વધઘટનો આધાર ૯૫ ટકા અમેરિકાની ચૂંટણી અને પાંચ ટકા આધાર આજથી શરૂ થઈ રહેલી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના વ્યાજદરના કપાતના નિર્ણય પર હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ માર્કેટ એનાલિસ્ટ ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે સોનું એ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર નીતિનું એક પરિબળ છે અને ટ્રમ્પના વિજય સાથે અમેરિકાની વિદેશ નીતિની અનિશ્ચિતતા ઉપરાંત મોટી વેપાર ખાધને ધ્યાનમાં લેતા લાંબા સમયગાળે સોનામાં સુધારાને ટેકો મળતો રહેશે.

વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વ બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે અર્થાત્ આવતીકાલે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે, પરંતુ રોકાણકારોની નજર બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલ ભવિષ્યમાં નાણાનીતિ અંગે કેવું વલણ અપનાવવામાં આવશે તેના સંકેતો પર મંડાયેલી છે. ■

# ઑક્ટોબરમાં જેએસડબ્લ્યુ સ્ટીલના ઉત્પાદનમાં સાધારણ ઘટાડો

નવી દિલ્હીઃ દેશની અગ્રણી સ્ટીલ ઉત્પાદક કંપની જેએસડબ્લ્યુ સ્ટીલનું ગત ઑક્ટોબર મહિનામાં ઉત્પાદન ઑક્ટોબર, ૨૦૨૩નાં ૨૩.૧૨ લાખ ટન સામે સાધારણ એક ટકાના ઘટાડા સાથે ૨૨.૮૧ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું કંપનીએ એક્સ્ચેન્જને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે.

જોકે, ભારત ખાતેનું ગત ઑક્ટોબર મહિનામાં ઉત્પાદન ઑક્ટોબર, ૨૦૨૩ના ૨૨.૩૬ લાખ ટન સામે બે ટકા ઘટીને ૨૧.૯૯ લાખ ટનના સ્તરે રહ્યું હતું, જ્યારે જેએસડબ્લ્યુ સ્ટીલ યુએસએના ઓહિયો ખાતેના એકમમાં ઉત્પાદન ઑક્ટોબર, ૨૦૨૩ના ૭૬,૦૦૦ ટન સામે વધીને ૮૨,૦૦૦ ટનની સપાટીએ રહ્યું હતું.

વધુમાં કંપનીએ યાદીમાં જણાવ્યું હતું કે ગત ઑક્ટોબર મહિનામાં ભારતમાં કંપનીના દોલવી એકમનાં એક બ્લાસ્ટ ફ્યુરન્સમાં મેઈન્ટેનન્સ માટે બંધ રહેતાં એકમની ઉત્પાદન ક્ષમતા પર માઠી અસર પડી હતી અને એકમની ક્ષમતાનો વપરાશ ૮૯ ટકાના સ્તરે રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે જેએસડબ્લ્યુ સ્ટીલ એ ૨૪ અબજ ડૉલરનું મૂલ્ય ધરાવતા જેએસડબ્લ્યુ જૂથનું એક ડાઈવર્સિફાઈડ એકમ છે. ■

## ગુજરાત

### ગુજરાતની કોર્ટોમાં પડતર કેસોની ભરમાર

# જિલ્લા-તાલુકા અદાલતોમાં ૧૫.૬૨ લાખ પડતર કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની વિવિધ કોર્ટોમાં પડતર કેસોનો ભરાવો મોટી ચિંતાનો વિષય બન્યો છે, ગુજરાત હાઇકોર્ટ સહિત રાજ્યની નીચલી કોર્ટોમાં પડતર કેસોના આંકડા ચોંકાવનારા છે. હાઇકોર્ટમાં કુલ ૧.૭૦ લાખ જેટલા કેસો પડતર છે, જેમાં ૧.૧૫ લાખ જેટલા કેસો દીવાની અને ૫૪ હજારથી વધુ કેસો ફોજદારી પ્રકારના છે. ગુજરાતની તમામ જિલ્લા-તાલુકા કોર્ટો મળીને નીચલી કોર્ટોમાં આશરે કુલ ૧૫.૬૨ લાખથી વધુ કેસો પડતર હોવાનું જાણવા મળ્યું છે.

હાઇ કોર્ટમાં પડતર કુલ ૧.૭૦ લાખમાંથી ૨૧ હજાર કેસો એવા છે કે, જે દસ વર્ષ કરતાં પણ વધુ સમયથી પડતર છે. જ્યારે ૨૦૦થી વધુ કેસો ૨૫ વર્ષ કરતાં પણ જૂના છે. ગુજરાત રાજ્યની નીચલી કોર્ટોમાં પડતર કુલ ૧૫.૬૨ લાખ કેસો પૈકી ૭૭ હજાર જેટલા કેસો દસ વર્ષ કરતાં જૂના છે, જ્યારે જ્યારે ૪,૬૪૧ કેસો તો ૨૫ વર્ષ કરતાં પણ જૂના છે. આ જ પ્રકારે રાજ્યમાં આવેલી તમામ લેબર કોર્ટોમાં મળી કુલ ૪૧, ૩૬૪ કેસો પડતર છે, જે પૈકી ૩,૦૬૮ કેસો દસ વર્ષ કરતાં જૂના અને ૩૩૮ જેટલા કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જૂના છે. તો, રાજ્યની ફેમિલી કોર્ટોમાં કુલ મળી આશરે ૫૪ હજારથી વધુ કેસો પેન્ડિંગ છે.

અમદાવાદની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં સૌથી વધુ એટલે કે, ૪,૨૧,૦૯૧ કેસો પડતર પડી રહ્યા છે. જે પૈકી ૧૬,૩૧૭ કેસો દસ વર્ષ કરતાં વધુ જૂના અને ૪૮૦૦ જેટલા કેસો ૨૦ વર્ષ કરતાં વધુ જૂના પડતર છે. અમદાવાદ જિલ્લા-તાલુકા કોર્ટોમાં કુલ મળી ૮૦,૪૮૫ જેટલા કેસો પેન્ડિંગ છે, જેમાંથી ૮,૨૪૧ કેસો દસ વર્ષ કરતાં વધુ જૂના અને ૧૨૨૫ કેસો ૨૦ વર્ષ કરતાં જૂના છે. શહેરની સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં કુલ ૨૬,૭૮૪ કેસો પડતર બોલે છે.

અમદાવાદ જિલ્લાની તમામ ફેમિલી કોર્ટોમાં ૧૧,૧૩૩ કેસ પડતર છે. જે પૈકી દસ વર્ષ કરતાં વધુ જૂના કેસો ૨૩ છે. ફેમિલી કોર્ટમાં પણ લગ્નજીવનની તકરાર, બાળકની કસ્ટડી, ભરણપોષણ સહિતના કેસોમાં નોંધપાત્ર સંખ્યામાં વધારો નોંધાઇ રહ્યો છે.

ગુજરાતનાં અન્ય શહેરોની કોર્ટોમાં પડતર કેસોના આંકડા પણ દંગ કરી દે તેવા છે, જેમ કે, સુરતની વિવિધ કોર્ટોમાં કુલ ૧.૩૨ લાખ પડતર કેસો છે. જેમાં ૬,૩૩૨ કેસો દસ વર્ષ કરતાં જૂના અને આશરે ૧૨૦૦થી વધુ કેસો ૨૦ વર્ષ કરતાં જૂના છે. સુરતની ફેમિલી કોર્ટોમાં ૫૮૦૦થી વધુ કેસો પેન્ડિંગ છે. આ જ પ્રકારે રાજકોટની વિવિધ કોર્ટોમાં કુલ ૯૬,૪૧૨ કેસો પડતર નોંધાયા છે, જેમાં ૩૬૦૦ જેટલા કેસો દસ વર્ષ કરતાં વધુ સમય જૂના અને આશરે ૭૬૦ થી વધુ કેસો ૨૦ વર્ષથી વધુ જૂના છે. જ્યારે ફેમિલી કોર્ટમાં લગભગ ચાર હજાર જેટલા કેસો પેન્ડિંગ છે. તો વડોદરા જિલ્લાની કોર્ટોમાં કુલ મળી ૮૭,૯૬૨ જેટલા કેસો પડતર બોલી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પડતર કેસોના નિકાલ અને કેસોનું ભારણ ઘટાડટવા સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટ પણ ચિંતિત છે અને અવારનવાર આ મામલે દિશાનિર્દેશ આપે છે, પરંતુ સામે કેસોનો ભરાવો પણ એટલી જ સંખ્યામાં વધી રહ્યો છે. ■

# આણંદના વાસદ નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દુર્ઘટનામાં ત્રણનાં મોત

## મૃતકોના પરિવારજનોને ૨૦ લાખની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનની કામગીરી સમયે મોટી દુર્ઘટના સર્જાઇ હતી. આણંદના વાસદ નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં દુર્ઘટના સર્જાતા ત્રણ શ્રમિકોનાં મોત થયાં હતાં અને એક શ્રમિક ઇજાગ્રસ્ત થયો હતો. બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન પથ્થરો તૂટ્યા હતા જેના કારણે આ દુર્ઘટના બની હતી, પથ્થરો બેસાડવાની કામગીરી દરમિયાન દુર્ઘટના બનતા દોડધામ મચી હતી. હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને મૃતકોને ૨૦ લાખના વળતરની જાહેરાત કરી હતી.

દુર્ઘટના અંગે મળતી વિગતો મુજબ, રાજુપુરા પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના સ્ટ્રક્ચરનું કામ ચાલી રહ્યું હતું. આ સમયે સ્ટ્રકચર ધરાશાય થતા ચાર શ્રમિકો દટાયા હતા. જેથી ક્રેઈન અને ખોદકામ મશીનોની મદદથી બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકો, તંત્રના અધિકારીઓ, પોલીસ વિભાગ અને એનડીઆરએફ દ્વારા મદદ પૂરી પાડવામાં આવી હતી. તમામ ૪ મજૂરોને બહાર કાઢવામાં આવ્યા હતા. એક કામદારને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. અને ત્રણને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ચાર કલાક સુધી રેસ્ક્યૂ ઓપરેશનની કામગીરી ચાલી હતી. જે બાદ કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ દુર્ઘટના પાછળ ટેકનિકલ કારણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું અને હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને તપાસના આદેશ આપ્યા હતા. ■

# ગુજરાતના ૨૭૫ બાર એસો.ની ૨૦ ડિસેમ્બરે એકસાથે ચૂંટણીઃ ભાજપ લીગલ સેલમાં બે જૂથો વચ્ચે જૂથબંધીની અટકળો

અમદાવાદઃ ગુજરાત રાજ્યના તમામ ૨૭૫ વકીલમંડળો (બાર એસોસિયેશન)ની ચૂંટણીની મહત્ત્વની જાહેરાત ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા કરવામાં આવી હતી. રાજયના વિવિધ વકીલમંડળોની ચૂંટણીના પગલે બાર કાઉન્સિલ દ્વારા ચૂંટણી કમિટીની રચના પણ કરવામાં આવી છે, જે તે બાર એસોસિયેશન દ્વારા આગામી દિવસોમાં ચૂંટણીને લઇ રિટર્નિંગ ઓફિસરની પણ નિમણૂકની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આગામી તા.૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ એકસાથે રાજયના તમામ ૨૭૫ વકીલમંડળોની ચૂંટણી એક જ દિવસે યોજાશે. ત્યારે રાજકોટમાં વિધાનસભા જેવી મનાતી ચૂંટણીમાં આ વર્ષે પણ ભાજપ લીગલ સેલમાં બે જૂથો વચ્ચે ફરી જૂથબંધીની અટકળો થઈ રહી છે. ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન જે.જે. પટેલ અને ફાયનાન્સ કમિટીના ચેરમેન અનિલ સી.કેલ્લાએ ચૂંટણી કાર્યક્રમ અંગેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત એસોસિએશન્સ ૨૦૧૫ મુજબ તમામ એસોસિએશનની ચૂંટણી ડિસેમ્બર માસના ત્રીજા સપ્તાહમાં યોજવાનું ફરજિયાત બનાવાયું છે. જે મુજબ, રાજયના ૨૭૫ વકીલ મંડળોના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઇન્ટ સેક્રેટરી, ખજાનચી, લાઈબ્રેરી સેક્રેટરી, મહિલા પ્રતિનિધિ, કારોબારી સભ્યની તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ યોજાશે. જે અંગે બાર એસોસીશને જાહેર કરી દેવાનું રહેશે. ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્ર ભરી દેવાના રહેશે. તા.૧૨ ડિસેમ્બર સુધીમાં ઉમેદવારીપત્રોની ચકાસણી અને પરત ખેંચી શકાશે એ પછી ચૂંટણી પ્રચાર માટે વકીલ આલમને સમય આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં હાલ ૧.૩૦ લાખથી વધુ ધારાશાસ્ત્રીઓ નોંધાયેલા છે. આ વખતે વધુ ત્રણ નવા બાર એસો. ચૂંટણીમાં ઉમેરાયા છે. ચૂંટણીના ઈતિહાસમાં સૌપ્રથમવાર ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા જિલ્લા બાર એસોસિયેશનમાં ફરજિયાતપણે એક મહિલા પ્રતિનિધિની ચૂંટણી યોજવાનું ફરમાન જારી કરાયું છે, તેથી તમામ બાર એસોસિયેશનોને હવે મહિલા પ્રતિનિધિની ચૂંટણી ફરજિયાતપણે કરવાની રહેશે. બાર એસોસિયેશન ઓફ ગુજરાત-૨૦૧૫ના નિયમો મુજબ, વન બાર, વન વોટ નિયમો મુજબ કોઇપણ વકીલ મતદાર કોઇપણ એક જ એસોસિયેશનમાંથી મત આપી શકશે. એટલે કે, કોઇ વકીલ ભલે એકથી વધુ બાર એસોસિયેશનનો સભ્ય હોય પરંતુ તે કોઇપણ એક બાર એસો.માંથી જ મતદાન કરી શકશે. ■

# સુરતના સચિનમાં જોખમી આતશબાજી કરનારા યુવકો સામે પોલીસ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જાહેરમાં જન્મદિવસની ઉજવણી કરીને રૌફ મારતા લોકો સામે પોલીસે લાલ આંખ કરી હતી. સુરત પોલીસ કમિશનર દ્વારા જાહેરમાં જન્મદિવસની ઉજવણી નહીં કરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. પરંતુ જાહેરનામાનું ઉલ્લંઘન કરી નિયમો તોડતા લોકોના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયાં હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના સચિન વિસ્તારમાં બેફામ બનેલા યુવકોએ જાહેર રસ્તા પર હાથમાં ફટાકડા લઈને આતશબાજી કરી હતી. મોટા અવાજે વાગતા ડી જે સાથે મોટી સંખ્યામાં બાઈકો લઈને યુવકો રસ્તા પર નીકળ્યા હતાં. આ પ્રકારના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સચિન પોલીસે આ યુવકો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

આ યુવકોએ ૧૦થી વધુ કેક કાપીને રસ્તા પર ફટાકડા ફોડી આતશબાજી કરી હતી અને જાહેરમાં જન્મદિવસ ઉજવ્યો હતો. ■

# વાવ વિધાનસભાની પેટાચૂંટણી ભાજપ માટે નાકનો સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટાચૂંટણીના મતદાનની આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપ, કૉંગ્રેસ અને અપક્ષનું પ્રચાર અભિયાન પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. આ ચૂંટણી ભાજપ માટે નાકનો સવાલ બની ગઈ છે. વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપે કૉંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરના વર્ચસ્વને તોડવા માટે રાજ્ય કેબિનેટના ચાર-ચાર મંત્રીઓને મતદાન સુધી વાવ વિસ્તારમાં જ રહેવાનું કહ્યું છે. ભાજપે ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવી, બચુભાઈ ખાબડ, કુંવરજીભાઈ બાવળીયા અને બળવંતસિંહ રાજપૂતને ભાજપને જીતાડવાની જવાબદારી સોંપી છે.

ભાજપ કૉંગ્રેસ અને અપક્ષ એમ ત્રણ વચ્ચે સીધો જંગ હોવાથી ત્રિપાંખિયો જંગ ખેલાશે રાજકીય પક્ષો દ્વારા પોતપોતાના મુદ્દા જનતા સમક્ષ મૂકવામાં આવી રહ્યા છે, ભાજપના સ્વપજી ઠાકોર માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી સહિત અડધો ડઝન પ્રધાનો, પ્રદેશ અને સ્થાનિક નેતાઓ પ્રચાર પ્રસાર કરી રહ્યા છે, આ ઉપરાંત સંગઠનના પદાધિકારીઓને પક્ષે તાલુકા દીઠ જવાબદારી સોંપી છે. જ્યારે કૉંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને વિજયી બનાવવા માટે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ વિધાનસભા કૉંગ્રેસના નેતા અમિત ચાવડા સહિત ચાર ડઝન જેટલા નેતાઓએ મોરચો સંભાળી લીધો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ભાજપ-કૉંગ્રેસ વચ્ચેના સીધા જંગમાં ત્રીજા ઉમેદવાર તરીકે ભાજપના જ માવજીભાઈ ચૌધરીએ ઉમેદવારી કરીને જંગ રસપ્રદ બનાવ્યો છે. ભાજપમાં ટિકિટ ન મળ્યા પછી અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઊતરનાર માવજીભાઈ પટેલ આ યુદ્ધ મહાભારતનું યુદ્ધ છે પાટીલનો પાવર ઉતારવાનો છે એમના મનમાં એમ છે કે અમારી પ્રજા ગુલામ છે વાવ પેટા ચૂંટણી અનેક માટે વર્ચસ્વની જંગ બની ચૂકી છે. આમ ભાજપ કૉંગ્રેસ અપક્ષ ઉમેદવાર સાથે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી કૉંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ માટે વર્ચસ્વની લડાઈ બની ગઈ છે. ■

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**
**એન્જિનિયરિંગ વિભાગ**

**ઈ-ટેન્ડર નોટિસ નબંર DRM-BRC 098 of 2024-25;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે: **અ.નં. (1) ટેન્ડર નં.: DRM BRC 098 of 2024-25. કામનું નામ:** વડોદરા ડિવિઝન :- ગોધરા સ્ટેશન ખાતે લીકેજ પ્રૂફિંગ, ફ્લોરિંગ, વોટરિંગ અને ડ્રેનેજ લાઇન સુધારણા વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓના સંબંધમાં સર્વિસ બિલ્ડિંગની સુધારણા. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 2,01,96,520.85/- **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 2,51,000.00/- **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **28.11.2024** ના રોજ **15.00 કલાક** પહેલાં જમા કરાવવા અને તે એજ દિવસે **15.30 કલાકે** ખોલાશે. **વેબસાઇટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઇ શકાશે: વેબસાઇટ @ www.ireps.gov.in. ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.**

W/623/NIT of 2024-25 dated 05.11.2024 219

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)**
**વિવિધ કામો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. Dy. CE(C)III/ADI/MSH-PNU/04;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે.ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **(1) કામનું નામ તેના સ્થળ સાથે: ટેન્ડર નં. Dy. CE(C)III/ADI/MSH-PNU/04;** પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝન ના મેહસાણા - પાલનપુર સેક્શન વચ્ચેના પૂર્ણ કાર્ય હાલના મુખ્ય / સામાન્ય બ્રિજો (આર્ક બ્રિજો, પાઇપ કલ્વર્ટ, RCC સ્લેબ અને PSC સ્લેબ) (GC લોડિંગ) નું પુનર્વિકાસ/મજબૂતીકરણ સહિત રિલીવિંગ ગર્ડર સંપૂર્ણ ટ્રેક કાર્યો (લેઇંગ અને લિંકિંગ), ટ્રેક નું ટેમ્પીંગ, LWRs નું ડીસ્ટ્રેસિંગ પી.વે સામગ્રીઓનું પરિવહન, બાલાસ્ટની આપૂર્તિ અને સ્ટેકીંગ અને અન્ય સિવિલ એન્જિનિયરિંગ કાર્યો. **(2) કામનો અંદાજીત ખર્ચ:** ₹ 5,40,27,864.00; **(3) જમા કરવાની અર્નેસ્ટમની:** ₹ 4,20,100.00; **(4) પૂર્ણ કરવાનો સમયગાળો:** 11 (અગિયાર) મહિના; **(5) બિડ જમા કરવાની તારીખ અને સમય:** 18/11/2024 ના 11:00 કલાક સુધી; **ટેકનિકલ બિડ ખોલવી: ટેન્ડર ખોલવું:** 18/11/2024 ના 11:30 કલાકે; **(6) ટેન્ડરની સિસ્ટમ:** સિંગલ પેકેટ સિસ્ટમ; **(7)** તમામ ટેન્ડરર્સ દ્વારા એનેક્ષર-V માં આપવામાં આવેલ પ્રમાણપત્ર સબમિટ કરવું આવશ્યક છે. જેના આધારે ટેન્ડરર્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે; **(8) વેબસાઇટ વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઇ શકાશે અને ઓફિસનું સરનામું: વેબસાઇટ: www.ireps.gov.in;** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) III ની ઓફિસ, પશ્ચિમ રેલ્વે, બીજો માળ, નિર્માણ ભવન, સામે. જીસીએસ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ. 72

અમને લાઇક કરો: facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE**

Sealed Tenders are invited from reputed developers for redevelopment of

**"A G NAGAR CHS LTD."**

At A G Nagar CHS Ltd. with the Plot area of 7/12 and conveyance deed with society is 2811 Sq. Mt.

The tender documents are available at Society on payment of Rs. 20,000/- (Non Refundable) by Cash or D. D. in favour of **"A G Nagar Co-Operative Housing Society Ltd." from 8-11-2024 to 14-11-2024, between 11 am to 1 pm. Pre-Bid Meeting will be conducted at society office with prior appointment. The last date of tender submission is 23-11-2024 at Society office between 11 am to 1 pm.**

If till dated 23-11-2024 minimum 3 tenders are not received in above mentioned last date, then availability and submission date will be extended for first 7 days and thereafter again 7 days as per need.

The society reserves the rights to reject any or all of the tenders without assigning any reason whatsoever. Developer must have building redevelopment experience.

**Society Address**
**A G Nagar CHS Ltd.**
**Western Express Highway No - 8, Opp. SBI & Next to Upcoming Metro Station, Mira Village, Mira Road (East), Thane – 401107.**
**9821363235 / 9324055468**
**Email : agnagar@gmail.com**

**REDEVELOPMENT NOTICE**

Sealed Bid Documents are invited from resourceful Developers for Redevelopment

**BANDRA MANDAR PREMISES C. S. LTD.**

F.P. No. 193, T.P.S. Bandra III, Turner Road, Bandra [West], Mumbai - 400 050.

Plot Area as per P.R.Card is **593.60 Sq.m.** and as per Site Survey it is **539.90 Sq.m.** having **06 Flats and 01 Nursing Home** occupying **Total Carpet Area of 6,126.76 Sq.ft.**

Plot as Designation of **EH 1.3 – Municipal Maternity Home**, Society has initiated the process with Urban Development Department to change the Designation

The existing building is a Residential structure with a nursing home, and it is proposed to be redeveloped entirely as a Commercial building with Nursing Home

Bid Documents can be obtained from PMC's office on payment of ₹**10,000/-** in Cheque [Non-Refundable] favoring **'Bandra Mandar Premises Co-operative Society Ltd.'** from **07/11/2024** to **23/11/2024** between 11:00 a.m. to 06:00 p.m. on working days.

The Society reserves the right to reject any or all Bids without assigning any reason for doing so

**GLOBERA ENGINEERING CONSULTANCY PVT. LTD.**

Office No 4, Shiv Krupa Building, G Wing, Old Nagardas Road, Nicolas Wadi Road, Near Govardhan Nath Haveli, Andheri [East], Mumbai - 400069. 98200 77939

# મહારાષ્ટ્રની મહિલાઓને એમવીએ દર મહિને આપશે રૂપિયા... 3000


(જયપ્રકાશ કેળકર)

## ચૂંટણીઢંઢેરામાં આ ઉપરાંત સ્ત્રીઓને મફત એસટી પ્રવાસ તેમ જ બેરોજગાર યુવકોને ૪૦૦૦ રૂપિયા આપવા સહિતની પાંચ ગેરન્ટી

મુંબઈ: મહાવિકાસ આઘાડીની સંયુક્ત સભા બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં બુધવારે યોજાઇ હતી જેમાં ઉદ્ધવ જૂથની શિવસેના, શરદ પવારની એનસીપી અને કૉંગ્રેસના ગઠબંધનનો ચૂંટણીઢંઢેરો જાહેર કરવામાં આવ્યો હતો.

આ સભામાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી, એનસીપી-એસપીના પ્રમુખ શરદ પવાર, શિવસેના-યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સહિતના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણીઢંઢેરામાં મહિલાઓને મફત બસસેવા, લાડકી બહેનોને દર મહિને ૩,૦૦૦ રૂપિયા આપવા સહિતની મોટી જાહેરાતો કરવામાં આવી છે.

આ સિવાય ખેડૂતોને કરજમાફી, જાતિ આધારિત જનગણના કરવાની જાહેરાત પણ મહાવિકાસ આઘાડી દ્વારા કરવામાં આવી છે. અજિત પવારની એનસીપી દ્વારા લાડકી બહેનોને દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે ત્યારે તેનાથી વધુ ૯૦૦ રૂપિયા આપવાની જાહેરાત મહાવિકાસ આઘાડી દ્વારા કરાઇ છે.

કર્ણાટક પ્રમાણે મહારાષ્ટ્રમાં પણ મહિલાઓને મફત બસસેવા આપવાની જાહેરાત ચૂંટણી ઢંઢેરામાં કરાઇ છે.

## ૫ ગેરન્ટી એમવીએની

૧ મહાલક્ષ્મી યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૩૦૦૦ રૂપિયા તેમજ મહિલા તથા છોકરીઓને મફત બસસેવા.

૨ ખેડૂતોને ત્રણ લાખ રૂપિયા સહિતનું કરજમાફ તથા નિયમિત કરજ ચૂકવવા માટે ૫૦,૦૦૦ રૂપિયાનું પ્રોત્સાહન.

૩ જાતિ આધારિત વસતી ગણતરી કરાશે. પચાસ ટકા અનામતની મર્યાદા દૂર કરવા પ્રયાસ કરાશે.

૪ પચીસ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો તથા મફત દવાઓ.

૫ બેરોજગાર યુવાનોને દર મહિને ૪૦૦૦ રૂપિયા સુધીની મદદ.

## ૫ વિધાન ઉદ્ધવનાં

૧ દિવાળી પછી ચૂંટણીના ફટાકડા ફૂટી રહ્યા છે અને અમારી પાસે એટમબૉમ્બ છે

૨ ૨૩ તારીખે વિજયના ફટાકડા ફોડવા છે, જેની તૈયારી માટે આજે એકઠા થયા છીએ

૩ ભાજપ શ્વાસ લેવાનો પણ ટેક્સ લગાડશે

૪ વિદ્યાર્થિનીઓની જેમ વિદ્યાર્થીઓને પણ નિઃશુલ્ક શિક્ષણ અપાશે

૫ મહારાષ્ટ્રના દરેક જિલ્લામાં શિવરાયનાં મંદિર બાંધવામાં આવશે

## ૫ વિધાન રાહુલનાં

૧ બીજેપી, આરએસએસ ગુપચુપ સંવિધાનને ખતમ કરવા માગે છે.

૨ ચૂંટણી પંચ, ઈડી, સીબીઆઈ, ઈન્કમ ટેક્સનો ઉપયોગ કરીને સરકાર પાડવામાં આવે છે.

૩ જીએસટી, નોટબંધી એ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીના વેપારીઓના વિરોધનું હત્યાર છે. સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીના વેપારીઓને એક પછી એક ખતમ કરી નાખવામાં આવ્યા છે, જે યુવા વર્ગને રોજગારી ઉપલબ્ધ કરી આપી શકે એમ છે અને તેને જ ખતમ કરવાનું કામ ભાજપે કર્યું છે.

૪ ભાજપ સરકારના કાળમાં મોંઘવારી વધી છે. પેટ્રોલ, ડીઝલની કિંમત વધારે છે.

૫ નોટબંધી, જીએસટીને કારણે નાગરિકોને ફાયદો થયો કે? નાગરિકોને મોંઘવારી, બેકારી જોઈએ છે શું? દેશમાં સૌથી વધુ બેરોજગારી છે. નોટબંધી, જીએસટી એ પોલિસી નહીં પણ તેમનું હથિયાર છે.

## ૫ વિધાન પવારનાં

૧ લોકસભાની ચૂંટણી સમયે નાગરિકોએ એમવીએને તાકાત પૂરી પાડી

૨ ભ્રષ્ટાચારની હદ એટલે સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા આઠ મહિનામાં જ તૂટી પડી

૩ સમુદ્રથી વાતા સૂસવાટા મારતા પવનોને કારણે નહીં, ભ્રષ્ટાચારને કારણે શિવાજી મહારાજની પ્રતિમા તૂટી

૪ મહારાષ્ટ્રમાં મહિલાઓ વિરુદ્ધના ગુના વધ્યા છે

૫ ખેડૂતો સ્વાભિમાનથી જીવી શકે માટે કૃષિ સમૃદ્ધિ યોજના

# અજિત પવારની એનસીપીના ચૂંટણીઢંઢેરામાં લાડકી બહેનોને વચન કે મહાયુતિ જીતશે તો અપાશે રૂપિયા... ૨૧૦૦

મુંબઈ: ચૂંટણીને અનુલક્ષીને રાજ્યમાં પાર્ટીઓ તેમના ચૂંટણીઢંઢેરામાં વહાલસોયી બહેનો માટે ભારે ચર્ચા જાગી છે. એવામાં અજિત પવારે તો સીધી લાડકી બહીણ યોજનાના ફંડમાં વધારો કરવાની જાહેરાત કરી છે. જો અમારી સરકાર આવશે તો યોજનામાં ૧૫૦૦ને બદલે ૨૧૦૦ આપીશું.

ચૂંટણીઢંઢેરાને પ્રકાશિત કરતાં સમયે પક્ષના પ્રદેશાધ્યક્ષ સુનીલ તટકરેએ કહ્યું હતું કે અમે મહાયુતિ સરકાર દરમિયાન કરેલાં કાર્યોને લોકો સુધી પહોંચાડી રહ્યાં છીએ. અમે છેલ્લા ચાર મહિના દરમિયાન અમુક બદલાવોનું આયોજન કર્યું છે, જેમાં લાડકી બહીણ યોજના, આર્થિક

(જુઓ પાનું ૪) ▶▶

## એકનાથ શિંદેએ આપી ૧૦ ગેરન્ટી

કોલ્હાપુર: મહાયુતિનો સંયુક્ત ચૂંટણીઢંઢેરો આવશે કે નહીં એ જ નક્કી નથી ત્યાં કોલ્હાપુરમાં યોજાયેલી મહાયુતિની સંયુક્ત જાહેરસભામાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ૧૦ ગેરન્ટી આપી હતી. તેમણે લાડકી બહેન યોજના હેઠળ સહાય વધારવાથી લઈને ખેડૂતો માટે લોનમાફીના ૧૦ ચૂંટણી વચનો આપ્યાં હતાં. આ સભામાં એકનાથ

(જુઓ પાનું ૪) ▶▶

## રાહુલે દેખાડેલી બંધારણની લાલ કિતાબનો લાલચોળ વિવાદ



મુંબઈ: કૉંગ્રેસી નેતા રાહુલ ગાંધી દ્વારા દેખાડવામાં આવેલી બંધારણની લાલ રંગની કિતાબ મહારાષ્ટ્રમાં વિવાદનો વિષય બની છે ત્યારે ભાજપે સવાલ કર્યો હતો કે આ રંગના બંધારણની કિતાબ દેખાડીને રાહુલ ગાંધી દેશને શું સંદેશ આપવા માગે છે? તેના પર પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસે જણાવ્યું હતું કે હિન્દુ ધર્મમાં લાલ રંગને શુભ માનવામાં આવે છે.

કૉંગ્રેસના રાજ્યના પ્રમુખ નાના પટોલેએ જણાવ્યું હતું કે નાગપુરની રાહુલ ગાંધીની રેલીથી ભાજપ ડરી ગઇ છે. તેથી ફડણવીસે ભયના વાતાવરણ હેઠળ રાહુલ ગાંધી સામે બદનક્ષીભર્યા ખોટા આક્ષેપો કર્યા છે. હિન્દુ ધર્મમાં લાલ રંગને શુભ ગણવામાં આવે છે જ્યારે ભાજપને તેમાં અપવિત્રતા દેખાઇ રહી છે. જે લોકો બંધારણનો વિરોધ કરી રહ્યા છે તેઓને એ નક્કી કરવાનો

(જુઓ પાનું ૪) ▶▶

## રાહુલ ગાંધીનું ‘ભારત જોડો’ નહીં, ‘ભારત તોડો’ અભિયાન: ફડણવીસ

સાંગલી: કૉંગ્રેસી નેતા રાહુલ ગાંધી અરાજકતાવાદી તત્ત્વોને ભેગા કરી રહ્યા છે જે રાજ્ય અને દેશ માટે જોખમી છે, એમ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું.

સાંગલી જિલ્લામાં જટ મતવિસ્તારમાં

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# ‘એક હૈ તો નેક હૈ ઔર સેફ હૈ’: યોગી આદિત્યનાથ

## મહારાષ્ટ્રના વાશિમની ચૂંટણીસભામાં યુપીના મુખ્ય પ્રધાને એમવીએને મહાઅનાડી ગઠબંધન ગણાવ્યું

મુંબઈ: ‘એક હૈ તો નેક હૈ ઔર સેફ હૈ’ (એક છે તો બરાબર છે અને સુરક્ષિત છે), એવા નારા સાથે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વાશિમમાં ચૂંટણી રેલીને સંબોધી હતી અને કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવું ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આ દેશ કોઇને સામે પણ નમશે નહીં અને પીછેહઠ કરશે પણ નહીં. અયોધ્યાથી શરૂઆત થઇ છે, હવે અમે કાશી અને મથુરા તરફ આગળ વધી રહ્યા છીએ.

ઔરંગાબાદનું નામ અફઝલ ખાનના નામ પર રાખવાનું શરમજનક છે જેને છત્રપતિ શિવાજી મહારાજને માર્યો હતો. તે નામ દૂર કરીને છત્રપતિ સંભાજી મહારાજના નામ રાખવું એ ગર્વની વાત છે. આપણી વચ્ચે વિભાજન થાય ત્યારે આપણા પર હુમલો થાય. તેથી અખંડ બનીને રહો તો સુરક્ષિત રહેશો, એમ તેમણે વધુમાં કહ્યું હતું.

વાશિમમાં ચૂંટણી રેલીને સંબોધતા યોગીએ મહાવિકાસ આઘાડીને ‘મહા અનાડી’ તરીકે સંબોધી હતી અને કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં

(જુઓ પાનું ૪) ▶▶

### દેવેન્દ્ર ફડણવીસનો ઉદ્ધવ સામે પડકાર

# હિંમત હોય તો મુંબ્રામાં શિવાજી મહારાજનું મંદિર બાંધી આપો

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેએ રાજ્યના દરેક જિલ્લામાં શિવાજી મહારાજનું મંદિર બનાવવાનું અને સુરતમાં પણ જે રીતે દેશદ્રોહીઓને ભગાવવા માટે શિવાજી મહારાજે અંગ્રેજોની વખારની લૂંટ કરી હોવાનું નિવેદન કર્યું હતું, તેના સંદર્ભમાં દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને ખુલ્લો પડકાર ફેંક્યો હતો.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે આપણા શિવાજી મહારાજ અંગ્રેજોથી નારાજ હતા. હવે તેમને ઔરંગઝેબનું નામ લેવામાં પણ શરમ આવી રહી છે. મતો અંકે કરવા માટે આવી વાતો કરવી તેમને શોભા નથી દેતી. આટલું જ નહીં તેમણે તો બાળાસાહેબ ઠાકરેના નામ બાદ હિન્દુ હૃદયસમ્રાટનું પદ પણ હટાવી દીધું છે. અમુક ઠેકાણે તો તેમને ‘જનાબ’ બાળાસાહેબ તરીકે સંબોધાયા છે. ઉદ્ધવજી, ભારતમાં જે રાષ્ટ્રવાદી મુસ્લિમો પણ છેને તેઓ પણ ઔરંગઝેબને પોતાના નેતા માનતા નથી. પણ તમે ઔરંગઝેબનું નામ લેવામાં શા માટે શરમાવો છો? છત્રપતિ શિવાજી મહારાજે ચઢાઈ કરી અને ઔરંગઝેબને જણાવી દીધું હતું કે મારા સ્વરાજ્યનો ખજાનો મારો છે. ત્યાર બાદ તેમણે સ્વરાજ્યનો ખજાનો એકત્ર કરવાનું કામ કર્યું.

આ ઉપરાંત ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે તેઓ સુરતમાં જઇને શિવાજી મહારાજનું મંદિર બનાવશે, તો ઉદ્ધવ ઠાકરેને એક વાતની જાણ કરી દઇએ કે બાવીસ વર્ષ પહેલાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિવાજી મહારાજની ભવ્ય પ્રતિમા ઊભી કરી છે.

હવે ઉદ્ધવ ઠાકરે કહે છે કે હું રાજ્યના દરેક જિલ્લામાં શિવાજી મહારાજાનું મંદિર બનાવીશ, તો મારી તો તેમને એટલી જ વિનંતી છે કે મુંબ્રામાં જઇને શિવાજી મહારાજનું મંદિર બનાવોને, અમે તેઓને મદદ કરવા માટે તૈયારી છીએ. ■

# મહારાષ્ટ્રનાં તાજ-રાજ કોનાં?

## કયા વિસ્તારમાં કયા બળ ને કયા પરિબળ ચૂંટણીમાં જોર કરશે?

મુંબઈ: મહારાષ્ટ્રની તમામ ૨૮૮ બેઠક પર યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને મતદારોની સાથે રાજકારણીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રના કુલ સાત એવા ઝોન છે, જ્યાં અલગ-અલગ રાજકીય સમીકરણો છે. અમુક પ્રદેશમાં સીએમ એકનાથ શિંદે જૂથની તાકાત વધુ છે, તો અમુક વિસ્તારોમાં ઉદ્ધવ ઠાકરે જૂથ મજબૂત છે. કેટલાક પ્રદેશમાં કોંગ્રેસનો પંજો મજબૂતાઈ ધરાવે છે તો કેટલીક જગ્યાએ અજિત પવારની ઘડિયાળ શરદચંદ્ર પવાર (એસપી)નો ’સમય’ બદલવાનો પ્રયાસ કરી રહી છે. મુંબઈ, કોંકણ, થાણે, વિદર્ભ, પશ્ચિમ મહારાષ્ટ્ર, ઉત્તર મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં અલગ-અલગ સ્થળોએ વિવિધ પક્ષોની પોતાની રાજકીય પકડ ધરાવે છે, પરંતુ આ વખતની ચૂંટણીમાં કઈ પાર્ટી રાજ કરી શકે છે એ તો ૨૩મી નવેમ્બરે નક્કી થશે.

### શું કહે છે મુંબઈનું ગણિત?

મુંબઈ પ્રદેશમાં કુલ ૩૬ વિધાનસભા બેઠક (જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**